આર્નોલ્ડ ટોયન્બી

# અખંડ જગત અને ભારત

નેશનલ બુક ટ્રસ્ટ

નેશનલ બુક ટ્રસ્ટનું પુસ્તક

# અખંડ જગત અને ભારત

(આઝાદ સ્મારક વ્યાખ્યાનમાળા, ૧૯૬૦)

આર્નોલ્ડ ટોયન્બી

અનુવાદક

કુંજવિહારી ચુ. મહેતા

પબ્લિકેશન્સ ડિવીઝન

મિનિસ્ટ્રી ઑફ ઇન્ફર્મેશન ઍન્ડ બ્રૉડકાસ્ટિંગ

ભારત સરકાર

*August 1961 (Sravana 1883)*
ઑગસ્ટ ૧૯૬૧ (શ્રાવણ ૧૮૮૩)

*Published by arrangement with*
*Indian Council for Cultural Relations*

75 n. P.
૭૫ નવા પૈસા

ONE WORLD AND INDIA
*(Gujarati)*

PUBLISHED BY THE DIRECTOR, PUBLICATIONS DIVISION, DELHI-6,
AND PRINTED AT ALBION PRESS, KASHMERI GATE, DELHI-6

## અનુક્રમ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| | પ્રાવેશિક ... ... | ૫ |
| ૧. | જગતના ઐક્યની આવશ્યકતા ... ... | ૯ |
| ૨. | જગતની એકતા તરફની ગતિ ... ... | ૨૭ |
| ૩. | જગતની એકતામાં ભારતનું પ્રદાન ... ... | ૪૫ |

# પ્રાવેશિક

આઝાદ સ્મારક વ્યાખ્યાનોની બીજી વ્યાખ્યાનમાળા આપવા માટે પ્રોફેસર આર્નોલ્ડ ટોયન્બીને નિમંત્રવામાં હું મૌલાના આઝાદનાં, ભારતના જાહેર જીવનને, અનેક પ્રદાનોમાંનાં માત્ર એકનું જ સ્મરણ આ શ્રોતાઓને કરાવવા ઇચ્છું છું. મેં ગયે વર્ષે એમ કહેલું કે એઓ પ્રધાનતયા વિદ્વાન હતા જેઓ સંજોગોવશાત્ રાજકારણમાં ખેંચાયા હતા. સત્ય પ્રત્યેની નિષ્ઠા અને દુન્યવી સફળતા પ્રત્યેની ઉદાસીનતા સાચા વિદ્વાનની બે લાક્ષણિકતાઓ છે. આ જ ગુણોને પોતાને માટે તથા પોતાના સાથીઓને માટે અમલી બનાવવા મૌલાના આઝાદ જીવનભર મથ્યા છે.

નીતિનિષ્ઠા અને પ્રમાણિકતા જેનો આપણે વિદ્યાવિષયક પ્રવૃત્તિઓમાં આગ્રહ રાખીએ છીએ તે માણસના નિયંત્રણ માટે પણ અનિવાર્ય છે એમ મૌલાના આઝાદે માન્યું હતું. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વિચાર અને કાર્યની પ્રમાણિકતા વિશેના એમના આગ્રહમાં એઓ મક્કમ હતા. જો સમાજ ન્યાય અને સુયોગ્ય વર્તાવના સિદ્ધાંત ઉપર નિર્માયો હોય તો જ તે ટકી શકે. જ્યારે માણસો આ સિદ્ધાંતોને સ્વીકારશે ત્યારે આપસમાં શાની અપેક્ષા રાખવી તેની તેમને ખબર પડશે અને તેથી સાર્વત્રિક ભલા માટે તેઓ સર્વસંમત કાર્ય કરવાને શક્તિશાળી બનશે. જ્યારે વ્યક્તિ પોતાને માટે વિશિષ્ટ દાવાઓ કરે છે ત્યારે તે સામાજિક જીવનના તંતુ ઉપર દબાણ મૂકે છે. જ્યારે ઘણી વ્યક્તિઓ આ રીતે વર્તે છે ત્યારે સામાજિક સંગઠનનો પાયો જતો રહે છે. ભારતે ભૂતકાળમાં સહન કર્યું છે કારણ કે વ્યક્તિએ વારંવાર પોતાના લાભમાં મુક્તિ શોધી છે. મૌલાના આઝાદે વારંવાર ચેતવણી આપી છે કે સત્યના કડક માર્ગમાંથી જરા જેટલું ચલિત થવું રાષ્ટ્રના ભાવિ માટે જોખમથી ભરેલું છે.

માટે જ મૌલાના આઝાદ જાહેર અને ખાનગી જીવનમાં ચારિત્ર્યનાં ઊંચાં ધોરણોના કડક હિમાયતી હતા. પરંતુ ભૂલ કરતી વ્યક્તિ તરફની તેમની સહાનુભૂતિ અને દયાની આડે એ ભાવના આવતી નહોતી. માનવપ્રવૃત્તિઓના અભ્યાસી તરીકે એમને ખબર હતી કે આપણે બધા ભૂલને પાત્ર અને સ્ખલનશીલ છીએ અને તેથી માનવનિર્બળતાને તિરસ્કારવામાં આપણે વધારે પડતા

કડક બનવું ન જોઈએ. માટે તેઓ કોઈને કડક શબ્દોમાં ધિક્કારી કાઢતાં અચકાતા. વ્યક્તિ પરત્વેની આ દયા જાહેર જીવનમાં ધોરણોને કડકાઈથી અમલી બનાવવાના એમના આગ્રહની આડે નહોતી આવી. ભૂલ કરતી વ્યક્તિ તરફ એઓ પોતાની સહાનુભૂતિ વિસ્તારતા છતાં એમણે આગ્રહ રાખ્યો હતો કે સ્ખલનના પ્રત્યેક કિસ્સાનો નિર્ણય તેના ગુણદોષ પ્રમાણે થવો જોઈએ અને તેને યોગ્ય ન્યાય મળવો જોઈએ. એમની દયાની અંગત લાગણીને માનવીઓ અને પ્રવૃત્તિઓ વિશેના એમના જાહેર નિર્ણયની વચ્ચે એઓ કદી આવવા દેતા નહિ.

મૌલાના આઝાદના વિદ્યાવ્યાસંગે જ્ઞાનના સમગ્ર વિશ્વને આવરી લીધું હતું. તેઓ એકસાથે ઇતિહાસકાર અને તત્ત્વચિંતક, સાહિત્યકાર અને ધર્મ-શાસ્ત્રવિદ હતા. પોતાના અભ્યાસમાં એમણે સૂક્ષ્મ શાસ્ત્રીય બુદ્ધિ રાખી અને અધિકાર કે પ્રણાલિકાથી અંજાઈ જવાની ના પાડી. જન્મથી જ બુદ્ધિશાળી એવા એમણે પ્રત્યેક વસ્તુને બુદ્ધિની કસોટીએ કસી જોવાનો પ્રયત્ન કર્યો. એમને ખબર હતી કે માનવીય જ્ઞાન પ્રધાનતયા એક જ છે અને આમ, જુદાં જુદાં શાસ્ત્રો સત્યનાં વિવિધ અંગોને અલગ અલગ રીતે સમજવાના માનવ-મનના માત્ર પ્રયત્નોરૂપ જ છે. જ્ઞાનને જાતિ, પ્રદેશ કે સમયને ધોરણે વહેંચી શકાતું નથી એવી એમની માન્યતામાં આ જ ઉદારતા સ્પષ્ટ દેખાય છે. બધા સમયની બધી પ્રજાઓનાં પ્રદાનો દ્વારા જ માનવીય જ્ઞાનની ઉદાત્ત ઇમારત બંધાઈ છે અને બંધાવી ચાલુ રહેશે.

'ફિલસૂફીનો ઇતિહાસ : પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય' જેની પ્રેરણા મુખ્યત્વે એમને આભારી છે તે મૌલાના આઝાદના દૃષ્ટિબિંદુની ઉદારતાનું જ્વલંત ઉદાહરણ છે. બીજું સાંસ્કારિક સંબંધો માટેની ભારતીય કાઉન્સિલની સ્થાપ-નામાં દેખાય છે, જેનું ધ્યેય જગતના બધા દેશો સાથે ભારતના સાંસ્કારિક સંબંધ વિસ્તૃત અને મજબૂત બનાવવાનું છે. એથી કાઉન્સિલ એના સંસ્થાપક પ્રમુખની સ્મૃતિના માનમાં માનવકલ્યાણ અને વિકાસનાં કેટલાંક લક્ષણોને લગતાં વ્યાખ્યાનોની માળા યોજે અને એ આદર્શને સમર્પિત થયેલા કોઈ વિદ્વાનને પ્રત્યેક વર્ષે એ માટે નિમંત્રે તે ઉચિત અને સુયોગ્ય જ છે.

આઝાદ સ્મારક વ્યાખ્યાનમાળાનું મંગલપ્રવચન શ્રી. જવાહરલાલ નેહરુએ આપ્યું એ આપણું સદ્ભાગ્ય હતું, કદાચ, મૌલાના આઝાદના અંતરની નજીક બીજું કોઈ નહોતું. મૌલાના આઝાદનાં ભયો, આશાઓ

અને ઉમેદો પ્રત્યે બીજા કોઈએ એટલી ઊંડી સહાનુભૂતિ દર્શાવી નથી. પંડિત નેહરુએ 'ભારત આજનું અને આવતી કાલનું' વિશેની વાતનો વિષય પસંદ કર્યો અને એમ કરવામાં એમણે એમના મનમાંની આંતરદૃષ્ટિ આપણને આપી અને આપણી સમક્ષ ભારતનું ઉદાત્ત દર્શન રજૂ કર્યું, જેનું મૌલાના-આઝાદે પણ સ્વપ્ન સેવ્યું હતું.

આજે આપણી સમક્ષ આઝાદ સ્મારક વ્યાખ્યાનમાળામાંની બીજી વ્યાખ્યાનમાળા આપવા માટે પશ્ચિમી જગતના પ્રસિદ્ધ વિદ્વાન પ્રોફેસર આર્નોલ્ડ ટોયન્બી ઉપસ્થિત થાય છે. પ્રોફેસર ટોયન્બી એટલા તો સુપ્રસિદ્ધ ઇતિહાસકાર છે કે જગતના કોઈ પણ સ્થળના કોઈ પણ શ્રોતાવર્ગને એમની ઓળખાણ આપવાની ભાગ્યે જ જરૂર પડે. એથી, હું એમની વિદ્વત્તા વિશે નહિ બોલું પણ હું એક જ મુદ્દા ઉપર ભાર મૂકવા ઇચ્છું છું જેમાં, જેમના માનમાં આ વ્યાખ્યાનમાળા સ્થાપવામાં આવી છે તે મૌલાના આઝાદ સાથે અને જેમણે સૌ પ્રથમ આઝાદ સ્મારકવ્યાખ્યાનો આપ્યાં છે તે જવાહરલાલ નેહરુ સાથે એઓ સહભાગી છે. કોઈ, કદાચ, એ બધાને હજી અસ્તિત્વમાં નથી આવ્યું તે જગતરાજ્યના નાગરિકો તરીકે ઓળખાવી શકયું હોય.

પ્રોફેસર ટોયન્બીએ જગતભરની સંસ્કૃતિઓનાં ઊગમ અને પડતીના વિષયને પોતાના અભ્યાસક્ષેત્રનો વિશિષ્ટ વિષય બનાવ્યો છે. એ દ્વારા એઓ પોતે શીખ્યા છે અને બીજાઓને પણ શીખવ્યું છે કે ઇતિહાસના ઉદયકાળથી માનવીની સામે ખડા થતા સંજોગોના અમર્યાદ વૈવિધ્ય છતાં માનવભાવનાની મૂળભૂત એકતા છે. માનવીનો ઇતિહાસ એ ખરેખર ભૌતિક વિશ્વ ઉપર માનવ-ચિત્તના વધતા જતા આધિપત્યની વાર્તા છે એવી આપણી સ્વયંસ્ફુરણજન્ય માન્યતાને પ્રોફેસર ટોયન્બીનો અભ્યાસ સમર્થન અર્પે છે. માનવીમાં દિવ્યતાનો એક તણખો છે જેણે એને મોટામાં મોટા પ્રતિબંધક પડકારોનો મુકાબલો કરવાને અને તેમને હલ કરવાને શકિતશાળી બનાવ્યો છે. વ્યકિતઓ પડી ગઈ છે અને રાષ્ટ્રો પણ માર્ગની બાજુએ પડયા છે. પરંતુ માનવીએ આગેકૂચ કરી છે અને એ એવી કક્ષાએ પહોંચ્યો છે જયારે એ એના ભાવિની કદાચ નિર્ણાયક લડાઈ લડવાને મુકાયો છે.

પ્રોફેસર ટોયન્બીના જ્ઞાનનાં ઊંડાણે અને વ્યાપે એના વાંચકોને ચકિત ને આનંદિત કર્યા છે. સારા જીવન માટેના માનવીના પ્રયાસ માટેની એમની ઊંડી સહાનુભૂતિનું માનવીય મૂલ્ય તો વળી ઘણું મોટું છે. માનવીની

સંસ્કૃતિ પ્રત્યેની આગેકૂચ અવરોધોનો નાશ અને સહાનુભૂતિઓને વ્યાપક બનાવવાનાં લક્ષણોથી અંકિત થઈ છે. આજે માનવી એવી કક્ષાએ પહોંચ્યો છે જ્યાં માનવ એકતાની આડે આવતા ભૌતિક અવરોધો લગભગ દૂર કરાયા છે અને હવે એણે માત્ર એક કલ્પનામય ફાળ ભરવાની રહે છે જે છેવટનો માનસિક અવરોધ દૂર કરે. પ્રોફેસર ટોયન્બીની માનવી ને જગતના કલ્પનામય અને બૌદ્ધિક ઐક્યની આવશ્યકતાની વિનંતીની નિષ્ઠામાં લગભગ પયગમ્બરી સંદેશ છે.

આપણને આનંદ થાય છે કે પ્રોફેસર ટોયન્બીએ જગતની એકતામાં ભારતનું પ્રદાનનો વિષય પસંદ કર્યો છે. અમુક રીતે ભારત બધી જાતિઓ અને બધા પ્રદેશોના વિચારપ્રવાહોનું મિલનસ્થાન છે. બ્રિટિશ સામ્રાજ્ય સાથેનો ભારતનો લાંબો સંબંધ એ રાજકીય અને આર્થિક કમનસીબી હતી પણ એણે પૂર્વ અને પશ્ચિમની વિચારસરણીઓનું અરસપરસનું એવું મિશ્રણ કર્યું છે કે જેનો જોટો જગતમાં બીજે કશે નથી. સામાન્ય રીતે કોઈ શિક્ષિત પશ્ચિમવાસી ગ્રીક અને હિબ્રૂ પ્રણાલિકાઓ પ્રત્યેના એના ઋણથી સભાન હોય છે. થોડાકને મધ્યયુગ દરમ્યાનમાંના આરબવિચારના પ્રદાનનો કંઈક ખ્યાલ હોય છે, પણ યુરોપના ભારત અને પૂર્વના જગતના ઋણ વિશેની જાણ અપૂરતી છે. બીજા પૂર્વના દેશોમાંના ઘણા માણસોનાં બૌદ્ધિક વલણો પણ ઉપકારના ભાનની એવી જ મર્યાદા દર્શાવે છે. એથી ઊલટું, ભારતમાંનો સાધારણ શિક્ષિત માણસ આજે પોતાના જીવન ઉપરની પશ્ચિમની રાજકીય અને વૈજ્ઞાનિક વિચારસરણિથી તરત જ સંપ્રજ્ઞાત બને છે. જગતના બીજા દેશો કરતાં ભારતના વિદ્વાનોમાં પશ્ચિમનાં મૂલ્યોની જાણ વધારે વ્યાપક છે. ભારત એના ધર્મો, સંસ્કારિતાઓ, ભાષાઓ અને લોકોના વિશાળ વૈવિધ્યમાંથી કોઈ પ્રકારનો સમન્વય રચવામાં પણ સફળ થયું છે. આ ક્ષેત્રમાંની એની સફળતા એ મહત્ત્વની સફળતા છે, જે, માનવસમાજ જગતના ધર્મો, સંસ્કૃતિઓ, ભાષાઓ અને લોકોના હજી વધારે વિશાળ વૈવિધ્યનો સમન્વય સિદ્ધ કરવામાં સહાય કરશે.

આવતી કાલના જગતના નાગરિક એવા પ્રોફેસર ટોયન્બીને આજના જગતના નાગરિકો સમક્ષ આઝાદ સ્મારક વ્યાખ્યાનમાળામાં બીજી વ્યાખ્યાન-માળા આપવા નિમંત્રતાં મને ઘણો આનંદ થાય છે.

ફેબ્રુઆરી, ૧૯૬૦ હુમાયું કબીર

# ૧. જગતના ઐક્યની આવશ્યકતા

'આઝાદ સ્મૃતિવ્યાખ્યાનમાળા'ના બીજા વ્યાખ્યાતા તરીકે મને બોલાવીને તમે મારું બહુમાન કર્યું છે. શ્રી. જવાહરલાલ નેહરુના અનુગામી વ્યાખ્યાતા બનવાના માન કરતાં બીજું કયું માન વધારે મોટું હોઈ શકે? વડા પ્રધાનના મંગલ પ્રવચને નિર્મેલાં ધોરણોને જાળવવાના કાર્ય કરતાં બીજું કયું બૌદ્ધિક કાર્ય વધારે મુશ્કેલ હોઈ શકે એમ પણ હું પૂછું છું. મારું બહુમાન કરવા ઉપરાંત તમે મને ઘણો આનંદિત પણ કર્યો છે કારણ ૧૯૫૬માં દિલ્હીમાં શ્રી. મૌલાના આઝાદને મળવાની મને સુખદ તક સાંપડી હતી, અને એમના વ્યક્તિત્વની ચિરંજીવ છાપ હું મારી સાથે લઈ ગયો હતો. કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જે ટૂંકી મુલાકાતમાં પણ અસર પાડી જાય છે. અને મૌલાના આઝાદનું વ્યક્તિત્વ ખરેખર આવું હતું. પણ હું જ્યારે શ્રી. હુમાયું કબીરનો નિમંત્રણપત્ર વાંચતો હતો ત્યારે મનમાં મોટો આનંદ હોવા છતાં સૌથી પ્રબળ લાગણી તે વિશેની નહોતી, તેમ જ કોઈ અસામાન્ય માન મને અપાઈ રહ્યું છે તેના ભાન વિશેની પણ નહોતી. તમે એક અંગ્રેજને નિમંત્ર્યો છે એ જ વસ્તુ મને પ્રભાવિત કરી ગઈ.

પોતાના દેશની સરકાર જે કંઈ કરે છે તે માટે પ્રત્યેક વ્યક્તિ થોડી-ઘણી જવાબદારી ધરાવે છે. માણસ પોતાના દેશની સરકારનાં કૃત્યોનો વિરોધ કરતો હોવા છતાં તેનાં કૃત્યો માટે એ કેટલેક અંશે જવાબદાર ઠરે છે. તમે નિમંત્રણ પાઠવીને બોલાવેલા શ્રી. મૌલાના આઝાદ સ્મૃતિવ્યાખ્યાનમાળાના બીજા વ્યાખ્યાતા તરીકે હું, એક અંગ્રેજ, ભારતીય શ્રોતાઓ સમક્ષ અહીં બોલી રહ્યો છું. હું એ દેશનો નાગરિક છું કે જેના ભારતમાંના જાહેર સત્તા-વાળાઓએ, જેમની સ્મૃતિમાં તમે આ વ્યાખ્યાનમાળા સ્થાપી છે, તે તમારા દેશબંધુને જેલભેગા કર્યા હતા. જેમણે ગયે વર્ષે મંગલ પ્રવચન કર્યું તે તમારા દેશબંધુની પણ એમણે એવી જ સ્થિતિ કરી હતી. એથી શ્રી. હુમાયું કબીરનો પત્ર વાંચતાં મને પ્રથમ વિચાર આ પ્રમાણે આવ્યો, 'આવું ભારતમાં જ બનવું શક્ય છે.' તે બન્યું અને મારી બાબતમાં તે બન્યું એ વસ્તુ મને ઊંડે સુધી સ્પર્શી ગઈ છે. ભારત અને ભારતીય પ્રજાજનો વિશે હું જે કંઈ જાણું છું

તે ઉપરથી હું એમ માનવા પ્રેરાઉં છું કે તમે મને આપેલું નિમંત્રણ એ લાક્ષણિક રીતે ભારતીય કાર્ય છે. એ કાર્યમાંથી જ મને મારો વિષય પસંદ કરવાની કડી મળી ગઈ. શ્રી. હુમાયું કબીરે પોતાના પત્રમાં વિષયની પસંદગી કરવાનું ઉદારતાથી મારા ઉપર જ છોડયું હતું. વિષય સૂચવવાનો મેં ઝડપથી નિર્ણય કરી લીધો અને તે વિષય તમે સ્વીકાર્યો પણ ખરો. આવતા ત્રણ દિવસો દરમ્યાન એ જ મારો ચર્ચાનો મુદ્દો બનવાનો છે. હું માનું છું કે જે ભાવનાએ મને નિમંત્રણ આપવા તમને પ્રેર્યા, તે ભાવના આજે જગતભરનાં ભાવનાવાળાં સ્ત્રીપુરુષો જે કાર્ય કરવા તત્પર થયાં છે તેને ભારતનું વિશિષ્ટ અર્પણ છે.

તમને તરત જ જણાશે કે હું માનવઇતિહાસમાં આજે પહેલી જ વાર એક કુટુંબ તરીકે રહેવાની સમગ્ર માનવજાતમાં ચાલી રહેલી હિલચાલ વિશે બોલું છું. આ મહાન કાર્ય જેટલું મહત્ત્વાકાંક્ષી છે તેટલું જ આવશ્યક પણ છે. એને પાર પાડવા માટે જુદાં જુદાં સ્થળોએથી કરેલાં જુદા જુદા પ્રકારનાં અર્પણોની જરૂર પડશે. ઉદાહરણરૂપે આપણને જણાશે કે આ કાર્યમાં પશ્ચિમનું શું અર્પણ હોઈ શકશે. પશ્ચિમના દેશોએ ભાવિ જાગતિક માનવ-સમાજને યંત્રવિદ્યાનું માળખું પૂરું પાડયું હશે જેના વિના આટલા અભૂત-પૂર્વ વિશાળ ફલક ઉપર એવા વિશ્વ માનવસમાજને સ્થાપવાનું અને પોષવાનું અશક્ય બને. પશ્ચિમની યંત્રવિદ્યાની આ બક્ષિસ પશ્ચિમની વૈજ્ઞાનિક પદ્ધતિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુના ફળરૂપ છે. અને એ વળી ત્રણસો વર્ષ પૂર્વે પશ્ચિમના દેશોમાં સ્વીકારાવા માંડેલા ઉદારમતવાદના ફળરૂપ છે. હું જોઈ શકું છું તે પ્રમાણે ભારતનું અર્પણ એના હૃદયની ઉદાત્તતા અને મનની વિશાળતા વિશેનું હશે. પશ્ચિમના આ ખાસ અર્પણને કારણે જગતની એકતાના આરંભાયેલા નવા યુગમાં મુકાયેલી માનવજાતને માટે ભારતનું આ અર્પણ અમૂલ્ય બક્ષિસસમું બનશે. પશ્ચિમની યંત્રવિદ્યાશકિતએ કવિત્વમય ભાષામાં કહીએ તો, 'અંતરને ઘટાડી નાંખ્યું છે.' અને સાથે સાથે માનવઇતિહાસમાં પહેલી જ વાર માનવજાતનો સદંતર ઉચ્છેદ કરી શકે એવાં શાસ્ત્રોથી માનવ-હાથને સજ્જ પણ કર્યા છે. આવાં નવાં ભીષણ શસ્ત્રો હાથમાં લઈને માનવજાતના હજી વિખૂટા રહેલા ટુકડા જેવા આપણે એકબીજાની સામસામે આવ્યા છીએ. આપણી વચ્ચે માનવતાનું સામાન્ય તત્ત્વ હોવા છતાં એક-બીજાથી આપણે વધતેઓછે અંશે અપરિચિત રહ્યા છીએ તેવે સમયે આપણે

આવી દશામાં મુકાયા છીએ. જે યુગમાં આપણા પૂર્વજોએ આ ગ્રહ ઉપરના જીવાણુઓ સિવાયનાં માનવેતર પ્રાણીઓ ઉપર પ્રભુત્વ મેળવ્યું તે પથ્થરયુગથી આજ સુધીના ઇતિહાસમાં માનવજાત વિનાશના આવા ભયંકર જોખમમાં કોઈ કાળે નહોતી મુકાઈ. સિંહ, વાઘ, જીવાણુઓ કે સૂક્ષ્માણુઓ સહિતનાં કોઈ પણ જીવંત માનવેતર પ્રાણીઓ આજે માનવીને માટે એટલાં જોખમ-કારક નથી જેટલો માનવી માનવીને માટે છે, અને તે પણ એ કાળે કે જ્યારે માનવીએ જીવાણુઓ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. માનવીએ જીવાણુઓ ઉપર તો કાબૂ મેળવ્યો છે, છતાં હજી સુધી એ પોતાના ઉપર કાબૂ મેળવી શકયો નથી. આજે એ એવાં શાસ્ત્રોથી સજ્જ થયો છે કે જેની સમક્ષ જીવાણુઓ અને વાઘો પણ બિનજોખમી લાગે. આવી ભયંકર પરિસ્થિતિમાં સમાધાનની વૃત્તિ અત્યંત આવશ્યક બને છે. અને હું માનું છું કે ભવિષ્યની પેઢી આને જ, ભારતે એક બનેલી માનવજાતને અર્પેલી ભૂતકાળની લાક્ષણિક બક્ષિસ તરીકે સ્વીકારશે.

મેં અછડતી રીતે પશ્ચિમ અને તેની શકય બક્ષિસનો ઉલ્લેખ કર્યો. મારા મુખ્ય વિષયની ચર્ચા કરું તે પહેલાં સ્પષ્ટીકરણ માટે વચમાં પશ્ચિમ વિશે થોડુંક વધુ કહું. મેં પશ્ચિમના ઉદારમતવાદ વિશે કહ્યું. મારે એમ પણ કહેવું જોઈએ કે આ એવી બક્ષિસ છે કે જે માટે પશ્ચિમ ગૌરવ અનુભવી શકે અને એને પક્ષે ઘણાં સારાં કાર્યો જમા પણ પડયાં છે, ઉદાહરણ તરીકે એ ઉદારમતવાદે મારા દેશબાંધવોને અંતે ભારત ઉપરનું તેમનું રાજય છોડવા અને ભારતની રાજ્યસત્તા ભારતના લોકોએ પસંદ કરેલા નેતાઓના હાથમાં મૂકવા પ્રેર્યા, જે નેતાઓને તેમના અંગ્રેજ પુરોગામીઓએ કેદમાં પૂર્યા હતા. આપણા બન્ને દેશો વચ્ચેના સંબંધના દુઃખદ પ્રકરણનો આ સુખદ અંત પશ્ચિમના ઉદારમતવાદ અને મહાત્મા ગાંધીએ કસોટીરૂપ યુગમાં ઉત્તમરૂપે વ્યકત કરી હતી તે ધિક્કારમાંથી મુકત રહેવાની ભાવનાના એકબીજા ઉપરના આઘાતપ્રત્યાઘાતને લીધે આવ્યો હતો એમ હું સ્વીકારતો હોવા છતાં પશ્ચિમના આ ઉદારમતવાદના કાર્યનું હું ગૌરવ અનુભવું છું. અમારે પક્ષે આ ઉદારમત-વાદે ભારતને પક્ષે રહેલી ગાંધીવાદી ભાવના સાથે મળી સુસંવાદી સૂર કાઢયો. સ્વરાજ્યપ્રાપ્તિ પછીના સમયમાં તમે લીધેલા સૌથી મહત્ત્વના રાજકીય નિર્ણય દ્વારા તમે પશ્ચિમના આ ઉદારમતવાદની કદર કરી છે. પશ્ચિમની લોક-શાહી સંસદીય, બંધારણીય, રાજ્યપદ્ધતિ સ્વીકારવાનું તમે પસંદ કર્યું છે.

પશ્ચિમના ઉદારમતવાદની આ વિશિષ્ટ રાજકીય અભિવ્યક્તિ છે એ વાત ચોક્કસ છતાં ઉદારમતવાદ એ એકમાત્ર પશ્ચિમની પોતાની જ ફિલસૂફી કદી હતી નહિ એ હકીકતનો સામનો પણ પશ્ચિમવાસીઓએ કરવો પડશે. પશ્ચિમનો ઉદારમતવાદ એ પશ્ચિમમાં ફાટી નીકળેલાં કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ વચ્ચેનાં ધર્મયુદ્ધોના ઘાતકી આંતરવિગ્રહના કાળ દરમ્યાન પ્રગટેલા હિંસાના બળ સામે સત્તરમી સદીમાં નૈતિક પ્રત્યાઘાતરૂપે જનમ્યો હતો. એના જન્મથી આજ સુધીના સમય દરમ્યાન આ ઉદારમતવાદ પડકારાયા વિના રહ્યો નથી. મારી હેડીના પશ્ચિમવાસીઓ પશ્ચિમના બીજા બે ઘોર આંતરવિગ્રહોના કાળમાંથી પસાર થયા છે, જે યુરોપમાં શરૂ થયા હતા અને પાછળથી વિનાશક વિશ્વવિગ્રહરૂપે ફેલાયા હતા. આ બન્ને વિગ્રહો દરમ્યાન પશ્ચિમનો ઉદારમત-વાદ એના વિરોધીઓને હાથે કચડાવાની અણી ઉપર આવ્યો હતો. આમ પશ્ચિમ દ્વિમુખી છે અને એનું આ બેવડું મુખ એના અંતરમાં ચાલતા બે પરસ્પર વિરોધી દૃષ્ટિઓ અને મૂલ્યો વચ્ચેના સંઘર્ષની અભિવ્યક્તિરૂપ છે. પશ્ચિમના ઉદારમતવાદીઓને અસ્વસ્થ કરે એવું આ સત્ય છે. એનો સામનો કરવાનું અમને મુશ્કેલ પડે છે. પણ મને લાગે છે કે પશ્ચિમ સિવાયની બહુમતિ પ્રજાને આ વસ્તુ સ્પષ્ટ દેખાય છે. પશ્ચિમનાં આ એકબીજા સાથે મેળ ન ખાય એવાં મુખોથી યહૂદીઓ ઘણા લાંબા વખતથી પરિચિત હતા અને છેલ્લા કેટલા સમયથી એશિયા અને આફ્રિકાના લોકો પણ એનાથી પરિચિત થયા છે. તમે જોયેલા અને જેમાં હું જીવ્યો છું તે આપણા સમયના પશ્ચિમના ઇતિહાસના પ્રકરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પશ્ચિમનો ઉદારમતવાદ એમને એમ પોતાને સ્વયંસિદ્ધ ઠરાવી શકે તેમ નથી. મહાપ્રયત્ને પ્રાપ્ત કરેલી મુક્તિને જાળવી રાખવાના ધ્યેયના મૂલ્યની માફક અવિરત જાગૃતિ એનું પણ મૂલ્ય છે.

હવે હું મારા મુખ્ય વિષય ઉપર પાછો આવીશ અને અહીં જે પ્રથમ મુદ્દો હું ચર્ચવા ઇચ્છું છું તે આ જગતની એકતાની આવશ્યકતા વિશેનો છે.

આજે આ એકતા માટે તાકીદની આવશ્યકતાનું કારણ જેટલું સન-સનાટીભર્યું છે તેટલું સામાન્ય પણ છે. સૂત્રાત્મકતાથી ટૂંકમાં કહીએ તો, 'એક જગત અથવા ઐક્ય નહિ.' આજના જગતમાં રાજકીય ભાનવાળાં સ્ત્રીપુરુષોને લાગે છે કે જો અણુયુગમાં યુદ્ધોને આપણે ખલાસ નહિ કરીએ તો યુદ્ધો આપણને ખલાસ કરશે. આનાં જેવાં અતિશય સામાન્ય સૂત્રોનું પુનરુચ્ચારણ કરતાં શરમ પણ લાગે છે છતાં જયાં સુધી વિગ્રહ એ એક

સ્વીકારાયેલી સંસ્થા છે ત્યાં સુધી, અને જ્યાં સુધી માનવીઓ એનો આશ્રય લેવા તત્પર છે ત્યાંસુધી, એ સૂત્રને છોડી દેવાનું આપણને પાલવે એમ પણ નથી.

અત્યારની આપણી વિગ્રહ સંબંધી કટોકટી માનવઇતિહાસમાં છેક જ અપરિચિત નથી. ગુલામી જેવાં બીજાં સામાજિક અનિષ્ટો હતાં અને માનવજાતે હજારો વર્ષો સુધી તેને સહન પણ કર્યાં, કારણ કે માનવજીવનને ઘાતક બન્યા સિવાય આ અનિષ્ટો માનવજીવનમાં ઊંડે સુધી રોપાયાં હતાં. માનવસ્વભાવની જડતા ગમે એટલાં ભયંકર છતાં ઘાતક ન હોય એવાં અનિષ્ટો તરફ માનવીને ઉદાસીન બનાવે છે. પુરાણું અનિષ્ટ જન્મ સાથે જ ઉત્પન્ન થયેલું હોઈ માનવપ્રયત્નોથી સુધરી ન શકે એવું છે એમ સૂચવી આપણે આપણા મનને સમજાવી આપણી ઉદાસીનતાનો બચાવ કરવા પ્રયત્ન કરીએ છીએ. પણ આપણે જાણીએ છીએ કે માનવપ્રવૃત્તિઓ કદી અગતિ-શીલ રહેતી નથી. કોઈક ચોક્કસ સંસ્થા જન્મે અને પછી ઉપયોગ અને ટેવથી તેને જીવનના સામાજિક અને સાંસ્કારિક ક્ષેત્રે કાયમના અંગ તરીકે આપણે સ્વીકારી પણ લઈએ, પણ હમેશાં મોડેવહેલે કોઈ ભૂગર્ભ ઊથલ-પાથલ સૂતેલા જ્વાળામુખીને પ્રદીપ્ત કરે જ. આવું જ્યારે બને છે ત્યારે માનવીએ અત્યારસુધી જડતાથી જેને અશક્ય માન્યું છે તે કાર્યને કરવાની મોડી અને તેથી જ સમયની સામે જઈ કરવાની ફરજ પડે છે. ત્યારે આ જન્મજાત મનાયેલા અનિષ્ટને ધરમૂળથી ઉખેડી નાંખવાની ફરજ આપણા પર આવી પડેલી અનુભવીએ છીએ. એ આપણને ખલાસ કરે કે આપણે એને ખલાસ કરીએ એ બે વચ્ચે પસંદ કરવાની સ્થિતિમાં આપણે આવીએ છીએ ત્યારે આપણને ભાન થાય છે કે અસાધ્ય છે એ માનવાને માર્ગે જવાનું આપણને પાલવી શકે એમ નથી. એનું નિવારણ અશક્ય છે એવી આપણી પુરાણી પ્રતીતિથી પાંગળા બન્યા સિવાય આપણે એને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. યુદ્ધની બાબતમાં આજે આપણે આ સ્થિતિમાં મુકાયા છીએ.

આ જાતની પરિસ્થિતિઓમાં મુકાવું એ મનુષ્યની સતત ચાલતી આવેલી મૂર્ખતા છે. એ ઉપરાંત પણ એમાં અવિચારી સાહસિકતા છે જે મનુષ્યના સ્વભાવને છાજે એવી નથી. માનવતાનું એક લક્ષણ સિંહાવલોકનની દૃષ્ટિ ધરાવવી અને તેનું આગમદૃષ્ટિમાં પરિવર્તન કરવું તે છે. યુદ્ધે એનો પહેલો ધાણ ઇસવી સન પૂર્વે સહસ્રાબ્દીમાં વાળ્યો. એ યુગમાં એણે અત્યારે

ઇરાકને નામે ઓળખાતી તે સમયની સુમેરીઅન અને અકકાડીઅન સંસ્કૃતિનો ઉચ્છેદ કર્યો, છતાં આપણે બીજાં ચાર હજાર વર્ષ સુધી યુદ્ધની સંસ્થાને ચાલુ રહેવા દીધી. અને તે દરમ્યાન આપણી વૈજ્ઞાનિક પ્રગતિ તો અણુશસ્ત્રો શોધવાની દિશામાં રહી. આપણને ચાર હજાર વર્ષોથી ચેતવણી આપવામાં આવી અને આપણે એક પછી એક બધી તકો જતી કરી. આપણી અત્યારની પરિસ્થિતિ માટે દોષ કાઢવાનો હોય તો તે આપણો પોતાનો જ.

માનવપ્રવૃત્તિઓના પ્રદેશમાં આપણે આપણા જોખમે આગાહી કરીએ છીએ. એના કરતાં પણ વધારે જોખમકારક વસ્તુ ભવિષ્ય તરફ દુર્લક્ષ કરવામાં રહેલી છે. જીવવા માટે આપણે અટકળો તો કરવી પડે છે. એનું જે કંઈ મૂલ્ય હોય તે, પણ આપણી યુદ્ધની પ્રાચીન સંસ્થા વિશેની મારી અટકળ એ છે કે આપણે યુદ્ધને ખલાસ કરવામાં સફળ થવાના છીએ. ગુલામીને દૂર કરવાના કાર્ય કરતાં આ કાર્ય ભાગ્યે જ વધારે મુશ્કેલ હોઈ શકે. ગુલામી પણ યુદ્ધના જેટલું જ પ્રાચીન અને ઊંડાં મૂળવાળું અનિષ્ટ હતું. અને છતાં ગુલામીને દૂર કરવામાં આપણે થોડા વખત પહેલાં જ સફળ થયા છીએ. ભૂતકાળમાં અનેક વાર માનવજાને પોતાને પોતાથી જ છેક છેલ્લી ઘડીએ બચાવી છે. કોઈ ખીણની ટોચની કોર ઉપર નાચ્યા કરવામાં ગાંડપણ છે. પરંતુ કિનારા ઉપર પહોંચી જવાય તે પહેલાં જ અટકી જવામાં સામાન્ય શાણપણનો વિજય છે.

યુદ્ધને દૂર કરવાને માટે પ્રથમ તો ઓછામાં ઓછા પ્રાથમિક સ્વરૂપના કોઈ જગતશાસનની સ્થાપનાની જોગવાઈ કરવાની રહેશે. આપણે જે પ્રથમ વિશ્વસત્તા સ્થાપવાની રહેશે તે એક એવી મધ્યસ્થ વ્યવસ્થા હશે કે જે વડે અણુશક્તિના ઉત્પાદન અને ઉપયોગનું નિયમન કરી શકાય. ધારો કે આપણે આટલું કરી શકયા તો શું એટલેથી જ આપણે અટકી જશું ? ચોકકસ નહિ. આપણે માનવીઓને કેવળ આપણાં હલેસાં ઉપર આરામ કરવાનું પાલવી શકે નહિ. આપણે એમ ન જ કરી શકીએ કારણ એક કોયડાનો ઉકેલ બીજા ઘણા કોયડાઓ ઊભા કરે એવો સંભવ છે. યુદ્ધને દૂર કરવાની સિદ્ધિ જો આપણે પ્રાપ્ત કરી શકીએ તો તે આપણી સમક્ષ વસ્તીનો પ્રશ્ન લાવીને મૂકશે.

અલબત્ત, આ પણ કંઈ નવો કોયડો નથી. એ કોયડો ગુલામી અને યુદ્ધના કોયડાઓ કરતાં પણ પુરાણો છે. આ બધા સંસ્કૃતિના સમવયસ્ક છે. માનવવ્યવસ્થા સંસ્કૃતિની રચનાની કક્ષાએ પહોંચી ન હોય ત્યાંસુધી ન તો

ગુલામી કે ન તો યુદ્ધ ઉદ્‌ભવી શકયાં હોય. એથી ઊલટું, આપણે કહી શકીએ કે વસ્તીનો પ્રશ્ન માનવજાત જેટલો જૂનો છે, એ તો, ખરેખર, જીવન જેટલો જૂનો છે. એની નવીનતા એ છે કે હમણાં હમણાં એ માનવજાતની પોતાની એક જવાબદારી બની છે અને તેથી આપણા ધ્યાન ઉપર એ પરાણે ચઢતો થયો છે.

હજી થોડા જ વખત પહેલાં માનવજાત માનવી આદર્શ અને વિચાર પ્રમાણે આ ગ્રહ ઉપરની માનવવસ્તીના પ્રમાણનું નિયમન કરવાની કોઈ શકિત ધરાવતી નહોતી. આપણે માનવીઓ આ જગતમાં જન્મેલા આપણામાંના દરેકનું સંપૂર્ણ મૂલ્ય આંકીએ છીએ, આપણી નજરે પુરુષ કે સ્ત્રી એ જીવાત્મા છે. જયાંસુધી જેમનામાં એ આકાર ધારણ કરીને રહેલી છે તે માનવવ્યકિતઓને વ્યકિતગત અર્થમાં સારું જીવન જીવવાની તક મળે ત્યાંસુધી જ માનવજાતના અસ્તિત્વનો અર્થ અને હેતુ હતા. માનવસર્જિત મૂલ્યોના માપમાં પ્રત્યેક વ્યકિત અનંત મૂલ્યોવાળો આત્મા છે, અમુક જાતનો વ્યયી નમૂનો નહિ. પણ કુદરત તો એની અનેક જાતના નમૂનાઓને ઉડાઉપણે વ્યયી ગણે છે. અને હજી તો થોડા વખત પહેલાં જ કુદરતને, પોતાની જે પદ્ધતિથી એ આ ગ્રહ ઉપરનાં સસલાં માછલી અને મગતરાં જેવાં પ્રાણીઓનું નિયમન કરે છે તે જ પદ્ધતિથી માનવવસ્તીનું પણ નિયમન કરતી અસહાયતાથી આપણે જોઈ રહેવું પડયું છે. જયાંસુધી માનવી કુદરતને એની જ પદ્ધતિનો આશ્રય લેવા દે છે ત્યાંસુધી કુદરતની આ જ પદ્ધતિ રહેવાની છે. અને આ એવી પદ્ધતિ છે કે જે માનવતાવિહીન, ખર્ચાળ અને ક્રૂર છે. કુદરત પોતાની એક જાતના નમૂનાઓનો તે પોતાના જીવનની સ્વાભાવિક મર્યાદા પૂરી કરે તે પહેલાં હજારોની સંખ્યામાં નાશ કરે છે. અને વળી એનાથી પણ વધારે મોટી સંખ્યામાં એનું ઉત્પાદન કરી એ જાતનું અસ્તિત્વ જાળવી પણ રાખે છે.

સસલાંની રીતે વધતી માનવજાતને અમુક મર્યાદામાં રાખવા તેની સંખ્યા ઘટાડવા માટે કુદરતના શસ્ત્રાગારમાં ત્રણ ઘાતક શસ્ત્રો છે: દુષ્કાળ, રોગ અને યુદ્ધ. આમાંનું એક, યુદ્ધ, માનવજાતની વિકૃતિએ કુદરતને પૂરું પાડયું છે.

પોતાની જુદી જુદી જાતોને ઘટાડવાનું કુદરતનું બીજું એક સાધન જુદી જુદી જાતનાં પ્રાણીઓને એકબીજાના શિકાર તરીકે વાપરવાનું છે. પથ્થરયુગમાં માનવી વાઘ અને સિંહના શિકારમાંથી બચી જઈ કુદરતના

આ સાધનને ટાળી શકયો. કુદરત કેવળ માનવીની ચતુરતા દ્વારા જ કોઈ સાધન શોધી શકે અને તે એણે શોધ્યું નથી એમ માનતો માનવી કુદરતના હાથમાં રમી રહ્યો. એકબીજા સાથે યુદ્ધ કરવાનું શોધી કાઢીને અને તેને વધારે ક્રૂર પાયા પર ઉપર યોજવાની વ્યવસ્થા કરીને માણસ પોતાનો જ શિકાર કરતાં શીખ્યો. વાઘ અને સિંહ કરતાં પણ માણસ વધારે કુશળ શિકારી પ્રાણી બન્યો. જીવાણુઓ કરતાં પણ એ વધારે કુશળ છે. માનવશકિતને કારણે કુદરતે એક પછી એક એમ ગુમાવેલાં બે શસ્રોના બદલામાં માનવ-સર્જિત યુદ્ધનું શસ્ત્ર કુદરત માટે માણસે અર્પેલું આશ્વાસક ઇનામ બન્યું. પથ્થરયુગમાં આપણને વાઘ અને સિંહનો શિકાર બનાવી આપણો સંહાર કરતાં કુદરતને આપણે અટકાવી. આપણા યુગમાં જીવજંતુઓનો શિકાર બનાવી આપણો સંહાર કરતાં એને અટકાવી. કુદરત ઉપરનો માનવીનો આ બીજો વિજય પહેલા કરતાં પણ વધારે નોંધપાત્ર છે, કારણ કે એ સિદ્ધ કરવાનું વધારે મુશ્કેલ હતું. અને છતાં આપણે કુદરતને માટે એનું કાર્ય વિના-મૂલ્ય કર્યે જઈએ છીએ, અને કદાચ કુદરત એકબે હાથે કરતી હતી તેના કરતાં વધારે અસરકારક રીતે કરીએ છીએ. આપણે હજી માનવસર્જિત યુદ્ધની સંસ્થા જાળવી રહ્યા છીએ.

ધારો કે રોગો દ્વારા થતાં અકાળ મૃત્યુને અટકાવ્યા પછી યુદ્ધો દ્વારા થતાં મૃત્યુને અટકાવવામાં આપણે સફળ થવાના છીએ એવી આગાહી કરવામાં હું સાચો પડું. આપણે જો આવો બેવડો વિજય કુદરત ઉપર પ્રાપ્ત કરીશું તો માનવજાતની બાબતમાં જન્મ અને મૃત્યુના પ્રમાણ વચ્ચે જળવાયેલી સમતુલાને આપણે ઉથલાવી કાઢીશું.

આપણા જીવનકાળ દરમ્યાન જ આપણે બબ્બે વિશ્વયુદ્ધો સર્જ્યાં છે અને બીજા વિશ્વયુદ્ધને પૂરું થયાંને હજી પંદર વર્ષો જ થયાં છે. રોગદ્વારા થતાં અકાળ મૃત્યુનો ભોગ અટકાવવામાં આપણને તાજેતરમાં જ મળેલી સફળતાએ માનવવસ્તીને ધડાકાબંધ અને અતિશય ઝડપી ગતિએ વધારવાનું શરૂ કરી દીધું છે. આપણી પ્રતિકારક દવાઓના ક્ષેત્રમાં આધુનિક વૈજ્ઞાનિક શોધખોળો અને જાહેર આરોગ્યના ક્ષેત્રમાં આ શોધખોળોને કારગત બનાવવાની વ્યવસ્થા એ કુદરતના કાર્ય ઉપર આપણા પોતાના હેતુઓને ઠોકી બેસાડવાના આપણા પ્રયત્નોમાં સાંપડેલા બે મહાન આધુનિક વિજયો છે. કુદરત ઉપર પ્રાપ્ત કરેલા અંશતઃ વિજયને આપણે એકત્રિત કરી સંપૂર્ણ બનાવીએ તે પહેલાં આપણી

વિજયકૂચ થંભાવવાનું આ વિજયો જ અશકય બનાવે છે. આ ગ્રહ ઉપરની માનવવસ્તીના કદનું નિયમન કરવાની કુદરતની પદ્ધતિને બદલે માનવપદ્ધતિઓ કાર્યક્ષમ કરવામાં આપણે સફળ થયા હોવાથી ટાળી ન શકાય એવી ચોકકસ નિર્ણય લેવાની પરિસ્થિતિ આપણી સમક્ષ ઉપસ્થિત થઈ છે. આપણા જન્મના પ્રમાણનું નિયમન કરવાનું શીખીને આપણે કુદરત ઉપર આ ક્ષેત્રમાંના આપણા વિજયને સંપૂર્ણ બનાવી શકવાનો આપણે નિર્ણય કરી શકીએ છીએ. એનો અર્થ એ થયો કે માનવકાર્યને લીધે મૃત્યુનું પ્રમાણ આશ્ચર્યકારક રીતે ઘટી ગયું હોવાથી અત્યારના મૃત્યુના પ્રમાણની સાથે સમતુલા સાચવી શકે એટલા પ્રમાણમાં જન્મપ્રમાણને ચાહીને ઘટાડી આપણે મર્યાદિત કરી શકીએ. એના વિકલ્પમાં આપણે જન્મનું પ્રમાણ નકકી કરવાનું કુદરતના ઉપર છોડી શકીએ છીએ. પણ જો આપણે આ બીજા વિકલ્પની પસંદગી કરીએ તો આપણો કુદરત પરનો આ વિજય અલ્પજીવી બનશે. એ સંજોગોમાં તો આખી માનવજાત અલ્પજીવી બની જાય એવો સંભવ છે.

કુદરતનો માર્ગ જન્મપ્રમાણને ટોચે જાળવવાનો છે કારણ એનો માર્ગ મૃત્યુપ્રમાણને પણ એની ટોચે રાખવાનો છે. આપણે માનવકાર્ય દ્વારા મૃત્યુપ્રમાણને ગજબનું ઘટાડી નાંખ્યું છે. ત્યારે હવે આ ગ્રહ ઉપર માનવવસ્તી ઉભરાશે અને અંતે ફરીથી જન્મ અને મૃત્યુ વચ્ચેના પ્રમાણની સમતુલા લાવવામાં આવશે. આ કે તે સાધન વડે એને સમતોલ બનાવવામાં આવશે એ વાત ચોકકસ. આ ગ્રહ ઉપરની કોઈ પણ જીવંત પ્રાણીઓની જાતે પોતાની સંખ્યા અચોકકસ રીતે વધારી નથી અને કોઈ એમ કરી પણ શકશે નહિ. શરીરરચના ઘડવામાં સહાયભૂત બને એવી આ ગ્રહ ઉપરની સામગ્રીને મર્યાદા છે. જ્યારે અમુક જાતના પ્રતિનિધિઓ પોતાની સંખ્યાનું નિયમન પોતાની મેળે વિચારપૂર્ણ કાર્ય દ્વારા કરતા નથી અથવા કરી શકતા નથી ત્યારે એના ઉત્પાદનનું નિયમન બાહ્ય બળો દ્વારા થાય છે. માનવેતર જાતો પોતાની સંખ્યાનું નિયમન પોતાની મેળે કરી શકતી નથી. તેમની સંખ્યાનું નિયમન કાં તો કુદરત વડે અથવા તો માનવ વડે થાય છે, અને થતું રહેશે. માનવજાતની સંખ્યાનું પણ નિયમન થવાનું જ છે. નિયમનના આ કાર્યને કુદરત ઉપર છોડવાને બદલે આપણી પોતાની મેળે કરી શકીએ એવી અજોડ સ્થિતિમાં આપણે માનવીઓ છીએ.

જે પસંદગી આપણે હજી કરવાની છે તે માનવજાતના ભાવિને સારું

અથવા નરસું બનાવવામાં ભાગ ભજવશે. ધારો કે રોગો દ્વારા થતાં મૃત્યુની સંખ્યાના ઘટાડામાં આપણે આગળ વધીએ. ધારો કે ત્યાર પછી આપણે જન્મપ્રમાણનું નિયમન કરવાના મુશ્કેલ કાર્યને પણ પાર પાડીએ. આ કાર્ય વધારે દુષ્કર છે કારણ એ બે સરકારો વચ્ચેના કરારથી થઈ શકતું નથી. આ કાર્ય તો ત્યારે જ થઈ શકે જયારે હજારો અને લાખો પતિપત્નીઓ હજારોની સંખ્યામાં વ્યક્તિગત રીતે નિર્ણય લે. અને આ માનવીઓ ઉપર તેમનાં બાળકોની સંખ્યાનું નિયમન કરવાના કાર્યને બળજબરીથી લાદી શકાય નહિ. શિક્ષણ અને સમજાવટથી જ તેમને એમ કરતાં કરી શકાય. અને એમ થવાને વખત લાગશે. ધારો કે આપણે વિજ્ઞાનની મદદ લઈને દુનિયાના અન્નપુરવઠામાં અમુક હદ સુધી વધારો કરવા માટે જરૂરી એટલા સમય ઉપર વિજય મેળવવાનું શકય બનાવીએ. અને ધારો કે આ સાધનો વડે આ ગ્રહ ઉપરની માનવવસ્તીનું નિયમન કરવાનું સંપૂર્ણપણે આપણા પોતાના હાથમાં લઈ લેવામાં સફળ બનીએ. આમ જો થઈ શકે તો માનવજીવન કેવું હોઈ શકે તે અંગેનો આદર્શ વ્યવહારમાં અમલી બનાવવાની અનેક શકયતાઓ ઊભી થશે. એમ થાય તો પછી આપણે આ જગતમાં આવતા આપણા પ્રત્યેક માનવજીવને સારું જીવન જીવવાની વધારેમાં વધારે શકય એટલી તકોની ખાત્રી આપવાને શકિતમાન બનીશું—આ સંદર્ભમાં 'સારો' શબ્દ હું આપણા માનવમૂલ્યોના અર્થમાં વાપરું છું. આપણી માનવદૃષ્ટિએ આ ગ્રહ ઉપરની માનવવસ્તીના નિયમનની આ પદ્ધતિ અર્થપૂર્ણ બનશે. કારણ કે આ જગતમાં લાવવામાં આવતા પ્રત્યેક માનવને એના પોતાના માટે જ મહામૂલા માનવ-આત્મા તરીકે ગણવાનું શકય બનશે. આપણે એને મહામૂલી જાતિના મૂલ્યહીન નમૂના તરીકે એની સાથે કામ લેતી કુદરતને પોતાની પદ્ધતિને એના ઉપર અજમાવવા દઈશું નહિ.

હવે આપણે આપણી પાસે રહેલા પસંદગીના બીજા વિકલ્પનો વિચાર કરીએ. હજી ઘણા દેશોમાં છે તેમ આપણા જન્મપ્રમાણને નકકી કરવાનું કુદરતના ઉપર છોડી દઈશું તો અન્નપુરવઠામાં વિજ્ઞાને ગમે એટલી સંપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હશે તો પણ તે નિર્મિત દિવસને ટાળી શકશે નહિ. કદાચ એ દૂર ઠેલી શકશે, પણ તે પણ વધારે દૂર તો નહિ જ ઠેલી શકે. કુદરત પ્રતિઆક્રમણ કરશે અને તે સફળ થશે. હજી પણ કુદરત પાસે માનવી છીનવી ન શકે એવું શસ્ત્ર છે અને એ શસ્ત્ર છે દુષ્કાળનું. આપણે જો જન્મપ્રમાણનું

નિયમન કુદરત ઉપર છોડી દઈશું તો આપણે એવી પરિસ્થિતિએ પહોંચી જઈશું જ્યારે કુદરત આપણા ઉપર દુષ્કાળની આફતને છોડી મૂકશે. દુષ્કાળ પોતાની સાથે મરકી અને યુદ્ધને પણ લાવશે.

માનવીને માટે, એના માનવતાભર્યા આદર્શો અને હેતુઓને માટે આ એક અસહ્ય પરાજય હશે, માનવ હજી પ્રાકણયુગમાં જીવતો હોય તો પણ માનવવસ્તીનું નિયમન કરવાની આપણી માનવતાભરી પદ્ધતિને અડધી અપનાવ્યા પછી આપણે કુદરતની પદ્ધતિએ થતા નિયમનના ઉથલાને સહન કરી શકીશું નહિ. જો એમ થાય તો સસલાં અને માછલીઓની હદ સુધી આપણે નીચે ઊતરી જઈશું. આ માનવેતર પ્રાણીબંધુઓ હજારોની સંખ્યામાં જન્મે છે અને નાશ પામે છે કારણ પોતાની સંખ્યાનું નિયમન કોઈ ઓછી ઉપેક્ષાપૂર્ણ અને ઓછા બગાડવાળી પદ્ધતિથી કરવાનું તેમને આવડતું નથી. પણ આ અણુયુગમાં તો માનવી માટે આટલું ય નિરાશાજનક ભાવિ રહેશે નહિ, કારણ દુકાળ પોતાની સાથે જે યુદ્ધ લાવશે તે તીરકામઠાં અને બંદૂકગોળીનું યુદ્ધ નહિ હોય; એ તો સંપૂર્ણ વિનાશ લાવતું અણુયુદ્ધ હશે. આથી આપણે માનવીય પદ્ધતિએ જન્મપ્રમાણનું નિયમન અને દુષ્કાળપ્રેરિત અણુયુદ્ધે કરેલો વિનાશ એ બે વચ્ચે પસંદગી કરવાની રહે છે.

હું નવી દિલ્હીના શ્રોતાઓ સમક્ષ ભાષણ કરતો હોવાથી કુદરતના કપરા શસ્ત્રાગારમાં દુષ્કાળ એ હજી જીવંત શસ્ત્ર છે એ મુદ્દાને વીગતે સમજાવવાની મારે જરૂર નથી. કોઈ અંગ્રેજના સમકાલીન અનુભવમાં દુષ્કાળનો અનુભવ કેવળ પરોક્ષ છે. એના ઇતિહાસકારો એને કહે છે કે છેલ્લાં છસો વર્ષમાં એના દેશમાં દુષ્કાળ પડયો નથી બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પણ પડયો નથી. યુદ્ધના એ કાળ દરમ્યાન હું પોતે ઇંગ્લૅન્ડમાં જ કામ કરતો હતો અને યુદ્ધકાળમાં મળે તેટલા અન્નપ્રમાણ ઉપર જીવતો હતો છતાં મેં ભૂખની વેદના જાણી નહોતી. અત્યારે આનંદ માણતી માનવજાતની આ લઘુમતિને મળેલી પ્રાદેશિક અને ક્ષણપૂરતી મુક્તિ તેમની કલ્પનાને આ બાબતમાં કુંઠિત કરી દે છે. મને તો પૂરેપૂરી ખબર છે કે તમારે માટે આ દેશમાં દુષ્કાળ એ તાદશ વાસ્તવિકતા છે. માનવજાતના બેતૃતિયાંશ ભાગ ઉપર હજી એ સમડીની માફક ઘૂમે છે અને બંગાળ ઉપર એણે મારેલી છેલ્લી તરાપને હજી થોડાં જ વર્ષો થયાં છે. હું એ પણ જાણું છું કે તમે ભારતમાં અન્નઉત્પાદન વધારવાનું અને માતપિતાઓને કુટુંબનિયોજન કરવાને સમજાવવાનું બેવડું કાર્ય કરી રહ્યા

છો. સંયુક્ત રાષ્ટ્રસમૂહના અન્ન અને ખેતીવાડી ખાતાના નિયામક શ્રી. બી. આર. સેન અનુભવી અને ભારતીય સનદી નોકરીના સભ્ય છે. હું માનું છું કે કુટુંબનિયોજનની બાબતમાં આજે ભારતની સરકાર અને પ્રજા જેટલાં પ્રવૃત્ત બીજાં કોઈ નહિ હોય ! એથી મારે તો એટલું જ પ્રતિપાદન કરવાનું છે કે અનાજ અને વસ્તીના કોયડાઓ ઉકેલવા માટે તેમ જ યુદ્ધોને ખલાસ કરવા માટે માનવજાતનું જગતપ્રજારૂપે સંગઠિત થવું આવશ્યક છે. એક દેશમાં અથવા એક ખંડમાં માનવજાતનું નિયોજન માનવજાતના પ્રશ્નનો નિવેડો લાવી શકશે નહિ. પશ્ચિમના ઘણા દેશોમાં વસ્તીનું નિયમન થયું છે, છતાં જગતની વસ્તીનું પ્રમાણ વધતું જાય છે અને તે પણ ભયજનક ઝડપે. જન્મ-પ્રમાણના નિયમનની ચળવળને અસરકારક બનાવવા માટે તેને જગદ્વ્યાપી બનાવવી જોઈએ. વળી વૈજ્ઞાનિક પદ્ધતિએ અનાજઉત્પાદનના વધારાને અસરકારક બનાવવા આખા ગ્રહની અન્નોત્પાદક સપાટીને એક જ આર્થિક એકમ તરીકે ગણવી જોઈએ અને જગતમાં કોઈ પણ સ્થળે ઉત્પન્ન થયેલા અનાજને જગતના બીજા કોઈ પણ ખૂણામાં ભૂખે મરતાં માનવીઓનાં મોઢાં સુધી પહોંચાડવું જોઈએ. જ્યાંસુધી આ વહીવટી આવશ્યતાઓ પૂરી થાય નહિ ત્યાંસુધી વસ્તીના નિયમનને આપણા સંપૂર્ણ કાબૂ હેઠળ લાવવા માટે સમય મેળવી આપવાના વિજ્ઞાનના પ્રયાસો પાંગળા બનશે. પરન્તુ આ આવશ્યકતાઓ રાજકીય છે. જ્યાંસુધી ઉત્પાદન અને વહેંચણી ઉપરનો કાબૂ પ્રાદેશિક સરકારોના હાથમાંથી સર્વોચ્ચ સત્તાવાળી જગતસત્તાના હાથમાં જાય નહિ ત્યાંસુધી આ આવશ્યકતા પૂરી પડે એમ નથી. આ આવશ્યકતાને આપણી અણુશક્તિના ઉત્પાદન અને ઉપયોગ ઉપરના કાબૂને કેન્દ્રિત કરતી જગતસરકાર માટેની આવશ્યકતા સાથે ભેળવો એટલે જગતસરકારના રાજકીય સ્વરૂપમાં જગતની એકતાની આવશ્યકતા ઊભી થવાની.

આમ આપણા સમયમાં માનવજાતની હયાતી માટે જગતની અખંડિતતા, અને તે પણ થોડેક અંશે રાજકીય સંસ્થાઓના સ્વરૂપમાં, અત્યંત આવશ્યક છે. પ્રત્યેક માનવી માટે આ સૌથી વધારે મહત્ત્વનું લક્ષ્ય છે. જો માનવજાત ટકે નહિ તો પછી માનવીઓ પણ હશે નહિ અને કોઈ પણ માનવીને જીવવા સરખું જીવન બક્ષવાની શક્યતાઓ પણ હશે નહિ. આપણા પોતાના હાથે જ નાશ પામવાનું જે નવું જોખમ માનવજાતિ સામે ખુલ્લું થયું છે તેણે આપણામાં સમગ્ર માનવજાત પ્રત્યે નવા દેશપ્રેમને પ્રેરવો જોઈએ.

અને આ જગતપ્રેમે માનવજાતના આ કે તે ટુકડા પ્રત્યેની આપણી મમતાની ઉપરવટ જવું જોઈએ. છેવટે તો જો આ આખું એકમ જ નાશ પામશે તો તે કાર્યમાં એના ટુકડાઓ પણ નાશ પામશે. આમ માનવજાતની અખંડિતતા એક ઘણું જરૂરી ધ્યેય છે. છતાં જે શબ્દોમાં મેં આ ધ્યેયની રજૂઆત કરી છે અને એ માટે જે કારણો દર્શાવ્યાં છે તે બધાં ઉપયોગિતાવાદી છે. માનવ સ્વભાવનું એક જુદું તરી આવતું લક્ષણ એ છે કે ઉપયોગિતાવાદ ગમે એટલી ઊંચી કક્ષાનો હોય છતાં તે આપણે માટે પર્યાપ્ત નથી. આપણને મહાન અને મુશ્કેલ કાર્યો સિદ્ધ કરવાને પ્રેરે એટલો એ શકિતમાન નથી. વિશેષમાં જો આપણે ઉપયોગિતાવાદી હેતુઓ જ પાર પાડીએ તો આધ્યાત્મિક રીતે તો આપણે અતૃપ્ત રહેવાના.

માનવજાતિને એક કુટુંબ તરીકે ભેગા રહેવાને શીખવવાની પાછળ મૂળભૂત બિનુપયોગિતાવાદી કયો હેતુ હોઈ શકે ? આ હેતુ વિશેનું સારામાં સારું કથન હું જે જાણું છું તે ઈ. સ. પૂ. ના બીજા સૈકામાં આફ્રિકામાંના એશિયાના સંસ્થાનવાદીઓના વંશમાં ઊતરી આવેલા અને રોમમાં જેણે પોતાનું જીવન ગાળ્યું અને લેટિનમાં પોતાનું લેખનકાર્ય કર્યું તે કવિના નાટકમાંની આ લીટીમાં છે : 'હું માનવી છું તેથી જે કંઈ માનવીય છે તે મારે માટે ઉપેક્ષણીય છે જ નહિ.' આ લેટિન કવિની માતૃભાષા પ્યુનિક અથવા ફીનીશીઅન હતી અને તે ભાષા લગભગ હિબ્રૂની સમરૂપ હતી. આથી કોઈ અજાણ્યા યહૂદી સર્જકે મૂળ હિબ્રૂમાં લખેલા પુસ્તકમાંની એક પંકિતનું સ્મરણ કરવાની પ્રેરણા થાય છે. આ પ્રસિદ્ધ વાકય એક પડકારતા પ્રશ્નના સ્વરૂપમાં છે : 'શું હું મારા ભાઈનો રખેવાળ છું ?' જયારે ઈશ્વર પોતાના ભાઈ એબલનું ખૂન કરવા બદલ કેઈનને ગુનેગાર ઠરાવે છે ત્યારે એના બચાવની આ પહેલી પંકિત છે. 'જિનેસીસ'ના ગ્રંથમાં જે રીતે વાર્તા કહેવાઈ છે તેમાં ઉત્તર પ્રશ્નમાં જ આવી જાય છે. ઈશ્વર ધારી લે છે કે જવાબ હકારમાં છે—એટલે કેઈનના પ્રશ્નની અવગણના કરી સીધો ચુકાદો જ આપી સજા ફરમાવે છે.

અહીં ઐકય માટે એક એવું કારણ છે કે જે કામચલાઉ ઉપયોગિતાવાદી વિચારણામાંથી ઉદ્‌ભવતું નથી, પછી એવી વિચારણા ગમે એટલી તાકીદની અને સંમાનીય હકીકતના સ્વરૂપની કેમ ન હોય ! આપણી સમક્ષ અહીં તદ્દન જુદા જ પ્રકારનો હેતુ છે. એ એક એવો હેતુ છે કે જેની પાછળ

એના સિવાય બીજું કોઈ ચાલક બળ નથી, અને એને એવા બળની જરૂર પણ નથી—કારણ એની પ્રેરણા અંતરમાંથી જ આવે છે. આ એક એવો હેતુ છે કે જે માનવજાત જેટલો પુરાણો છે અને જે જ્યાંસુધી કેટલાંક માનવીઓ પણ ટકશે ત્યાંસુધી ટકવાનો છે. આપણે એકબીજાના રખેવાળ છીએ જ. આપણા માનવબંધુઓને લગતી કોઈ પણ બાબત તરફ આપણે ઉદાસીન રહી શકીએ જ નહિ. આપણે જાણીએ છીએ કે આ એક સત્ય છે. અને એ સત્યને આધારે વર્તવાની કેવળ ફરજ જ નહિ પણ પ્રેરણા પણ આપણે અનુભવીએ છીએ. આપણા પ્રાગમાનવપૂર્વજો જ્યારથી માનવ બન્યા ત્યારથી આપણામાંના પ્રત્યેકે અંતરના આ પ્રકાશને વધતે કે ઓછે અંશે દુભવ્યો છે. 'બુક ઓફ જિનેસીસ'ના ઉપર ટાંકેલા અવતરણનો અજ્ઞાત લેખક માનવજાતની બીજી પેઢી જેટલું વહેલું પ્રથમ ખૂન થયાનું જણાવે છે. આપણા ઐતિહાસિક પુરાવાઓ, માનવ અત્યાચારો વચ્ચેના ગાળાઓમાં પણ માનવીઓ એકબીજા પ્રત્યે કેટલી ગેરમાણસાઈભરી નિષ્ઠુરતાથી વર્ત્યા હતા, તે દર્શાવે છે. આપણી પોતાની પેઢીમાં આપણે પણ ઇતિહાસમાં નોંધાયેલા નીચમાં નીચ અત્યાચારો જેટલા જ નીચ અત્યાચારો આદર્યા છે. આપણામાંની અત્યારે જીવતી પ્રત્યેક વ્યક્તિ, પોતાનો દોષ ગમે એટલો ઓછો હોય છતાં, આ પાપને માટે વ્યક્તિગત અને અંગત રીતે જવાબદાર ઠરે છે. ગુનાના કાર્યમાં કોઈનો વ્યક્તિગત ભાગ વધારે ન હોય છતાં એકબીજા પ્રત્યેના આપણા આ પાપનો બોજો આપણા અંતરાત્મા ઉપર રહે છે. બીજાઓ આપણા માનવબંધુઓ હોવાને કારણે આપણે એકબીજા સાથે કુટુંબના સભ્યો તરીકે રહેવું જોઈએ એમ આપણે જાણીએ છીએ અને માનીએ પણ છીએ. અને અહીં જ આપણને બંધુત્વનું મૂળભૂત કારણ મળી જાય છે.

ગમે તે પ્રકારની કોઈ ચોકકસ સંસ્કૃતિમાં માણસ ઊછર્યો હોય છતાં બંધુત્વની આ ભાવના બધા જ માનવીઓના અંતરમાં સહજ હોય છે. ભારતીય પ્રણાલિકામાં ઊછરેલા લોકોની સહાનુભૂતિનું ક્ષેત્ર વિશાળ હોય છે. ભારતમાં સૈકાંઓથી સ્વીકારાતું આવ્યું છે કે બંધુત્વનું બંધન માનવો પૂરતું જ મર્યાદિત નથી, પણ બધા પ્રકારનાં ચેતનવંત પ્રાણીઓ સુધી વિસ્તર્યું છે. હું એ પણ કહેવાની હિમ્મત કરું છું કે ભારતમાં આવતો કોઈ પશ્ચિમવાસી પ્રથમ દૃષ્ટિએ જ જોઈ શકશે કે ભારતમાંનાં વન્યપશુપક્ષીઓ માનવજાતનો એટલો ડર નથી દર્શાવતાં જેટલો પશ્ચિમના દેશોમાંનાં દર્શાવે છે. એ બધાં

એવી રીતે વર્તે છે કે જાણે માનવી તેમને નુકસાન કરે એમ તેઓ માનતાં જ નથી. વન્યપ્રાણીઓનો આ વિશ્વાસ તેમના અનુભવ ઉપર બંધાયેલો હોવો જોઈએ. ભારતનાં આ વન્ય પશુપક્ષીઓનો માનવજાતની વર્તણૂકનો પ્રમાણમાં સુખદ અનુભવ સૂચવે છે કે ભારતમાંના માનવીઓને ખરેખર લાગે છે કે બંધુત્વનું બંધન કેવળ માનવ માનવ વચ્ચેના બંધુત્વના બંધન પૂરતું જ મર્યાદિત નથી. બધાં સજીવ પ્રાણીઓને આવરી લેતી ભારતની બંધુત્વની ભાવના, માનવ સહિતનું આ ગ્રહ ઉપરનું સકળ જીવન એક મૂળમાંથી જ ઉદ્‌ભવ્યું છે એવી આધુનિક વૈજ્ઞાનિક શોધ કરતાં હજારો વર્ષના સમય જેટલી પુરોગામી છે. અહીં એક એવી ઘટના છે જેમાં વિજ્ઞાનની વાત સ્વયંસ્ફુરણે કરી છે.

મને ખાત્રી છે કે બધા સમયનું ભારતીય સાહિત્ય આ વિશાળહૃદયી બંધુત્વની ભાવનાની અભિવ્યક્તિથી સમૃદ્ધ છે. અવતરણો આપવાની મારી અશક્તિ એ સાહિત્યના મારા અજ્ઞાનના કારણે છે. મારા અજ્ઞાનને કારણે મારા મુદ્દાના સમર્થન માટે મારે સંસ્કૃત, પાલિ કે તામિલમાંથી ઉદાહરણો આપવાને બદલે લેટિન અને હિબ્રૂમાંથી ઉદાહરણો આપવાં પડયાં છે. જો કે હું ભારતીય પ્રશિષ્ટ પુસ્તકોમાંથી અવતરણો ટાંકી શકતો નથી છતાં આપણે જે અનુભવીએ છીએ છતાં આચરી શકતા નથી તે ભાવનાના પુરાવા અંગે એક ભારતીય સાક્ષી રજૂ કરી શકું એમ છું. અશોક કેવળ મહાન સમ્રાટ તરીકે જ ઇતિહાસમાં જાણીતો નથી. સારા અને ખરાબ એવા ઘણા સમ્રાટો થઈ ગયા છે. કેવળ માણસ સમ્રાટ બને તેટલાથી જ કાયમી સ્મરણ માટે આપણે એને જુદો તારવતા નથી. અશોક પ્રસિદ્ધ છે કારણ કે આપણી બંધુત્વની સામાન્ય ભાવનાને વ્યવહારમાં અમલી બનાવનારો એ સમ્રાટ હતો. નૈતિક દૃષ્ટિએ એ એક આગળ પડતી વ્યકિત તરીકે બહુ યોગ્ય રીતે જ એ સ્વીકારાયો છે, કારણ જે સર્વોચ્ચ સત્તા માનવીને અન્ય માનવીઓનો બંધુ ગણવાની તકો પૂરી પાડે છે તે જ પોતાની અંતરની ઇચ્છા હોવા છતાં અંતરાત્મા મુજબ વર્તવાનું તેને માટે મુશ્કેલ બનાવી અંતરના અવાજને ન માનવાને લલચાવે પણ છે.

અશોક સદા ય યાદ રહેશે કારણ કે એણે પોતાની રાજકીય સત્તાનું સંચાલન પોતાના અંતરાત્મા પ્રમાણે કર્યું છે. અને એ સવિશેષ નોંધપાત્ર તો એટલા માટે છે કે અશોક પ્રાગણુયુગમાં થયો હતો અને તેથી આપણી

આજની માનવપેઢીને માટે રાષ્ટ્રીય નીતિ તરીકે યુદ્ધનો ત્યાગ કરવાનું જે તાકીદનું સ્પષ્ટ અને ઉપયોગિતાવાદી પ્રેરક તત્ત્વ છે તે એને માટે નહોતું. માનવને તે સમયમાં પ્રાપ્ય એટલાં બધાં ઘાતક શસ્ત્રો સાથે તેણે યુદ્ધ આરંભ્યું હોત તો પણ અશોક પોતાની સમગ્ર પ્રજાની પણ હસ્તી નાબૂદ કરવાના જોખમમાં મુકાત નહિ, આખી માનવજાતિના લોપની વાત તો બાજુએ રહી. ઉદાહરણ તરીકે, જો એણે કલિંગના વિજયના અનુસંધાનમાં ભારતીય દ્વીપ-કલ્પના દક્ષિણ ભાગની અને ત્યાર પછી નજીકમાં જ આવેલા સિલોનની વિજય-યાત્રાએ ઉપડવાનું પસંદ કર્યું હોત તો પણ એ આ પ્રકારની ભૌતિક શિક્ષા-માંથી મુક્તિ અનુભવવાની ખાત્રી રાખી શકયો હોત. પોતાનાં રાજ્યોને કહેવાતી કુદરતી સરહદોથી બાંધી લેવાનું પ્રલોભન રાજાઓને ઘેરી લેતાં અનેક પ્રલોભનોમાંનું એક હતું. અને અહીં પણ અશોક પોતાના મનને સમજાવી શકયો હોત કે પોતે શાંતિના ધ્યેય માટે જ યુદ્ધ કરે છે. એણે સમગ્ર ઉપખંડને રાજકીય એકતામાંથી આવતી શાંતિ બક્ષી હોત.

બચાવના આવા બહાનાની પરંપરાગત વિચારસરણિ અપનાવવાને બદલે આપણે જાણીએ છીએ તેમ, અશોકે જુદા જ પ્રકારના કાર્યનો માર્ગ લીધો. આક્રમક યુદ્ધે પ્રાપ્ત કરેલા વિજય વડે કલિંગને મૌર્ય સામ્રાજ્યમાં સમાવી દેવાના એણે કરેલા ગુના સામેના નૈતિક ધિક્કારથી એ જીવનભરને માટે કંપી ઊઠ્યો. પોતાના આક્રમણે જે દુષ્ટતા અને દુઃખ પ્રસાર્યાં તેના ચિતારથી એ ધ્રૂજી ઊઠ્યો. પોતાની બંધુત્વની ભાવના એણે દૂષિત કરી તે બદલ પોતાના અંતરાત્મામાં પોતાને ગુનેગાર ગણવા લાગ્યો. અને પોતાના રાજ્ય-વંશની તેમજ પ્રત્યેક રાજ્યવંશની પરંપરાગત નીતિનો ભંગ કરીને એણે એનો બદલો વાળ્યો. અશોકનો આ પ્રણાલિકાભંગ વિશેષ નોંધપાત્ર છે કારણ સામ્રાજ્યો સ્થાપવાને માટે યુદ્ધને સાધન તરીકે વાપરવાની ગુનાભરી નીતિ કેવળ મૌર્યોની જ વિશિષ્ટ નીતિ નહોતી. એને અમલમાં મૂકી શકે તેવા જગતના બધા જ રાજાઓ માટે એ સામાન્ય હતી. અશોકના પિતામહ ચંદ્રગુપ્ત સમક્ષ એને ઉત્તેજક બને તેવો સિકંદરનો ખરાબ દાખલો મોજૂદ હતો, સિકંદર સમક્ષ સાયરસનો ખરાબ દાખલો હતો અને એમ કર્મની સાંકળે પાછળ જતાં ઈ.સ.પૂ. ની ત્રીજી સહસ્રાબ્દિમાં સામ્રાજ્યો સ્થાપનાર મિસરીઓ અને સુમેરીઅનો સુધી પહોંચી શકાય. પોતાના આવા પૂર્વજોની નીતિથી ઊલટી રીતે અશોકે પોતાનું શેષ જીવન અને સમગ્ર રાજ્યસત્તા પોતાના

બંધુત્વની ભાવનાને કાર્યમાં ઉતારવા માટે અર્પ્યાં.

અશોકે યુદ્ધનો ત્યાગ કરવામાં માનવજાતને એક કરવાના લક્ષ્યનો ત્યાગ કર્યો નહોતો. પોતાના આ ધ્યેયને આચરવા માટે લશ્કરી પદ્ધતિને બદલે ધર્મ-કાર્યની પદ્ધતિ એણે અપનાવી. એ સિલોનમાં વચ્ચે પડ્યો. માત્ર ત્યાં જ નહિ પણ બીજા પણ વિશાળ પ્રદેશમાં એ વચ્ચે પડ્યો, સિકંદરના મેસીડોનીઆના ગ્રીક ઝઘડાખોર અનુગામીઓ જે પ્રદેશો માટે ઝઘડતા હતા તે, એના સામ્રાજ્યની પશ્ચિમ સરહદે આવેલા પ્રદેશોમાં પણ એ વચ્ચે પડ્યો. અશોક પોતાના સામ્રાજ્યની રાજકીય સરહદોની પેલીપાર બૌદ્ધધર્મની માન્યતાઓનો અને આચારનો પ્રસાર કરતો દાખલ થયો. પોતાના ધર્મકાર્ય માટે માનવ-વસવાટવાળી પૃથ્વીની સીમાથી ઓછી બીજી કોઈ સીમા એણે સ્વીકારી નથી. આજે આખા પૂર્વએશિયામાં બૌદ્ધધર્મના અનુયાયીઓ છે. જગતનાં એકતાનાં બળોમાંનું એક બળ બૌદ્ધોનું આધ્યાત્મિક બંધુત્વ હતું અને આજે પણ છે. બૌદ્ધોની બંધુત્વની ભાવના આજે પણ જોર પકડતી દેખાય છે. ત્રણ વર્ષ પહેલાં મેં જયારે સારનાથ અને બોધિગયાનાં બે મુખ્ય તીર્થધામોની મુલાકાત લીધી ત્યારે મારા પર આવી છાપ પડી હતી. બૌદ્ધધર્મની સર્વવ્યાપિતા અને પ્રાણશક્તિનાં ઘણાં કારણો આપી શકાય. પણ તેમાંનું એક કારણ તો અશોકનું ઈ.સ.પૂ.ત્રીજા સૈકામાં થયેલું હૃદયપરિવર્તન અને પોતાના આ નવા અનુભવને અમલમાં મૂકવાનું કાર્ય છે, એ ચોક્કસ.

ભારતમાં માનવીની બંધુત્વની ભાવના કેવળ બીજા માનવો પૂરતી જ મર્યાદિત નથી એ વાતને અશોકનાં કાર્યો સમર્થન આપે છે. મારું માનવું જો સાચું હોય તો અશોકે પોતાના રાજ્યમાંથી રજવાડી શિકાર બંધ કર્યો, પોતાના દરબારીઓને શાકાહારી બનાવ્યા, અને વર્ષમાં છપ્પન દિવસોએ પશુ-વધને ગેરકાયદેસર ગણ્યો હતો. ભારતની આ ઉદાત્ત પ્રણાલિકાને બીજી એક અસામાન્ય ગણી શકાય એવી હકીકતનો આધાર મળે છે. અશોકના રાજ્યા-મલ પછી ૧૮૦૦ વર્ષે માનવેતર જીવન પ્રત્યે પણ બંધુત્વ દર્શાવતી ભારતીય ભાવનાનાં આ ત્રણ પગલાં ભારતના એક બીજા સમ્રાટે, અકબરે, અમલી બનાવ્યાં હતાં.

આ પગલાં લેવા માટે અકબરને પ્રેરનારી ભારતીય ધાર્મિક અસરનાં મૂળ જૈનધર્મમાં છે (બૌદ્ધધર્મે ભારતમાંનો પોતાનો છેવટનો પગદંડો અકબરના સમય પહેલાં ચારસોએક વર્ષ ઉપર ગુમાવ્યો હતો.) ગમે તેમ પણ એ ભારતીય

અસર હતી : અકબરના ભારતમાંના જીવન દરમ્યાન એના તુર્કી આત્માનું થયેલું ભારતીયકરણ દર્શાવે છે કે ભારતીય પ્રણાલિકામાં પોતાના ક્ષેત્રમાં આવતા પરદેશીને પણ પકડી લેવાનું બળ છે. તૈમુરની અલ્પજીવી ચઢાઈ સિવાય અકબરના પૂર્વજોમાંથી કોઈએ, એના પિતામહ બાબરની ભારત ઉપરની ચઢાઈના સમય સુધી, ભારતની ભૂમિ ઉપર પગ મૂકયો નથી. બાબરે પણ પોતાના જીવનનો મોટો ભાગ તો ખૈબરઘાટના પશ્ચિમે આવેલા પ્રદેશોમાં પસાર કર્યો હતો તેને ભારતની ભૂમિ ઉપર કદી ગોઠવ્યું જ નહોતું. પણ બાબરનો પૌત્ર અકબર એક મુસલમાન તરીકે ઉછર્યો હતો. ભારતીય વિચાર-ધારામાં મૂળ ધરાવતા ધર્મોની સરખામણીમાં ઇસ્લામ એ જુદા કુળના બીજા ધર્મોની માફક સ્વમતૈકપ્રિય અને અસહિષ્ણુ છે. છતાં ભારતની અસર અકબર ઉપર એટલી ઊંડી થઈ કે એણે પોતે પોતાને માટે નવો ધર્મ ઘડી કાઢ્યો. અકબરનો 'દીને ઇલાહી' એની વિશાળ ઉદારતામાં લાક્ષણિક રીતે ભારતીય છે.

જો કે અશોકની માફક અકબરે પ્રાણીઓ સામેનું યુદ્ધ બંધ કર્યું છતાં એણે અશોકની માફક માનવો સામેના યુદ્ધનો ત્યાગ કર્યો નહોતો. અલબત્ત વ્યવહારુ દૃષ્ટિએ વિચારતાં અશોક કરતાં અકબર માટે એમ કરવું વધારે મુશ્કેલ હતું. અશોકને સામ્રાજ્ય વારસામાં મળ્યું હતું અને તેની સત્તા બરાબર સ્થાપિત થઈ ચૂકી હતી. અકબરે પોતાના દાદાએ મેળવેલું પણ પિતાએ ગુમાવેલું સામ્રાજ્ય ફરી સ્થાપ્યું. જો માનવો સામેના યુદ્ધનો ત્યાગ અકબરે કર્યો હોત તો કદાચ એને ગાદી ગુમાવવી પડી હોત અને કદાચ એની જિંદગી પણ. છતાં આપણે કલ્પી શકીએ કે જો જન્મના અકસ્માતે અશોકને અકબરને સ્થાને મૂકયો હોત તો પણ એણે જે કર્યું હતું તે જ એ કરત.

અણુયુગમાં, રાજદ્વારી પુરુષોમાં જે ભાવનાની જરૂર છે તે ખરેખર અશોકની ભાવનાની. આપણને એકતા વિના હવે જરા જેટલા સમય સુધી પણ ચાલે તેમ નથી. પણ આપણે આ અનિવાર્ય ધ્યેયને પ્રાપ્ત કરવા બળ-જબરીની પદ્ધતિ અખત્યાર કરી શકીએ એમ નથી. દબાણ નહિ પણ હૃદયપલટો એ જ આપણા જમાનામાં એકમાત્ર શસ્ત્ર છે જેને આપણે માનવ-જાતમાં ઐક્ય લાવવા કામે લગાડી શકીએ. અણુયુગમાં બળનો ઉપયોગ ઐક્યમાં નહિ પણ આત્મવિનાશમાં પરિણમે. અશોક પોતાના યુગમાં જે નીતિ પોતાના અંતરાત્માને આધારે અનુસર્યો હતો તે જ નીતિ અનુસરવા આજના યુગમાં ભય અને અંતરાત્મા ફરમાવે છે.

## ૨. જગતની એકતા તરફની ગતિ

મારા પ્રથમ વ્યાખ્યાનમાં હું જગતની અખંડિતતાની આવશ્યકતાની તાકીદ વિશે અને આ આવશ્યકતા વખતસર પૂરી કરવામાં આપણે નિષ્ફળ જઈએ તો રાહ જોઈ રહેલી આત્મવિનાશની શિક્ષા વિશે વાત કરતો હતો. આજે માનવસમાજ સંપૂર્ણ વિનાશના ડર નીચે જીવી રહ્યો છે, જે પ્રાચીન ગ્રીક તત્ત્વજ્ઞાનની વિચારસરણી પ્રમાણે—અને હું માનું છું તેમ એક કરતાં વધારે ભારતીય તત્ત્વજ્ઞાનની વિચારસરણી પ્રમાણે પણ—સકળ ભૌતિક વિશ્વ ઉપર તોળાઈ રહ્યો છે. ચાર્વાકી ફિલસૂફ અને રોમન કવિ લ્યુક્રેસિયસના શબ્દોમાં, "મૃત્યુનું દ્વાર બંધ નથી... ભયંકર રીતે એ ઉઘાડું છે અને પોતાનાં રાક્ષસી જડબાંઓ ફાડી આપણને જુએ છે." આપણે જાણીએ છીએ તેમ માનવજીવનમાં આવશ્યકતાઓ એની મેળે પૂર્ણ થતી નથી—જ્યારે ખુદ હયાતી જોખમમાં હોય ત્યારે પણ નહિ—એટલે મારે આપણા ભાવિની ચર્ચા કરવી જોઈએ અને એ અનિશ્ચિત છે એ તો સ્પષ્ટ જ છે. આપણી વર્તમાન પરિસ્થિતિમાં અનુકૂળ અને પ્રતિકૂળ પરિબળોનું આછું માપ કાઢવા કરતાં ઝાઝું આજે માણસ કરી શકતો નથી.

જે પ્રથમ પ્રશ્ન સૂચવાય છે તે કદાચ આજના વ્યાખ્યાનને મેં આપેલા શીર્ષકને જ પડકારે છે. મેં એને 'જગતની અખંડિતતા તરફની ગતિ' કહી છે. શું આ શીર્ષક જ એક પૂરો પ્રશ્ન નથી ઊભો કરતું? વર્તમાન બનાવો એમ નથી દર્શાવતા કે જગત એકતા તરફ જવાને બદલે એનાથી દૂર જતું જાય છે અને તે પણ ઝડપી ગતિએ?

ઉદાહરણ તરીકે, પ્રવૃત્તિના રાજકીય ક્ષેત્રે આપણા સમયની વધારે ધ્યાન ખેંચનારી કઈ હિલચાલ છે? શું એ હિલચાલ સામ્રાજ્યના ટુકડાઓ થવા અને રાષ્ટ્રીય રાજ્યોની સંખ્યામાં વધારો થવા અંગેની નથી? આ જગદ્-વ્યાપી કેન્દ્રત્યાગી હિલચાલનું ઉદાહરણ ૧૯૪૭થી આ ઉપખંડમાં જે કંઈ બન્યું છે તે વડે નાટ્યાત્મક રીતે પૂરું પડે છે. આગલા મૌર્ય, ગુપ્ત અને મુગલ રાજ્યશાસનની માફક બ્રિટિશ શાસને આ ઉપખંડને એક જ રાજકીય સત્તા હેઠળ સંગઠિત કર્યો. વાસ્તવમાં, બ્રિટિશ શાસનના છેલ્લા સૈકા દરમિયાન,

આગલા ઐક્યના ત્રણ સમયખંડો કરતાં આ ઉપખંડનું રાજકીય ઐક્ય વધારે પૂર્ણ બન્યું. પરંતુ ૧૯૪૭માં જ્યારે બ્રિટિશોએ પોતાની રાજ્યસત્તા પાછી ખેંચી લીધી ત્યારે બ્રિટિશ હિન્દી સામ્રાજ્યના અનુગામી તરીકે એક નહિ પણ ત્રણ રાજ્યો આવ્યાં. એમાંનાં બે—ભારત અને પાકિસ્તાન—વચ્ચે રચવામાં આવેલી સરહદો ૧૯૧૮માં હેપ્સબર્ગ રાજ્યવંશના તૂટવા પછી પૂર્વ યુરોપમાં રચવામાં આવેલી સરહદો જેટલી જ કૃત્રિમ અને અકુદરતી હતી. કાશ્મીરનો એક તકરારી પ્રદેશ છે જેને અંગે કશું પણ સમાધાન થઈ શક્યું નથી; અને હવે તો ભારતની બિનતકરારી સીમાઓની અંદર પણ એક વધારે કેન્દ્રત્યાગી હિલચાલ આરંભાઈ છે. ભારતીય ગણરાજ્યના આંતરિક વહીવટી નકશાની પુનર્રચના, એ ગણરાજ્યને રચતાં રાજ્યોના પ્રદેશો, પ્રાદેશિક ભાષાઓના પ્રદેશો સાથે જેમ બને તેમ વધારે બંધ બેસે, એ દૃષ્ટિએ કરવામાં આવી છે.

આ પણ એક પૂર્વયુરોપી પ્રકારનો ફેરફાર છે. પૂર્વયુરોપી આદર્શને ભારતમાં અમલી બનાવવાનું આ એક કાર્ય છે જેને આપણે ભાષાવાદી રાષ્ટ્રવાદ એવું નામ આપી શકીએ. જેમ પૂર્વ યુરોપમાં તેમ ભારતમાં ભાષાવાદી રાષ્ટ્રવાદની આકાંક્ષાઓને સંતોષવાના હેતુથી રાજકીય નકશાની કરવામાં આવેલી પુનર્રચનાએ ઘર્ષણો સર્જ્યાં છે અને તકરારો ઉત્પન્ન કરી છે. આ કમનસીબ પરિણામો ટાળી ન શકાય એવાં બન્યાં છે. ગમે એટલી પ્રામાણિકતા અને કાળજીથી નવી ભેદરેખાઓ દોરવામાં આવે છતાં એ રેખાઓની ખોટી બાજુએ થોડીક લઘુમતીઓ તો રહી જ જવાની; અને આ રીતે સર્જાયેલા પ્રશ્નો પણ મુંબઈ જેવા વેપારી અને ઔદ્યોગિક મહત્ત્વવાળાં શહેરોમાં વિશેષ તીવ્ર પણ બનવાના જ, કારણ કે એવડા વિશાળ પાયા ઉપરનું શહેર જે ભાષાકીય પ્રદેશમાં તે આવેલું છે તે પ્રદેશની બહારના પ્રદેશોના રહેવાસીઓને પણ આકર્ષે છે. ભાષાકીય ધોરણે ભારતનું આ ઝઘડાળુ પુનર્વિભાજન નિઃશંક અનિવાર્ય થઈ પડ્યું છે. એ કંઈક એવું છે કે જે જગતભરમાં બની રહ્યું છે. ઉદાહરણ તરીકે, બ્રહ્મદેશમાં એ નાના પાયા ઉપર બની રહ્યું છે. એ અનિવાર્ય છે કારણ કે લોકશાહીના સંચાલન માટેની આવશ્યક શરતોમાંની એ એક છે, અને આપણા સમયમાં એક પછી એક બધા દેશોમાં લોકશાહી બંધારણ દાખલ થતું જાય છે. લોકશાહી અસરકારક બની શકે એ માટે રાજકીય એકમોને જેટલાં બને તેટલાં ભાષાકીય પ્રદેશો સાથે નિકટવર્તી અને મેળ ખાતાં બનાવવાં પડે છે, કારણ કે દુનિયામાં મોટા ભાગના લોકો પોતાની

માતૃભાષા જ બોલે છે અને સમજે છે. દ્વિભાષી અને અનેકભાષી લોકો તો હજી જગતની વસ્તીની અલ્પ સંખ્યા જ છે.

આમ રાજકીય ટુકડાઓ પાડવાની વર્તમાન ક્રિયા જરૂરી ગણાય છે. પણ આવશ્યકતા એ ક્રિયાને જરા પણ ઓછી વિચ્છેદક બનાવતી નથી, અને આ વિચ્છેદ અનિવાર્ય હોય કે નહિ પણ છે સ્પષ્ટ. એથી માનવપ્રજા એકતાથી વધારે સભાન થવા કરતાં એકબીજાના અળગાપણાથી વધારે સભાન બનતી જાય છે, એમ કહેવું વધારે સાચું નથી? અને આ એકલી સભાનતાની જ બાબત નથી, અલગતાનું ભાન રાષ્ટ્રવાદી લાગણીઓ જગાડે છે. દાખલા તરીકે, ભારતમાં અને પાકિસ્તાનમાં, બ્રહ્મદેશમાં અને સિલોનમાં, પણ સ્વાતંત્ર્યનું એક પરિણામ પોતાના ચોક્કસ ભાષાકીય જૂથ પ્રત્યેની લાગણી-પ્રધાન મમતાના વિકાસમાં આવ્યું છે. એશિયામાં આ એક નવી મુશ્કેલી છે; જો કે યુરોપની તો જૂની મુશ્કેલીઓમાંની એ એક છે. ભારતની અંદર મુંબઈમાં મહારાષ્ટ્રીઓ અને ગુજરાતીઓ વચ્ચે લાગણીનો ઘણો ઉશ્કેરાટ થયો છે. વધારે સ્પષ્ટ તો કાશ્મીર અંગે ભારતીયો અને પાકિસ્તાનીઓ વચ્ચે, તેમ જ ભારત અને ચીન વચ્ચેની સરહદ અંગે તેમ જ ચીનના તિબેટ પ્રત્યેના વર્તાવ અંગે ભારતીયો અને ચીનાઓ વચ્ચે લાગણીઓનો તીવ્ર ઉશ્કેરાટ છે.

જો કોઈ જાગતિક એકતા માટે આતુર હોય—આતુર હોય કારણ કે તે માનતો હોય કે એના વિકલ્પમાં જગદ્‌વ્યાપી આફત જ છે—તો એ આતુર વિચારપ્રક્રિયામાં પોતાને ન પડવા દેવાનું એને માટે અગત્યનું છે. સામસામી દિશાઓમાં દોડતા પ્રવાહોની નોંધ લેવાની એણે કાળજી રાખવી જોઈએ અને આ પ્રવાહોનું એણે ઓછું મૂલ્ય આંક્યું નથી એની પણ એણે ખાત્રી કરવી જોઈએ. વર્તમાન કેન્દ્રત્યાગી અને કેન્દ્રગામી વૃત્તિઓનું અનુક્રમે ચોક્કસ માપ કાઢવાની સ્થિતિમાં આવવાને માટે આ કરવું જ જોઈએ.

ત્યારે ક્યાં બળો વિચ્છેદ સર્જે છે? આપણે એમાંના એકને તો ક્યારનું દર્શાવ્યું છે. ભાષાવાદી રાષ્ટ્રવાદ એ લોકશાહીની વધારાની નીપજ છે. રાષ્ટ્રવાદને માટે કહીએ તો એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં એ હમણાં રાજકીય બાબતોનો સ્પષ્ટ પ્રત્યાઘાત છે, જેમાં પૃથ્વીના વિશાળ પ્રદેશો અને તેની વસ્તીનો મોટો ભાગ જૂની દુનિયાના યુરોપી દ્વીપકલ્પના દરિયાઈ પટ ઉપર પરોવાઈને રહેલા અડધો ડઝન જેટલા નાના દેશોની હકૂમત નીચે હતા. પૃથ્વીના ગોળાર્ધને વીંટાઈ વળતાં આ સંસ્થાનવાદી

યુરોપી સામ્રાજ્યોની જાળ એક વિષમ રાજકીય દૃશ્ય હતું અને તે અલ્પકાલીન હતું એમ પણ હવે પુરવાર થયું છે. આપણા જીવનકાળ દરમિયાન જ સંસ્થાનવાદી સામ્રાજ્યો બરખાસ્ત થતાં ગયાં છે. બીજા વિશ્વવિગ્રહના અંતથી તો તેઓનું વિસર્જન ઝડપથી થતું ગયું છે. ખરી રીતે દુનિયાનો નકશો તેની સમધારણ પરિસ્થિતિએ પાછો આવતો જાય છે.

પરિસ્થિતિ એ અર્થમાં સમધારણ બનતી જાય છે કે પહેલાં એ વિષમ હતી કારણ કે માનવસમાજનો મોટો ભાગ પરદેશી શાસન હેઠળ જીવતો હતો. જેમ તે પશ્ચિમ યુરોપી સંસ્થાનવાદી યુગ દરમિયાન જીવતો હતો. આ અર્થમાં ફરી સમધારણ બનવામાં જગત પશ્ચિમ યુરોપી સંસ્થાનવાદી સામ્રાજ્યોની સ્થાપના પહેલાં જે પરિસ્થિતિએ હતું તે સમધારણ પરિસ્થિતિએ હજી સંપૂર્ણ અર્થમાં વળ્યું નથી. આ સામ્રાજ્યો માનવસમાજને એક આવશ્યક એકતા અર્પવાને શક્તિશાળી ન હતાં. એ બધાં રાજકીય અસમાનતાના પાયા ઉપર રચાયાં હતાં અને તેથી રેતી ઉપર બંધાયેલાં ઘરો જેવાં હતાં. ગમે તેમ પણ એ બધાં અડધો ડઝન જેટલાં હતાં અને એકબીજા સાથે હરીફાઈ કરતાં હતાં. સંસ્થાનવાદી સામ્રાજ્યોની રાજકીય રચના જે રીતે જમીનદોસ્ત થઈ તે રીતે જ થવી જોઈતી હતી એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. પરંતુ રાજકીય રચનાઓ હોવા ઉપરાંત એ સામ્રાજ્યો સાંસ્કારિક વિનિમય, આપલે અને સંમિશ્રણના માર્ગો પણ હતાં. અને પ્રવૃત્તિના આ સાંસ્કારિક ક્ષેત્રે એ તો ક્યારનું ય સ્પષ્ટ થયું છે કે આ વિષમ અને ટૂંકજીવી રાજકીય વ્યવહારની અસર દીર્ઘજીવી અને અગત્યની બનવાની છે.

વર્તમાન સમયના રાષ્ટ્રવાદના નકારાત્મક સ્વરૂપ ઉપરથી ધ્યાન ખસેડી એના ચોક્કસ સ્વરૂપ ઉપર ઠેરવીએ ત્યારે આ સ્પષ્ટ બને છે. એના નકારાત્મક સ્વરૂપમાં એ પરદેશી શાસન હેઠળ હોવાની વિષમતા સામે સ્વાભાવિક અને તંદુરસ્ત બળવો છે. એ જ વખતે એના ચોક્કસ સ્વરૂપમાં જગદ્વ્યાપી નવી સંસ્કૃતિને વફાદારીના સામાન્ય પાયા ઉપર રચાયેલા જગદ્વ્યાપી આધુનિક સમાજમાં પ્રવેશવાની એ હિલચાલ છે.

જેમ જેમ આ નવી જગદ્વ્યાપી સંસ્કૃતિ વિકસતી જશે તેમ તેમ બધી જ ઐતિહાસિક પ્રાદેશિક સંસ્કૃતિઓમાં મહત્ત્વનાં સાંસ્કારિક પ્રદાનોને પ્રગતિશીલતાથી ધીરેધીરે સ્વીકારીને અને પોતામાં સમાવીને એ સમૃદ્ધ બનશે; પણ જેને આપણે ભરાઈ ગયેલી મૂડી કહીએ છીએ અને જેના વડે આ નવી જગદ્-

વ્યાપી સંસ્કૃતિએ પોતાનો ધંધો શરૂ કર્યો છે તેમાં મુખ્યત્વે તો આરંભમાં એક જ ચોક્કસ પ્રાદેશિક સંસ્કૃતિએ, પશ્ચિમની સંસ્કૃતિએ જ, અર્પણ કર્યું છે. આને માટેનું ઐતિહાસિક કારણ સ્પષ્ટ જ છે. વર્તમાન યુગમાં પશ્ચિમે જ માનવ સમાજને એકત્રિત કરવામાં પહેલ કરી છે. એથી આરંભમાં નવી જગદ્‌વ્યાપી સંસ્કૃતિનું માળખું પ્રધાનતયા પાશ્ચાત્ય હોવું જોઈએ એ સ્વાભાવિક છે. આધુનિક સંસ્કૃતિના ઉદ્‌ભવના પાશ્ચાત્ય સ્વરૂપે મોટા ભાગના બિનપાશ્ચાત્ય માનવસમાજને એ સંસ્કૃતિને અપનાવતાં અટકાવ્યો નથી એ જાણવું રસમય છે કારણ કે એ રહસ્યમય પણ છે. ખરેખર, આ જ પ્રથમ મહાન ચોક્કસ ધ્યેયને, જગતના એક પછી એક સ્વતંત્ર થયેલા લોકોએ તેઓ પોતાનું ભાવિ ફરી એક વાર ઘડવાને મુક્ત થયા કે તરત મરજિયાત રીતે અને વિચારપૂર્વક અપનાવ્યું છે. રાજકીય ક્ષેત્રે મુક્ત થયેલા લોકોનો રાષ્ટ્રવાદ પશ્ચિમના રાજકીય આધિપત્ય સામે પ્રેરાયો, પણ પાશ્ચાત્ય રાજકીય આદર્શોના નામ નીચે એ એની સામે પ્રેરાયો. આ પાશ્ચાત્ય રાજકીય આદર્શો (હું અલબત્ત પશ્ચિમની લોકશાહીનો ઉલ્લેખ કરું છું, એની ભયંકર હરીફ પાશ્ચાત્ય એકહથ્થુ સત્તાનો નહિ) માનવીને સર્વસામાન્ય એવા નૈતિક સિદ્ધાંતોમાંથી ઉદ્‌ભવ્યા છે. અને આ જ સિદ્ધાંતોને નામે બિનપાશ્ચાત્ય લોકોની રાષ્ટ્રીય હિલચાલ સાંસ્કારિક ક્ષેત્રે તેમના પોતાના સાંસ્કારિક વારસામાંનાં મેળ ન ખાય એવાં તત્ત્વો સામે પ્રેરાઈ છે.

બિનપાશ્ચાત્ય દેશોમાં ખરી રીતે વર્તમાન ક્રાન્તિ બેવડા સ્વરૂપની છે અને સાથોસાથ ચાલતી આ બેવડી ક્રાન્તિમાં પાશ્ચાત્ય શાસન સામેનો બળવો, ભૂતકાળના પ્રાગાધુનિક થરના વારસાની સામેના પશ્ચિમપ્રેરિત નૈતિક બળવાની સરખામણીમાં હળવો અને ઉપલકિયો છે. આ ક્ષેત્રે તાજેતરમાં જ મુક્ત બનેલી પ્રજાઓએ પોતાની પરંપરાગત જીવનપદ્ધતિમાં ઉદ્દામવાદી ફેરફારો કરવા તરત જ આરંભી દીધા છે. પોતાના સાંસ્થાનિક શાસનકાળ દરમિયાન કોઈ પણ પરદેશી સરકારે દાખલ કરવાના પ્રયાસ તરીકે વિચાર્યા હોય તેના કરતાં પણ આ ફેરફારો વધારે ઉદ્દામવાદી છે. પ્રદેશની નૈતિક અને સાંસ્કારિક પ્રણાલિકાઓ સાથેનો આ વિચ્છેદ આપણા સમયની એક ઘણી મોટી ઊથલ-પાથલ છે. અને આ ઉદ્દામવાદી ક્રાન્તિ માનવસમાજને તેની રાજકીય ક્રાન્તિની પૂર્વતૈયારી રૂપે જે વૃત્તિ હતી તેથી ઊલટી દિશામાં લઈ જાય છે. એ એકતાથી દૂર નહિ પણ તે તરફ દોરી જાય છે; અને માનવ પ્રવૃત્તિઓમાં રાજકારણ

કરતાં સંસ્કૃતિ વધારે મહત્ત્વની ગણાતી હોવાથી હું ધારું છું કે એકતા તરફ ગતિ કરતા નૈતિક અને સાંસ્કારિક પ્રવાહો વિચ્છેદ તરફ ગતિ કરતા રાજકીય પ્રવાહોની ઉપરવટ થવાના છે.

રાજકીય ક્ષેત્રે પણ એકતા તરફની ગતિ સ્વતંત્રતા પ્રાપ્ત થતાંવેંત જાહેર થઈ છે. કેન્દ્રત્યાગી રાજકીય હિલચાલ બીજાં રાષ્ટ્રો—પરદેશી રાષ્ટ્રો—વડે ચલાવાતા શાસન સામે તેમજ તેના આધિપત્ય સામેનો બળવો હતો. પરંતુ સ્વતંત્રતા પરસ્પરાવલંબન સાથે બંધ બેસી ન શકે એવી નથી. અને ખરેખર, જ્યારે સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે ત્યારે આ પરસ્પરાવલંબન આવશ્યક બન્યું છે; માત્ર આવશ્યક જ નહિ પણ એ હકીકત છે. એક રાષ્ટ્રને, પોતાની બાબતોની વ્યવસ્થા સ્વતંત્રપણે આધુનિક જગતના આકરા સંજોગોમાં કરવાનો આરંભ કરતાં, બધા જ પ્રકારની વ્યવહારુ મદદ અને નિષ્ણાત સલાહની જરૂર જણાય છે. એને જે પ્રકારની મદદની જરૂર છે તેમાંની મોટા ભાગની તો કદાચ પોતે પોતાને કેવી રીતે મદદરૂપ થઈ શકે તે શોધી કાઢવા અંગેની છે. નવા સ્વતંત્ર બનેલા દેશો પોતાના સ્વાતંત્ર્ય માટે સ્વાભાવિક રીતે જ વધારે લાગણીવશ હોય છે. એનાં થતાં અપમાન અથવા એનો થતો પ્રાદેશિક ભંગ શોધવામાં એની નજર તીવ્ર હોય છે. અને છતાં આ સ્વાભાવિક લાગણીએ તેમને સંયુક્ત રાષ્ટ્રસમૂહ અને તેની વિવિધ શાખાઓની મદદ શોધતાં અટકાવ્યાં નથી. પહેલાનાં પશ્ચિમ યુરોપી સંસ્થાનવાદી સામ્રાજ્યોની નાબૂદીએ દુનિયાની રાજકીય વ્યવસ્થામાં એક અવકાશ પેદા કર્યો છે જે નાબૂદ થયેલાં સામ્રાજ્યોનાં અનુગામી રાજ્યો પૂરી શક્યાં નથી. નવી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાઓનું કાર્ય આ અવકાશ પૂરવાનું છે. તેઓ અને નવી રાષ્ટ્રીય સરકારો સહકારથી કામ કરીને પોતાની વચ્ચે આગળની સામ્રાજ્યવાદી સરકારોનાં કાર્યોનો રચનાત્મક ભાગ ચાલુ રાખી શકે. એથી પણ વિશેષ તેઓ કરી શકે અને વધારે સારી રીતે કરી શકે, કારણ, તેઓની વચ્ચેનો સહકાર આગલી સંસ્થાનવાદી પદ્ધતિ હેઠળ રાજાઓ અને પ્રજાઓ વચ્ચે હતાં તેવાં રાજકીય ઘર્ષણોથી અવરોધાતો નથી.

નવા મુક્ત થયેલા દેશો આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાઓની સેવાઓનું મૂલ્ય પિછાનવામાં પ્રથમ હતા, પરંતુ એ પણ હવે તો આગળથી જોઈ શકાય છે કે જે દેશો પ્રમાણમાં શક્તિશાળી, સમૃદ્ધ અને અનુભવી તેમજ સેવાભાવી નાગરિકોવાળા છે તે દેશોને માટે પણ આ સેવાઓ વધારે ને વધારે મહત્ત્વની બનવાની છે. આ આગળથી જોઈ શકાય છે કારણ કે જગતનું પ્રબળમાં

પ્રબળ અને સમૃદ્ધમાં સમૃદ્ધ રાષ્ટ્ર પણ સમગ્ર માનવસમાજ અને આ ગ્રહનાં કુલ સાધનો વડે વામણું બને છે. અને જે યુગમાં યંત્રવિદ્યાએ આપણે કહીએ છીએ તેમ 'અંતરને ઘટાડી નાખ્યું છે' તે યુગમાં બધા પ્રકારની માનવ પ્રવૃત્તિઓ પ્રાદેશિક અથવા રાષ્ટ્રીય કરતાં જગદ્વ્યાપી માપની બનવાનું વલણ ધરાવે છે. જે યુગમાં આખું જગત માનવપ્રવૃત્તિઓ માટેનું અસરકારક ક્ષેત્ર બન્યું છે તે યુગમાં યુનાઇટેડ સ્ટેટ્સ અને સોવિયેત યુનિયનની શક્તિવાળાં રાજ્યોને પણ લાગશે કે તેમને માટે પણ પરસ્પરાવલંબન એ જીવનની એક મોટી જરૂરિયાત છે.

વળી જે યુગમાં યંત્રવિદ્યાએ 'અંતરને ઘટાડ્યું છે' તે યુગમાં પ્રાદેશિક રાજ્યો ભાગ અને તે પણ મહત્ત્વનો ભાગ ભજવવાનો ચાલુ રાખશે એમાં શંકા નથી. કેટલીક સુધરાઈની સેવાઓ છે અને તેમના સ્વરૂપને લીધે તેમનો વહીવટ સ્થાનિક રીતે જ કરવો પડશે. ગટરનું ધ્યાન રાખવું અને તેને સુધારવી એ નજીવી છતાં અગત્યના પ્રકારની સેવા છે. પણ જાગતિક માનવસમાજને રચનારાં પ્રાદેશિક રાજ્યોએ સાંસ્કારિક ભાગ પણ ભજવવો પડશે. જૂના જમાનામાં જ્યારે પ્રાદેશિક રાજ્યો માનવભક્ષી દેવીઓ જેવાં હતાં ત્યારે હતો તેના કરતાં તે ભાગ વધારે મહત્ત્વનો હશે. માનવસમાજની હયાતીને માટે આપણે આ દેવીઓના દાંત ખેંચી કાઢવા પડશે. હું કહું છું તે એ કે આપણે પ્રાદેશિક રાજ્યો પાસેથી તેમનો યુદ્ધનો પરંપરાગત અધિકાર છીનવી લેવો પડશે. તેમની વિકૃત ફેણને ખેંચી કાઢવાના કાર્યે તેમને અનદ્ભુત બનાવવાની જરૂર નથી. પહેલાં કરતાં પણ વધારે અદ્ભુત ભાગ તેમને ભજવવાનો રહેશે, કારણ કે એકત્રિત જગતમાં તંદુરસ્ત સુખી જીવનને માટે જરૂરી ઘટક જે છે એકતામાં વિવિધતા, તેને માટે આપણે તેમના ઉપર આધાર રાખીશું.

જગદ્વ્યવસ્થાને ક્ષેત્રે નિશ્ચિત ધોરણો અને એકરૂપતા એકતા માટે ચૂકવવા પડતા મૂલ્યના ભાગ રૂપ હશે. આ મૂલ્યની ચૂકવણી આપણા ઉપર લાદવામાં આવનાર છે વાપરી ન શકીએ એવાં ઘાતક શસ્ત્રોની આપણી શોધ વડે જ માત્ર નહિ, પણ જે વિશે મેં ક્યારની ચર્ચા કરી છે તે બધી જ મહત્ત્વની માનવપ્રવૃત્તિઓને જગદ્વ્યાપી ધોરણે વિસ્તારવાની આપણી વૃત્તિ વડે પણ; યંત્રવિદ્યાથી વિરુદ્ધ નૈતિક ક્ષેત્રે જગતની અખંડિતતા નૈરાશ્યમય નહિ પણ આશાસ્પદ બનશે. સમગ્ર માનવસમાજને આવરી લેતી ભ્રાતૃત્વની ભાવના પોતાની સાથે આધ્યાત્મિક આનંદની લાગણી પણ જરૂર લેતી આવશે. તે

સાથે નૈતિક અને યંત્રવિદ્યાને ક્ષેત્રે થયેલી આ ઇચ્છનીય અને અત્યાજ્ય એકતાને સાંસ્કારિક ક્ષેત્રે વૈવિધ્ય ચાલુ રાખી સમતોલ બનાવવાની પણ જરૂર પડશે, અને આ સેવા આપવાનું પ્રાદેશિક રાજ્યો ચાલુ રાખી શકે છે.

દાખલા તરીકે ભાષાનું જ ક્ષેત્ર લો. જગદ્‌વ્યવસ્થામાં આપણે એવી કક્ષાએ પહોંચ્યા છીએ કે આંતરરાષ્ટ્રીય પરિષદોમાં જે કોઈ ભાગ લે અથવા ભૌતિક શાસ્ત્ર ઉપર ગ્રંથ લખે તેને તે કાર્ય જગતની ભાષાઓમાંથી એક અથવા બે અથવા ત્રણ ભાષાઓમાં કરવું પડે છે. જગતપ્રસાર સારુ પોતાના માધ્યમ માટે ભાષાની એની પસંદગી વધારેમાં વધારે ચલણી હોય એ ભાષાને માધ્યમ તરીકે વાપરવાની જરૂરથી બંધાયલી છે. બીજી બાજુ, કોઈ કવિને માટે તેણે ઉપયોગમાં લીધેલી કોઈ ચોક્કસ વ્યવહારની સર્વસામાન્ય ભાષા તેની માતૃભાષા પણ હોય નહિ ત્યાં સુધી આશાસ્પદ માધ્યમ નથી. પ્રશિષ્ટ ભાષાઓમાં લખાયલી કવિતા અજાણી નથી, પણ દુર્લભ તો તે જરૂર છે. હું ફ્રેન્ચ બોલનારા કે જર્મન બોલનારા પશ્ચિમવાસીઓએ ઇસુની બારમી સદીમાં લૅટિનમાં લખેલી કવિતા કલ્પી શકું છું અને હું ધારું છું કે તેની સમાન સંસ્કૃત કવિતા પણ હશે. છતાં પણ કોઈ કવિને માટે તેની માતૃભાષા એ જ વધારે સ્વાભાવિક માધ્યમ છે.

આ સૂચવે છે કે જાગતિક સમાજમાં શિક્ષિત મનુષ્યોના મોટા અને મોટા ભાગે દ્વિભાષી અથવા ત્રિભાષી પણ થવું પડશે. નેધરલૅન્ડસ અને સ્વિટ્ઝર્લૅન્ડમાં મોટા ભાગના લોકો આજે પણ ત્રિભાષી છે. જગતના વ્યવહારની જે સર્વસામાન્ય ભાષા ન હોય એવી ડચ કે મલયાલમ ભાષા માતૃભાષા તરીકે હોવી એ બૌદ્ધિક રીતે ઉત્તેજક છે. જો કોઈની માતૃભાષા એવી હોય કે જે બીજા લોકોને તે શીખવાને જરૂરી ન લાગે તો તે કેવળ પોતાને ખાતર પણ માતૃભાષા ઉપરાંત બીજી ભાષાઓ બોલતાં, વાંચતાં અને લખતાં શીખવા પ્રેરાશે. એથી ઊલટું, જેમ હિન્દીભાષીઓ કે અંગ્રેજીભાષીઓની છે તેમ વ્યવહારની સર્વસામાન્ય ભાષા પોતાની માતૃભાષા તરીકે હોવી એ બૌદ્ધિક રીતે નડતરરૂપ છે. આજના જગતમાં અંગ્રેજીભાષી અને ફ્રેંચભાષી લોકો સૌથી ખરાબ ભાષાવિદ્ પ્રજાઓ તરીકે જાણીતાં છે. હું ધારું છું કે બાકીની માનવ-પ્રજા કરતાં પોતાની પ્રજાકીય બૌદ્ધિક શક્તિમાં જરા જેટલાં પણ તેઓ ઊતરતાં નથી પણ જગતમાં પોતાની માતૃભાષા સિવાયની બીજી ભાષાઓ શીખ્યા સિવાય પોતાનો માર્ગ તેઓ કાઢી શકતાં હોવાથી માનવસ્વભાવની

સ્વાભાવિક આળસવૃત્તિને વશ થવાને તેઓ લલચાયાં છે. જેમ જેમ હિન્દી ભાષા ભારતના સમગ્ર ગણરાજ્યની વ્યવહારની સર્વસામાન્ય ભાષા બનશે તેમ તેમ હિન્દીભાષીઓ સામે પણ એવું જ પ્રલોભન ખડું થશે. અંગ્રેજીભાષીઓની છે તેટલી તેમની બૌદ્ધિક શક્યતાઓ આશારહિત નથી કારણ હિન્દીભાષીઓને તો જગતના હેતુઓ માટે અંગ્રેજી, ફ્રેન્ચ અથવા તો રશિયન શીખવી પડશે. પણ હિન્દીભાષીઓ બૌદ્ધિક શક્તિમાં દ્રવિડી ભાષા બોલનારાઓથી ભવિષ્યમાં પાછળ પડી જાય એવું તેમણે જાણી લેવું જોઈશે, કારણ, આ લોકોને દિલ્હીમાં વ્યવહાર ચલાવવાને માટે હિન્દી, ન્યૂયોર્કમાં અથવા ટોકિયોમાં અંગ્રેજી અને સાયગોન કે લિયોપોલ્ડવીલમાં વ્યવહાર ચલાવવા માટે ફ્રેંચ ઉપર પ્રભુત્વ મેળવવું પડશે.

જો માનવજાત આત્મવિનાશમાંથી પોતાને બચાવવામાં સફળ થાય, અને હું માનું છું તેમ તે સફળ થશે, તો રાષ્ટ્રવાદ તરફનું આપણું વલણ અને આપણી નીતિ થોડાંક બદલવાની પણ જરૂર રહે. જો આપણે નિષ્ફળ જઈએ અથવા સફળતા મેળવવામાં ઘણા ધીમા પડીએ તો માથે તોળાઈ રહેલા આત્મવિનાશના ભય સહિત આપણે જાગતિક સમાજ રચવાને માટે સમય સામે અત્યારે મથી રહયા છીએ. રાષ્ટ્રવાદ જગતની એકતામાં મુખ્ય હરકત હોવાથી, દુનિયાના ઇતિહાસના વર્તમાન પ્રકરણમાં રાષ્ટ્રવાદ માનવપ્રજાનો ‘પ્રથમ નંબરનો દુશ્મન’ છે. તેથી આપણું પ્રથમ કાર્ય રાષ્ટ્રવાદના દાંત ખેંચી કાઢવાનું છે. જો આપણે જાગતિક સમાજ સ્થાપવાનું કાર્ય કરી શકીએ તો એની સત્તા એને અધીન રાષ્ટ્રવાદી એકમોની સત્તાને ભોગે વધી જવાનો સંભવ છે. અને આપણે એવા મુદ્દા પર આવી પહોંચીએ જ્યાં રાષ્ટ્રવાદને દાબી દેવાનું ચાલુ રાખવા કરતાં આપણે તેને જીવતો રાખવા વધુ આતુર બનીએ જેથી તેમનાં ઉપયોગી કાર્યો કરતાં રહેવાનું તેમને માટે શક્ય બને. જો તેમનાં નાગરિકો તેમને માટે દરકાર કરતાં અથવા તેમાં રસ લેતાં બંધ થાય તો જગતમાં પ્રાદેશિક સ્વરાજ્યની સાથે પ્રાદેશિક વૈવિધ્યનો પણ અંત આવે. જગદ્વ્યાપી ધોરણે સંપૂર્ણ કેન્દ્રીકરણ અને સંપૂર્ણ એકરૂપતાની માનવ જીવન ઉપર ખરાબ રીતે શોષક અસર થાય છે. પસંદ કરવાની અને પહેલ કરવાની સ્થિતિવાળા લોકોની સંખ્યા એ મૂઠીભર બનાવી દેશે.

આ ભયનું ઉદાહરણ આપણને ઓગસ્ટન શાંતિ પછી રોમન સામ્રાજ્યમાં જે કંઈ બન્યું તેનાથી મળે છે. રચનાત્મક મુત્સદ્દીગીરીના આ

મહાન કાર્યે ગ્રીકો–રોમન સમાજને વિનાશનાં જડબાંમાંથી બહાર ખેંચી કાઢયો. આધુનિક જગતનાં રાષ્ટ્રીય રાજ્યોને મળતાં આવતાં નગરરાજ્યોએ ગ્રીકો-રોમન સંસ્કૃતિને અંદર અંદરનાં સતત ઘર્ષણો વડે ભાંગી નાંખી હતી. હવે તેમને યુદ્ધો કરતાં અટકાવવામાં આવ્યાં. જગતની શાંતિને ખંડિત કરતા, ખોટી રીતે વપરાયેલા તેમના પરંપરાગત અધિકાર સિવાયના બીજા વિશાળ અધિકારો તેમની પાસે રહેવા દેવાનો હેતુ હતો. હજી પણ વધારેમાં વધારે પ્રાદેશિક સરકાર અને ઓછામાં ઓછી જાગતિક સરકાર હતી. આ બે હરોળની રાજકીય રચના એક આશાસ્પદ અખતરો હતી. મુખ્ય વફાદારી સર્વોપરી રોમન જગદ્રાજ્યને અને ગૌણ વફાદારી રોમન રાજાશાહી રાજ્યરચનાનાં અંગભૂત નગરપાલિકાને મળતાં આવતાં નગરરાજ્યોમાંના એકને એવી બેવડી વફાદારી વચ્ચે મેળ ખાતી સમતુલા ઉપર એની સફળતાનો આધાર હતો. રોમન શાંતિના પહેલા તબક્કામાં આ વફાદારીઓ વચ્ચેની નાજુક સમતુલા સિદ્ધ કરી શકાઈ. ઉદાહરણ તરીકે, સંત પોલ રોમન જગદ્રાજ્યના નાગરિક હોવામાં ગૌરવ માનતા અને તે સાથે પોતાના જન્મનગર ટારસસના નગરરાજ્યના નાગરિક હોવાનું પણ ગૌરવ ધરાવતા. ધીરે ધીરે રોમન સામ્રાજ્યના વતનીઓનો સુધરાઈની બાબતોમાંથી રસ જતો રહ્યો; નગરપાલિકાનું તંત્ર ભાંગી પડ્યું; મધ્યસ્થ સરકારને એ કબજે કરવું પડ્યું, પરિણામે એને માથે બોજો વધી ગયો. તેને અંતે થયેલી રોમન પડતીનાં મુખ્ય કારણોમાંનું આ પણ એક હતું. જ્યારે આપણું પોતાનું જગદ્રાજ્ય હજી ઘડતરદશામાં છે ત્યારે અત્યારે આપણને કદાચ આ ઐતિહાસિક પૂર્વપ્રસંગની અવગણના કરવાનું પરવડી શકે, પણ કાલે જ્યારે આપણું જગદ્રાજ્ય સ્થપાશે ત્યારે રોમન ઇતિહાસના આ પ્રકરણને સ્મરી તેમાંથી બોધ લેવાનું આપણે માટે સલાહભરેલું બનશે.

એ દરમિયાન આપણું હાલનું કાર્ય, અને તે પણ તાકીદનું કાર્ય, રાષ્ટ્રવાદનાં વિચ્છેદક બળોને અંકુશ હેઠળ લાવીને જગતની એકતા તરફ ગતિ કરતી માનવપ્રવૃત્તિઓમાં આવેલા જુવાળને પુષ્ટ કરવાનું છે. આપણું આ તાત્કાલિક કાર્ય કઠિન છે અને કેટલીકવાર તો આપણે નિરુત્સાહને વશ થઈ જવા લલચાઈએ પણ છીએ. આવા હતાશાના ભાવ વખતે દુનિયાના ઇતિહાસના પ્રકરણને સર્વાંગી દૃષ્ટિએ વિલોકી આપણે હિમ્મતને પુનર્જીવિત કરી શકીએ. આપણે જ્યારે એને ભૂતકાળની ભૂમિકાને પડછે જોઈએ છીએ ત્યારે આપણને લાગે છે કે જગતની એકતા તરફની હિલચાલ ખુદ સંસ્કૃતિ જેટલી

પુરાણી છે. દક્ષિણ-પશ્ચિમ એશિયામાં સૌપ્રથમ જન્મેલી સંસ્કૃતિના ઉદ્‌ભવના સમયથી પાંચ હજાર વર્ષોના ગાળા દરમિયાન એ ગતિ પકડતી રહી છે.

પચીસસો વર્ષ પહેલાં પ્રાચીન ઉચ્ચતર ધર્મોના આગમનથી એકતા તરફની ગતિને બળ મળ્યું છે. આ ક્રાન્તિકારી પ્રકારના ધર્મોનો મુખ્ય હેતુ માનવને કેવળ, આધ્યાત્મિક સત્ય સાથે સીધા સંપર્કમાં લાવવાનો અને તેમને તેની સાથે સંવાદિતાથી રહેવામાં મદદરૂપ થવાનો હતો. પોતાના આ સર્વોચ્ચ હેતુઓને પાર પાડવાના તેમના પ્રયત્નોમાં તેમને પ્રસંગોપાત્ત માનવીઓના એકબીજા સાથેના સંબંધની વ્યવસ્થાઓને પણ સ્પર્શવી પડી. એક વાર જ્યારે ધર્મે માનવીઓને કેવળ આધ્યાત્મિક સત્યના સંપર્કમાં લાવવાનું કાર્ય આરંભી દીધું એટલે તે પોતાની કાર્યવાહીને કોઈ એક પ્રાદેશિક જાતિના માળખા પૂરતી જ મર્યાદિત કરી શકે નહિ. એણે જગતની સમગ્ર માનવજાતને ઉદ્‌બોધવી રહી; પોતાનું જગદ્‌વ્યાપી આધ્યાત્મિક કાર્ય કરવાને માટે નવી પદ્ધતિઓ અને નવી સંસ્થાઓ પણ એણે ઘડવી રહી.

સમગ્ર જગતમાં પ્રારંભિક માનવસંસ્થાઓ ધર્મપ્રચાર કરનારા ધર્મોએ રચેલા મઠોના સ્વરૂપની હતી. માનવસમાજને સમૂહમાં ઉદ્‌બોધનો કરવાના પ્રારંભિક અખતરાઓ ધર્મના પ્રચારકો તરફથી થયા હતા. ધાર્મિક કાર્ય કરનાર પ્રચારકોએ શોધેલી પ્રચારની પદ્ધતિઓ મુત્સદ્દીઓએ અને વેપારીઓએ ઝડપી લીધી અને પોતાના હલકા હેતુઓ પાર પાડવા તેને ઉતારી પાડવામાં આવી. પ્રચાર એ ધર્મસંસ્થાની શોધ છે એ ખુદ 'પ્રોપેગેન્ડા' શબ્દથી જ પુરવાર થાય છે. રોમન કૅથોલિક ખ્રિસ્તી ધર્મસંસ્થાની, સમગ્ર જગતમાં રોમન કૅથોલિક ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે, રચવામાં આવેલી કાયમી સમિતિ ઉપરથી એ આવે છે. આપણે જાણીએ છીએ તેમ પ્રચારની કલાનો દુરુપયોગ થઈ શકે છે અને થયો પણ છે. આ દુરુપયોગ તેના ધર્મપ્રચારક સંશોધકોએ તેમજ પોતાના હેતુઓને પાર પાડવા માટે એ કાર્યને ચોરી લેનાર સાંપ્રદાયિક પ્રચારકોએ પણ કર્યો છે. ગમે તેમ પણ સામુદાયિક ઉદ્‌બોધનની કલા લોકશાહી યુગમાં જાગતિક સમાજવ્યવસ્થાનું ન ટાળી શકાય એવું સાધન છે. લોકશાહી પાયા ઉપર જાગતિક સમાજરચનાનું કાર્ય આપણી પેઢીને માથે જ્યારે આવ્યું છે ત્યારે આજ સુધીનાં અઢી હજાર વર્ષના ગાળા દરમિયાનના પ્રચારના થયેલા ઉપયોગ અને દુરુપયોગનો આપણો એકત્રિત અનુભવ આપણી પાસે છે, એ આપણું સદ્‌ભાગ્ય છે.

સમગ્ર માનવજાતને એક કરવાના સાહસ માટે બહાર પડનારી આપણી પેઢી એ કાર્યમાં સૌપ્રથમ ન હોવામાં પણ આપણે નસીબદાર છીએ. ઉચ્ચતર ધર્મોના પ્રચારકોએ આ હેતુને નિષ્ઠાપૂર્વકના પ્રયાસથી પાર પાડયો છે. આમાંના ઓછામાં ઓછા ત્રણ ધર્મોએ—બૌદ્ધ, ખ્રિસ્તી અને ઇસ્લામ—પોતાની નજર સમક્ષ સમગ્ર માનવસમાજને પોતાના વાડામાં લાવવાનું ધ્યેય રાખ્યું છે. આમાંના એકે પણ હજી સુધી એ ધ્યેય પ્રાપ્ત કર્યું નથી. આ ત્રણે ધર્મો એક સાથે અસ્તિત્વ ધરાવે છે તે હકીકત જ પોતાનો એકસરખો કાર્યક્રમ પાર પાડવામાં આ ધર્મો કેટલા અંતરે પાછળ પડયા છે તે અંતરનું માપ દર્શાવે છે. સમગ્ર જગતનું પરિવર્તન કરવામાં ઊણા પડયા છતાં એમાંનો પ્રત્યેક એક કરતાં વધારે ખંડોમાં ફેલાવામાં સફળ થયો છે. વર્તમાન યંત્રવિદ્યાએ ઘટાડેલા અંતર પૂર્વેની પરિસ્થિતિમાં આ કાર્ય થયું છે તે ધ્યાનમાં લેતાં આ એક અસાધારણ સિદ્ધિ ગણાય. વર્તમાન સમયમાં જગતને એક કરવાના આપણા પ્રયાસમાં, આપણે નિર્જીવ પ્રકૃતિને ઉપયોગમાં લેવામાં સિદ્ધ કરેલી સફળતાએ ડરાવે એવાં જોખમો ઉત્પન્ન કર્યાં હોવા ઉપરાંત શકિતશાળી ભૌતિક સાધનો પણ આપણને આપ્યાં છે. ઉચ્ચતર ધર્મોના પ્રચારકો પાસે નૌકાને ઉપયોગી થઈ પડે તે પવન સિવાય બીજાં કોઈ જ પ્રાકૃતિક બળો તેમના વશમાં ન હતાં. જમીન ઉપર તેમને માનવીઓના સ્નાયુબળ અને પાળેલાં પ્રાણીઓ ઉપર આધાર રાખવો પડતો હતો. છતાં આ પ્રાથમિક સ્વરૂપનાં વ્યવહારનાં સાધનોની મદદ વડે તેઓ પોતાનો સંદેશ પૃથ્વીને છેડે લઈ જવામાં સફળ થયા.

વ્યવહારનાં આધુનિક સાધનોની મદદ વિના સમગ્ર માનવજાતનું પોતાના ધર્મમાં પરિવર્તન કરવા નીકળનાર ઉચ્ચતર ધર્મોને તેમના હિમ્મતી સાહસમાં સરસ આરંભ અપાયાનો લાભ મળ્યો હતો. આ લાભ જુદી જ વ્યવસ્થાની સંસ્થાઓની સ્થાપના તરફથી મળ્યો હતો. એ સંસ્થા તે કહેવાતાં 'જગદ્વ્યાપી સામ્રાજ્યો'. એ સામ્રાજ્યો કહેવાતાં જગદ્વ્યાપી હતાં, કારણ, જેમ પ્રચારક ધર્મો જગદ્વ્યાપી ન હતા તેમ એ પણ ન હતાં. આ જગદ્વ્યાપી સામ્રાજ્યો વાચ્યાર્થમાં જગદ્વ્યાપી ન હતાં પણ તેમણે વિશાળ પ્રદેશો ઉપર શાંતિ અને વ્યવસ્થા ચોક્કસ સ્થાપી હતી અને કેટલાક કિસ્સાઓમાં તો કુસંપ કે અંધાધૂંધીના ઉથલા ખમ્યા વિના સૈકાંઓ સુધી એ વ્યવસ્થા ચાલુ રહી હતી. પોતાનાં રાજ્યોમાંના દરિયાઈ માર્ગો અને જમીન-માર્ગોની ચોકી કરવા ઉપરાંત તેમણે જળવ્યવહારને માટે બંદરો બાંધી તેમાં નક્કર સુધારા કર્યા અને રસ્તાઓ

ઉપરાંત પુલો અને વિશ્રાંતિગૃહો બાંધી વ્યવહારને માટે માર્ગે ફાજલ ઘોડાઓ પૂરા પાડવાની વ્યવસ્થા પણ કરી હતી.

ઉચ્ચતર ધર્મોમાંનો પ્રત્યેક પોતાના પ્રચારકાર્યની અમુક કક્ષાએ એક કે બીજા જગદ્વ્યાપી સામ્રાજ્યે પૂરી પાડેલી સગવડનો લાભ ઉઠાવવાને શક્તિમાન થયો હતો. ખ્રિસ્તી ધર્મને રોમન સામ્રાજ્યની સગવડ એટલી બધી મૂલ્યવાન થઈ પડી કે કૉન્સ્ટેન્ટીનિયન યુગની પૂર્વે જ્યારે રોમન રાજ્યના સત્તાવાળાઓ તરફથી ખ્રિસ્તી ધર્મની અવારનવાર અવગણના અને પીડન કરવામાં આવતાં હતાં ત્યારે ખ્રિસ્તી ધર્મશાસ્ત્રીઓએ આગાહી કરી હતી કે ઈશ્વરે પોતે નક્કી કરેલું ભાવિ અમલી બનાવવાને માટે કદાચ એવું ગોઠવ્યું હોય કે પેલેસ્ટાઈનમાં જિસસના જન્મટાંકણે ભૂમધ્યની આજુબાજુ આવેલા દેશો રોમન શાંતિ હેઠળ રાજકીય રીતે એકત્રિત થાય. રોમન સત્તાવાળાઓ પોતે જે રીતે જોતા હતા તેવું ચિત્ર તો અલબત્ત આ નહોતું જ. રોમન સામ્રાજ્યે અને જગદ્વ્યાપી સામ્રાજ્યોએ પણ સગવડો તો પોતાને માટે સર્જી હતી. તેમણે આ સગવડો પ્રચારક ધર્મોને ફેલાવામાં મદદરૂપ થવાને માટે નહોતી કરી. અને જ્યારે પ્રચારક ધર્મોની પ્રવૃત્તિઓ તેમની નજરે ચઢી ત્યારે તેમણે એ પ્રવૃત્તિને અટકાવવા માટે અને કદી કદી સંપૂર્ણ રીતે કચડી નાખવાને માટે પણ પ્રયત્ન કર્યો. રોમન સામ્રાજ્ય અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે કૉન્સ્ટેન્ટીનિયન પૂર્વેના તબક્કા દરમિયાન થયેલા મુકાબલામાં રોમન રાજ્યની આ નીતિ હતી. મુસલમાનોએ સર્જેલા અને જેમના ઉપર મુસલમાન સત્તા હતી તે ખિલાફત પણ પોતાની બિનઇસ્લામી વધુ વેરો આપતી બહુમતી રૈયતનું ધર્મપરિવર્તન કરાવવાને તૈયાર ન હતા. અને ધર્મપરિવર્તનો કરતાં વધારાનો વેરો ભરનારા એમને વધારે પસંદ હતા. ઈરાની સામ્રાજ્યનું ઝોરોસ્ટ્રિયન અને જુડાઈ ધર્મ તરફનું વલણ વધારે ઉપકારક હતું. અશોક, કનિષ્ક અને કૉન્સ્ટેન્ટાઈન તો એવા ત્રણ મહારાજાઓ થઈ ગયા જેમણે જગદ્વ્યાપી ધર્મોમાંથી એકના આશ્રયદાતા બની પોતાના સામ્રાજ્યની સાધનસંપત્તિને તેના ટેકા માટે વિચારપૂર્વક વાપરી ચિરંજીવ કીર્તિ સંપાદન કરી. અશોકે મૌર્ય સામ્રાજ્યની સેવા થેરવાદ બૌદ્ધધર્મને અર્પણ કરી, કનિષ્કે કુશાન સામ્રાજ્યની સેવા મહાયાન બૌદ્ધ ધર્મને અર્પી અને કૉન્સ્ટેન્ટાઈને રોમન સામ્રાજ્યની સેવા ખ્રિસ્તી ધર્મને અર્પી.

આમ જગદ્વ્યાપી ધર્મોના હેતુઓને ગતિ આપવાનું જગદ્વ્યાપી

સામ્રાજ્યોનું કાર્ય કેટલાક દાખલાઓમાં અહેતુક, તો કેટલાકમાં વિચારપૂર્વકનું હતું. ગમે તેમ, પણ આ બે પ્રકારની સંસ્થાઓ કુદરતી રીતે સહભાગીઓ હતી કારણ ઘણી મહત્ત્વની વસ્તુઓ તેમને માટે સમાન હતી. જગદ્વ્યાપી ધર્મો અને જગદ્વ્યાપી સામ્રાજ્યો સમગ્ર માનવસમાજને આવરી લેતી એક જ સમાજરચનામાં ફેરવવાના પ્રયત્ન બનવામાં—જો કે જુદી જુદી ભૂમિકાએ—એકબીજાને મળતા આવતા હતા. તેઓ આફતના પ્રત્યાઘાતો બનવામાં તેમજ તેને દૂર કરવાના રચનાત્મક પ્રયત્નો બનવામાં પણ એકબીજાને મળતા આવતા હતા.

પુરોગામી આફત પ્રાચીન પ્રાદેશિક સંસ્કૃતિઓની નિષ્ફળતા હતી. આ નિષ્ફળતાનું કારણ ઘરકજિયો બન્યો હતો. અને આ કજિયાનું મૂળ કુસંપ હતું. આજની આપણી સંસ્કૃતિની માફક શરૂઆતની સંસ્કૃતિઓને અસંખ્ય સ્વતંત્ર સ્વાધીન પ્રાદેશિક રાજ્યોમાં વહેંચી નાખવામાં આવી હતી. આ રાજ્યોને એકબીજા સાથે લડાઈ કરવાની છૂટ હતી. તેમના પ્રાદેશિક હેતુઓને લીધે ઊભાં થયેલાં અનિવાર્ય ઘર્ષણોએ સર્જેલી જે લડાઈઓમાં તે સંડોવાયાં તે ધીરે ધીરે વધારે વિનાશક બની. વધારે નુકસાન ભૌતિક કરતાં નૈતિક થયું અને તે સમારવાનું કામ મુશ્કેલ હતું. અનિષ્ટના ઉદ્ભવની ઉપલક્રિયા પરિપાટીએ એવા જ ઉપાયો વડે એ અનિષ્ટોને અટકાવવાના આ જગદ્વ્યાપી સામ્રાજ્યો પ્રયત્નો હતાં. પ્રાદેશિક રાજ્યોને ખાલસા કરીને અથવા તો એ રાજ્યોને, રાજ્યોના આંતરવિગ્રહોમાંથી એક માત્ર બચેલા રાજ્ય તરીકે બહાર આવી જગદ્વ્યાપી રાજ્યમાં પરિવર્તન પામનારા તેમાંના એકની આગળ નમાવી દઈને સામ્રાજ્યોએ આ ઝઘડાળુ પ્રાદેશિક રાજ્યો ઉપર શાંતિ લાદી. જગદ્ધર્મોએ શોધેલો ઉપાય વસ્તુના હાર્દની વધારે નજીક આવ્યો. જગદ્ધર્મોના સ્થાપકો અને પ્રચારકોએ જોયું કે આ વિનાશક આંતર-રાજ્ય ઝઘડાનું મૂળ નૈતિક છે અને તેથી તેનો અસરકારક ઉપાય નૈતિક ધોરણે જ થઈ શકે. તેમણે જે ઉપાય શોધી કાઢ્યો તે સ્ત્રી-પુરુષોને વ્યક્તિગત રીતે કેવળ, આધ્યાત્મિક સત્ય સાથે સીધા સંપર્કમાં લાવવાનો અને તેની સાથે સંવાદી બનવામાં મદદરૂપ થવાનો હતો. હું માનું છું તે પ્રમાણે આધ્યાત્મિક ખોજ એ બધા જ ઉચ્ચતર ધર્મોને માટે સમાન છે, જો કે આપણે જાણીએ છીએ, તેમ તેઓ સત્યના દર્શનમાં અને પવિત્ર જીવન જીવવાના ફરમાનની બાબતમાં એકબીજાથી ઘણા ભિન્ન છે.

મેં ઉપર ક્યારનું નોંધ્યું છે કે જગદ્વ્યાપી ધર્મોમાંનો એક પણ અથવા તો જગદ્વ્યાપી સામ્રાજ્યોમાંનું એક પણ માનવસમાજની સમગ્ર જીવંત પેઢીને આવરી લે એ અર્થમાં હજી સુધી જગદ્વ્યાપી બનેલ નથી. આજે જ્યારે આધુનિક યંત્રવિદ્યા 'અંતરને ઘટાડવામાં' સફળ થઈ છે ત્યારે પહેલી જ વાર જગદ્વ્યાપી સમાજરચના એના શાબ્દિક અર્થમાં વ્યવહારુ શક્યતા અને તે સાથે તાકીદની આવશ્યકતા બની છે. આપણી અત્યારની પરિસ્થિતિમાં જગદ્વ્યાપી ધોરણે એકતાથી જરા જેટલું ઓછું માનવજાતને આત્મવિનાશમાંથી બચાવી શકે તેમ નથી. આપણા યુગમાં આપણી સામે પડેલું કાર્ય જેટલું તાકીદનું છે તેટલું જ મુશ્કેલ પણ છે. એથી આપણા પુરોગામીઓના અનુભવોમાંથી મળતા બોધને ગ્રહણ કરીને અને તેનો વિનિયોગ કરીને આપણને મદદરૂપ થવામાં જ શાણપણ રહેલું છે.

હું માનું છું કે એક બોધપાઠ તો સ્પષ્ટ જ છે. અણુયુગમાં કોઈ પણ ક્ષેત્રે જગદ્વ્યાપી એકતા ભૂતકાળમાં જગદ્વ્યાપી સામ્રાજ્યોના સ્થાપકોએ અપનાવેલી લશ્કરી પદ્ધતિથી સાધી શકાવાની નથી જ. ધનુષ્યબાણ વડે ચાલતી લડાઈના યુગમાં પણ યુદ્ધો અને વિજયો વડે રાજકીય ક્ષેત્રે જગતને એક કરવાનું નૈતિક અને ભૌતિક મૂલ્ય ઘણું ભારે ચૂકવવું પડ્યું હતું. જ્યારે જ્યારે આ પદ્ધતિ વડે એકતા લાદવામાં આવી હતી—આ કહેવાતાં જગદ્વ્યાપી સામ્રાજ્યોના જગદ્વ્યાપી ક્ષેત્રથી ઓછા ક્ષેત્રે પણ—ત્યારે ત્યારે જંગલી કૃત્યો કરવાની હદ સુધી નીચે ઊતરી પડેલા સમાજે આ પ્રક્રિયા દરમિયાન પોતાના ઉપર અસાધ્ય દુઃખો નાખ્યાં હતાં. અણુયુગમાં બળ વડે માનવજાતને એકત્રિત કરવાનો કોઈ પણ પ્રયત્ન એના સંગઠનમાં નહિ પણ એના આત્મવિનાશમાં પરિણમશે એ ચોકકસ. માટે આજે આ સંગઠન માટેનો એક માત્ર વ્યવહારુ માર્ગ—અનેકમાંના એક રાજકીય ક્ષેત્રે પણ—ધર્મપ્રચારકોની સમજાવટની પદ્ધતિ અપનાવવાનો છે. જે યુગમાં રાજકીય આદર્શો લોકશાહી છે અને આપણો સમાજ વિશાળ કદનો છે તે યુગમાં સમજાવટ સામુદાયિક ઉદ્બોધનની કલાનો એટલે કે પ્રચારનો ઉપયોગ કરવાની જ છે: આપણે એની પણ સાવધાની રાખવી પડશે કે જે કલાનો દુરુપયોગ થવાની વધારે શક્યતા છે તે કલા કેવળ એના યોગ્ય માર્ગે જ વપરાય: અણુયુદ્ધના જોખમની સરખામણીમાં અનુચિત પ્રચારનું જોખમ ઘણું ગૌણ છે.

જો કે જગદ્વ્યાપી ધર્મો અને જગદ્વ્યાપી સામ્રાજ્યો ખરેખરા અર્થમાં

જગદ્વ્યાપી બનવામાં ઊણાં પડયાં છે છતાં એના અનુયાયીઓથી અને પ્રજાથી દેખાતા અને અનુભવાતા આત્મલક્ષી અર્થમાં એ આખા જગતમાં વ્યાપ્યાં છે. હિન્દુધર્મ, બૌદ્ધ ધર્મ, ઇસ્લામ અને ખ્રિસ્તીધર્મ અનુક્રમે હિન્દુઓ, બૌદ્ધો, મુસલમાનો અને ખ્રિસ્તીઓ માટે જગદ્વ્યાપી ધર્મો છે, જો કે આ ચારે ધર્મો હકીકતમાં એકબીજા સાથે સહ-અસ્તિત્વ ધરાવે છે. એવી જ રીતે, જે કાળે રોમન સામ્રાજ્ય એની પ્રજા માટે ‘એકમાત્ર વસવાટવાળી દુનિયા હતી,’ તે જ સમયે ચીની સામ્રાજ્ય એની પ્રજા માટે ‘આખા આકાશ તળે એકમાત્ર હતું.’ એક જ ગ્રહના પૃષ્ઠ પર આ બન્ને સામ્રાજ્યો સમકાલીન હોવા છતાં આત્મલક્ષી અર્થમાં એ બન્ને જગદ્વ્યાપી સામ્રાજ્યો હતાં. સમગ્ર જગતને પોતે આવરી લે છે એમ બન્ને માનતાં હતાં છતાં તેમની હોડીઓના સઢોના છેડાના પ્રસંગોપાત્ત થતા ઘસારા સિવાય એકબીજાના ગાઢ સંપર્ક વિના તેઓ પા સહસ્રાબ્દી સુધી સહ-અસ્તિત્વ ધારણ કરી રહ્યાં. જગદ્વ્યાપી સામ્રાજ્યોની પ્રજાના અને જગદ્વ્યાપી ધર્મોના અનુયાયીઓના અનુભવમાં જગદ્વ્યાપી સમાજના પોતે સભ્ય છે એવી, મહત્ત્વનો ભાગ ભજવી ગયેલી સાચી લાગણીનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ આપણે માટે કરવા જેવો છે. ભવિષ્યમાં એકત્રિત માનવકુટુંબના સભ્ય બન્યા પછી કેવી લાગણી આપણે અનુભવીશું તેનો પૂર્વસ્વાદ એથી આપણને મળશે. અને આપણી ભવિષ્યની પરિસ્થિતિનું આ પૂર્વદર્શન આપણને વ્યાવહારિક રીતે પણ ઉપયોગી થઈ પડશે. સાચા અર્થમાં જગદ્વ્યાપી સંગઠનની સિદ્ધિ—જો અને જ્યારે આપણે તે પ્રાપ્ત કરી શકવાના હોઈએ તો અને ત્યારે—આપણા ઘણા કોયડાઓનો ઉકેલ લાવશે, પણ એનો ઉકેલ લાવવામાં એ આપણે માટે બીજા નવા કોયડાઓ પણ ઊભા કરશે. આના ઉપર આપણા પુરોગામીઓનો અનુભવ કશોક મૂલ્યવાન પ્રકાશ ફેંકી શકશે.

આ જગદ્વ્યાપી સામ્રાજ્યો અને જગદ્વ્યાપી ધર્મો પ્રાચીન પ્રાદેશિક સંસ્કૃતિઓની આપત્તિજનક નિષ્ફળતાને નિવારવાના એક પછી એક થયેલા પ્રયત્નો છે અને સામાજિક આફતના ઉપાયો થનારા આ બે માનવપ્રજાને એકતા તરફ લઈ જતા માર્ગના માર્ગસૂચક સ્તંભો છે. પરંતુ કેવળ સંસ્કૃતિની પડતીએ જ માનવપ્રજાને એકતા તરફ ગતિ આપી છે એમ નથી. સંસ્કૃતિઓનો પૂર્વોદય જ એકતા પ્રત્યેની હિલચાલનું પ્રથમ પગથિયું હતું, જેને પાછળથી આ સંસ્કૃતિઓની પડતીએ વધારે ગતિ આપી.

હું માનું છું કે સંસ્કૃતિના ઉદ્‌ભવકાળથી આરંભી માનવજાતે પોતાના ઉપર આણેલી બધી જ મોટી આફતોનું મુખ્ય કારણ કુસંપ છે, એમ કહેવું સાચું થઈ પડશે. આ કુસંપનું મુખ્ય કારણ છે આપણી તીવ્ર પ્રદેશમમતા—પ્રાદેશિક સમાજો પ્રત્યેની આપણી સ્પષ્ટ વફાદારી. આજે જ્યારે સંગઠન પહેલાં કરતાં વધારે તાકીદનું બન્યું છે ત્યારે પણ સંગઠનની આડે આવતી આ મુખ્ય મુશ્કેલી છે. પાંચ હજાર વર્ષો પૂર્વની સંસ્કૃતિના પ્રાગટ્યના નજીકના પુરોગામી યુગમાં જે પરિસ્થિતિમાં આગળ પડતી માનવપ્રજા રહેતી હતી તેનો હઠીલો અને જોખમકારક અવશેષ આ અનિયંત્રિત પ્રાદેશિક મમતા છે.

માનવજીવનની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં ખેતીની શોધ એ મોટામાં મોટી ક્રાન્તિ છે અને ખેતીની પ્રણાલિકાની અસર સ્ત્રીને તેના કંદમૂળવાળા વાડા સાથે અને પુરુષને તેની ભાતની ક્યારી સાથે સાંકળવાની થઈ છે. પૂર્વ-કૃષિ યુગના ખોરાક શોધનારાઓ અને શિકારીઓ આજના યુગના કારખાનાના કામદારની માફક પ્રાદેશિક મમતાથી મુક્ત હતા. બન્નેથી વિરુદ્ધ, ખેડૂત તેને તેની આજીવિકા માટે કરવા પડતા કામના પ્રકારને કારણે અગતિશીલ બની ગયો છે. ખેડૂતને માટે તેનો ગ્રામીણ સમાજ જ તેની દુનિયા છે એ તો તમે જાણો છો. એની ક્ષિતિજ એનાં સાંકડાં બંધનોથી નિર્મિત થયેલી છે. સંસ્કૃતિઓના યુગના બધા જ પ્રાદેશિક સમાજો સ્પષ્ટ રૂપે ગ્રામીણ સમાજો હતા. પાછળના સમયના પ્રાદેશિક સમાજો આધુનિક ભારત, ચીન, સોવિયેત યુનિયન અને યુનાઇટેડ સ્ટેટ્સને ધોરણે બન્યા છે છતાં તેમના નાગરિકોનું માનસ ગ્રામલક્ષી બનવાનું જ ચાલુ રહ્યું છે.

સંસ્કૃતિ આ પ્રાદેશિક મૂળોને ઉખેડી નાખીને તેને અંતે સંગઠન પ્રાપ્ત કરવા માનવીઓને મુક્ત કરતી હિલચાલ છે, જે સંગઠન કોઈ પણ પ્રકારની આફત વિનાનું બની સમગ્ર માનવપ્રજાને આવરી લેવામાં જરા જેટલું ઊણું ન પડે. રોબર્ટ રેડફિલ્ડ નામના એક વિખ્યાત માનવવંશશાસ્ત્રીએ કહ્યું છે, 'સંસ્કૃતિ એટલે ઉન્મૂલન' અને આ ખરેખર સાચું છે. કૃષિસમાજનું ઉન્મૂલન કરવાનું પહેલું પગથિયું અત્યાર સુધીમાં જાણવા મળ્યું છે તે મળેલા પ્રાચીનતમ શહેરની રચનાનું છે: જોર્ડનની ખીણમાં આવેલા જેરીકો શહેરની હું વાત કરું છું. ત્યારથી શરૂ થયેલી શહેરીકરણ કરવાની ઉન્મૂલનક્રિયા આજે જ્યારે પૃથ્વીના ગોળાનો વસતીક્ષમ સમગ્ર ભાગ એક ચાલુ નગર બની રહ્યો છે ત્યાં સુધી આગળ ધપી છે. છતાં સંખ્યાની બાબતમાં વ્યવસાયના

વિભાગોની દૃષ્ટિએ માનવજાતની વસ્તીનો મોટો ભાગ ખેડૂતોનો છે. આજનો ખેડૂત ચોક્કસ પ્રકારનો કામદાર રહ્યો નથી. આ બાબતમાં યંત્રની રખેવાળી કરતા ઔદ્યોગિક કામદારે ખેડૂતની જગ્યા લઈ લીધી છે. અને આજે તે ચોક્કસ પ્રકારનો યંત્રરખેવાળ તે કારખાનામાં જડાયેલા યંત્રનું ધ્યાન રાખતો સ્ત્રી કે પુરુષ નથી. એ તો કોઈ પ્રકારનું ભૂમિ, જળ કે હવામાં યાંત્રિક વાહન ચલાવનારો વાહન હાંકનારો છે. ખેતીની શોધથી ઘડી ભર અગતિશીલ થઈ ગયેલી માનવજાત ફરી એક વાર ગતિ કરતી થઈ છે; અને આ ગતિ તે જગદ્વ્યાપી એકતા તરફની ગતિ છે. આપણે આ ધ્યેય તરફ ઓછામાં ઓછાં આજે પાંચ હજાર વર્ષોથી ગતિ કરતા રહ્યા છીએ, છતાં આપણું સામાજિક માનસ તો પથ્થરયુગના જેવું જ રહ્યું છે. હજી પણ જાણે આપણે એકલવાયા ખેતીપ્રધાન ગ્રામીણ સમાજ હોઈએ એ જ રીતે વર્તીએ છીએ.

આત્મ-રતતાની આ મૂળભૂત નિર્બળતા પછી આ પથ્થરયુગી માનસની પ્રાદેશિક મમતાનો સમયાનુચિત અવશેષ સંસ્કૃતિયુગની મહાન આફતોનું કારણ છે એમ મારે કહેવું જોઈએ. હવે જ્યારે આપણે અણુયુગમાં પ્રવેશ્યા છીએ ત્યારે સમયાનુચિત લાગણી અને વિચારપદ્ધતિ જોખમકારક બની છે. માનવપ્રજા સમક્ષ એકતા અથવા આત્મવિનાશ વચ્ચેની પસંદગી આવી પડી છે. આપણે હયાત રહી શકીશું કે નહિ તેનો જવાબ આપનાર આ ગંભીર નિર્ણયને આપણે હવે વધુ સમય ઠેલી શકીએ નહિ.

## ૩. જગતની એકતામાં ભારતનું પ્રદાન

આ ત્રીજા અને સમાપ્તિના વ્યાખ્યાનનો વિષય મારા જેવા પરદેશીને માટે નાજુક છે. મેં એની ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો છે કારણ કે મારા સામાન્ય વિષયનો એ જરૂરી ભાગ છે. પણ આજે હું એક સાહસ કરી રહ્યો છું એવા ભાનથી ઘેરાયેલો છું. જે વસ્તુઓનું મારા શ્રોતાઓને અંદરથી દર્શન થયેલું છે તે વસ્તુઓને હું બહારથી હાથ ધરનાર છું. આ વસ્તુઓ તમારા અંગત અને રાષ્ટ્રીય અનુભવના ભાગ રૂપ છે. આમાંની કેટલીક વસ્તુઓ મહત્ત્વની છે અને ચર્ચાસ્પદ પણ છે, અને તેથી તે એવા પ્રકારની છે કે જે લોકોની લાગણીઓને ઉત્તેજે. માટે આજે ખાસ કરીને મારા શ્રોતાઓને સંબોધવામાં પહેલાં કરતાં પણ વધારે ગૂંચવાડાની લાગણી હું અનુભવતો રહીશ.

હું ત્રણ મુદ્દાઓ હાથ ધરવા માગું છું. એ બધા જ હું માનું છું તેમ સ્પષ્ટ છે, પણ એટલા માટે તેઓ ચર્ચાને અયોગ્ય ઠરતા નથી. મારો પહેલો મુદ્દો એ છે કે જગતમાં ભારત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આજે જે ઇરાક છે તેમાંની પોતાની મૂળ જન્મભૂમિમાંથી સંસ્કૃતિ પહેલી વાર જ્યારે પૂર્વમાં અને પશ્ચિમમાં ફેલાવા માંડી ત્યારથી ભારત આ સ્થાન ધરાવતું આવ્યું છે. મારો બીજો મુદ્દો એ છે કે ભારત આજના જગતના સાર રૂપ છે. સમગ્ર માનવપ્રજાનો મુકાબલો કરતા મુખ્ય કોયડાઓમાંના કેટલાક આજે ભારતની સરહદોની અંદર નોંધપાત્ર રીતે મોજૂદ છે અને ભારતના લોકો તેમજ ભારતની સરકાર આજે તેમનો ભારતના રાષ્ટ્રીય પ્રશ્નો તરીકે સામનો કરી રહી છે. મારો ત્રીજો મુદ્દો એ છે કે ભારતમાં જીવન તરફનું જે વલણ છે અને માનવપ્રવૃત્તિઓને હાથ ધરવાનો જે અભિગમ છે તે વર્તમાન પરિસ્થિતિની આવશ્યકતાઓ પૂરી કરે છે. આ માત્ર ભારતમાં જ નહિ પણ સમગ્ર જગતમાં છે. હું એક પછી એક એમ આ ત્રણે મુદ્દાઓની ચર્ચા કરીશ.

ભારતનું મહત્ત્વનું સ્થાન માત્ર નિર્દેશવાનું જ રહે છે. હકીકતો સ્વયં પ્રગટ છે, એને માત્ર ખુલ્લી જ કરવાની હોય છે, પ્રયોગાત્મક સાબિતીની એને જરૂર નથી. ઈશાન ખૂણામાં આવેલા જાપાનથી માંડી વાયવ્યમાં આવેલા

આયર્લૅન્ડ સુધી લંબાયલી પ્રાદેશિક સંસ્કૃતિઓની સાંકળમાં ભારત એ વચલી કડી છે. આ બન્ને છેડાઓની વચ્ચે, દક્ષિણમાં વિષુવવૃત્તની નીચે આવેલા ઇન્ડોનેશિયામાં હારના ઘાટમાં આ સાંકળ દક્ષિણ તરફ વાંકી વળે છે. જૂના જગતની પ્રમાણમાં પ્રાચીન સંસ્કૃતિઓની માળાનું પ્રાચીન ગ્રીક ભાષામાં પોતાનું નામ છે. ગ્રીકોએ એને સમુદાયવાચક નામ Oikoumene આપ્યું હતું, જેનો અર્થ જગતનો વસ્તીવાળો ભાગ એવો થતો હતો, અને ધીરે ધીરે તેઓ એના પ્રસારપ્રદેશથી માહિતગાર થતા ગયા. ઇસુની બીજી સદીમાં થઈ ગયેલા એલેકઝાન્ડ્રિયન ગ્રીક ભૂગોળવેત્તા ટોલેમીના સમયથી Oikoumeneએ પોતાનો પ્રદેશ, અલબત્ત, વિસ્તાર્યો છે. એણે રશિયા, ઉત્તર યુરોપ, અમેરિકન પ્રદેશો, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડને પોતામાં સમાવી લીધા છે. આજે તો એણે પૃથ્વીની સપાટીના બધા જ વસ્તીવાળા અને ઓળંગી શકાય એવા બધા પ્રદેશોને આવરી લીધા છે, અને આજની આ યંત્રવિદ્યાએ સર્જેલી પરિસ્થિતિ હેઠળ લગભગ એની સમગ્ર સપાટીને સમાવી લે છે. પરન્તુ આ બધાં પરિવર્તનો દરમિયાન, સંસ્કૃતિ જેવી પૂર્વ તરફ ચીનમાં અને પશ્ચિમ તરફ યુરોપમાં ફેલાઈ કે તરત જ પોતે જે પરિસ્થિતિમાં હતું તે પરિસ્થિતિમાં ભારતે પોતાનું કેન્દ્રીય સ્થાન જાળવી રાખ્યું છે.

અલબત્ત, કેવળ ભૌગોલિક અર્થમાં જ ભારત મહત્ત્વનું સ્થાન ધરાવતું નથી. ઉદાહરણ તરીકે, આજની ઘડીએ પ્રતિસ્પર્ધી આદર્શો વચ્ચે ચાલી રહેલી જગદ્વ્યાપી સ્પર્ધામાં ભારત જ સમતુલા ધરાવે છે એમ વ્યાપક રીતે સ્વીકારવામાં આવે છે. આજે સંસદીય સ્વરૂપની લોકશાહીનું એશિયામાં વર્ચસ્ છે કારણ કે ભારતે પોતાના રાજકીય જીવન માટે આ માર્ગ અખત્યાર કર્યો છે. જો આ બાબત વિશે ભારત પોતાનો વિચાર બદલવાનું હોય તો એની અસર માત્ર ભારતમાં જ નહિ પણ હિંદી મહાસાગરના કિનારા ફરતી અને એશિયા અને આફ્રિકાની ભીતરમાં પણ થાય. તેમ છતાં રાજકારણ માનવજીવનની ઉપલકિયા પ્રવૃત્તિઓમાંની માત્ર એક છે. ધર્મ તેના કરતાં વધારે ઊંડે સુધી પહોંચે છે અને ધર્મની કક્ષાએ ભારત યાચક નથી પણ દાતા છે. ઉચ્ચતર જીવંત ધર્મોની કુલ સંખ્યામાંના લગભગ અડધાનું મૂળ ભારતીય છે. માનવપ્રજામાંની લગભગ અડધી હિન્દુધર્મ અથવા બૌદ્ધધર્મ પાળે છે. જાગતિક ઇતિહાસના તદ્દન નિરાળા આર્થિક ક્ષેત્રે પણ ભારત મોટું બળ બન્યું છે. દારાયસ પહેલાના સમયથી આગળ ઈરાની સામ્રાજ્યના, ઇસુની

બીજી સદીમાં સિન્ધુની ખીણના પ્રદેશ અને ઈજિપ્ત વચ્ચે આરંભાયલા દરિયાઈ માર્ગ પછીના ગ્રીકો-રોમન જગતના, વેનિસના ઉદય પછી મધ્યકાલીન ખ્રિસ્તી શાસનના, વાસ્કોડીગામાએ કાલિકટમાં ઉતરાણ કર્યું ત્યારથી આજ સુધીના આધુનિક પશ્ચિમી જગતના આર્થિક ઇતિહાસનો વિચાર કરો : આ પ્રત્યેક દાખલામાં તમે ભારતીય બળ ધ્યાનમાં લેશો ત્યારે જ તમે ખરી વાત સમજી શકશો. રાજકારણના ક્ષેત્રે ભારત ઓછામાં ઓછાં ચાર સામ્રાજ્યોની ભૂમિ બન્યું છે, જે, હું માનું છું તેમ સાચા અર્થમાં જગદ્‌વ્યાપી રાજ્યના ભૂતકાળના પ્રાયોગિક નમૂનાઓ તરીકે ઓળખાશે. આમાંનાં બે મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્ય, સંપૂર્ણ ભારતીય પ્રજાએ રચ્યાં હતાં અને ચલાવ્યાં હતાં ; તથા ભારતમાંનાં મુગલ તથા બ્રિટિશ સામ્રાજ્ય પણ જો એના બિનભારતીય પ્રારંભકો ભારતીય મદદનીશોની મોટા પાયા ઉપરની મદદ મેળવવા શકિતશાળી થયા ન હોત, તો રચાયાં ન હોત અને ચલાવાયાં પણ ન હોત.

ત્યાર પછી આપણા સમયના જગદ્‌વ્યાપી પ્રશ્નો, જેનો બીજા પ્રદેશોની માફક ભારતને પણ મુકાબલો કરવો પડે છે અને જેનો ભારતીય પદ્ધતિએ ભારત ઉકેલ શોધે છે, તેને હું સ્પર્શીશ. માનવપ્રજાના આ સામાન્ય પ્રશ્નોને હાથ ધરવાની ભારતીય પદ્ધતિ બાકીના જગત માટે રસનો વિષય છે, કારણ કે ભારતનો અભિગમ અને ભારતનો અનુભવ, જેમને એવા જ પ્રશ્નોનો મુકાબલો કરવાનો છે એવા બીજા દેશોના લોકો માટે બોધપ્રદ થઈ પડે એમ છે.

મારા બીજા વ્યાખ્યાનમાં મેં સંસ્કારિતાની કૃષિવિષયક અવસ્થા વિશે કંઈક વાત કરી હતી, જેને પુરાતત્ત્વવિદો પથ્થરયુગ તરીકે ઓળખાવે છે અને જે દક્ષિણ-પશ્ચિમ એશિયાની ફળદ્રુપ ભૂમિમાં પ્રગટેલી સૌથી પુરાણી સંસ્કૃતિઓના ઉદ્‌ભવની નજીકની પુરોગામી હતી. જ્યારે સંસ્કારિતાને નવી ભૂમિકા પ્રાપ્ત થાય છે ત્યારે તે એના પુરોગામી સ્તરોનો નાશ કરતી નથી. એ એ જ સ્તર ઉપર પોતાને કલ્પી લે છે અને જૂનો સ્તર દબાયલો રહે છે, પણ નાબૂદ થતો નથી. છેલ્લાં પાંચ હજાર વર્ષોની સંસ્કૃતિ પથ્થર યુગના કૃષિસમાજની પીઠ પર ખેંચાતી રહી છે. જે દેવીને એ કૃષિસમાજે પોતાના ખેતશ્રમ વડે ફળવતી બનાવી હતી, તે ધરતી માતાની છાતીને ભારે મારતી કૃષિમજૂરોએ બાંધેલી પિરામિડોની જેમ તેના ઉપર એ વજનપૂર્વક તોળાતી

રહી. છેલ્લાં પાંચ હજાર વર્ષોના ગાળા દરમિયાન સમાજની અલ્પજન સંખ્યાને જેમાં આ કૃષિસમાજને કશો ભાગ મળ્યો નથી એવી સંસ્કૃતિની સુખસગવડો પૂરી પાડવા માટે પોતાનું જે શોષણ કરવામાં આવે છે તેનાથી આ કૃષિસમાજ ટેવાઈ ગયો છે અને એ બાબતમાં અનાસક્ત પણ બન્યો છે. જગતનો કૃષિસમાજ ભૂખમરાની કક્ષાથી સહેજ જ ઊંચેરા ધોરણે જીવવાનું ચાલુ રાખી રહ્યો છે, જ્યારે એના ઉત્પાદનનો વધારો એની પાસે એક પછી એક સંસ્કૃતિના સર્જન અને વિનાશ માટે છીનવી લેવામાં આવ્યો છે. સંસ્કૃતિઓના યુગમાં કૃષિસમાજને તેના આ કડવા અનુભવે ઉદાસીન અને જડ બનાવ્યો છે. પોતાના કાર્ય વડે પોતાના જીવનને સારું બનાવી શકવાનું તેમની શક્તિમાં છે તેનો સ્વપ્ને પણ ખ્યાલ કર્યા વિના પોતાના જીવનને જેવું છે તેવું સ્વીકારી લેવાનું જ તેઓ શીખ્યા છે.

કદાચ હમણાં સુધી કૃષિસમાજની આ જડતા હકીકતો સાથે સંવાદી હતી. તેના ઉપર ઓથારની માફક તોળાઈ રહેલી સંસ્કૃતિ પરાવલંબી બનવાને બદલે આર્થિક રીતે ઉત્પાદક બની ત્યાં સુધી તેમની પરિસ્થિતિ સુધારવાની શક્યતાઓ પ્રગટી નહોતી; અને આમ બનવાનો આરંભ લગભગ બસો વર્ષ પહેલાં ફાટી નીકળેલી ઔદ્યોગિક ક્રાન્તિ સુધી નહોતો થયો. અત્યાર સુધીની યંત્રવિદ્યાવિષયક પ્રગતિ વચમાં આવતા સ્થગિતતાના લાંબા ગાળાઓ સાથે કકડે કકડે પ્રાપ્ત કરી શકાઈ છે. આપણા માનવ કે પૂર્વ-માનવ પૂર્વજોએ પથ્થરને ઘસી પ્રાથમિક સ્વરૂપનું હથિયાર બનાવ્યું તે એમાંનો પહેલો કકડો હતો. આ પછી બીજી શોધ કૃષિવિદ્યાની હતી, જેણે પશુપાલન સાથે પથ્થર-યુગની સંસ્કૃતિને અસ્તિત્વમાં આણી. તે પછી જૂના જગતની સંસ્કૃતિના પ્રાગટ્ય પહેલાંના સંક્રાન્તિયુગમાં શોધખોળોની બીજી ભરતી આવી. દાખલા તરીકે ચક્ર, સઢ, હળ, ધાતુવિદ્યા પણ ત્યારપછી સંસ્કૃતિનો ઉદ્ભવ યંત્રવિદ્યા-વિષયક ક્રાન્તિનો નહોતો તેમજ તે સહિતનો પણ નહોતો. અલબત્ત એ પણ ક્રાન્તિ હતી અને આશ્ચર્યકારક ક્રાન્તિ હતી. પણ માનવજીવનમાં એણે જે નવીનતા આણી તે સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં હતી, યંત્રવિદ્યામાં નહિ.

અન્નઉત્પાદકને તેની પાસે પોતાના અને પોતાના કુટુંબના નિર્વાહ જેટલું જ રાખવા દઈને કૃષિશ્રમના ઉત્પાદનના વધેલા જથ્થાને કબજે કર્યો એ સંસ્કૃતિનો મોટો રાજકીય પ્રહાર હતો. સંસ્કૃતિએ કબજે કરેલા આ

જથ્થાને વસ્તીના ખુશનસીબ અલ્પજનસમાજને ટકાવવામાં કામે લગાડયો. જેમાં વસ્તીનો બાકીનો બીજો ભાગ પૂર્ણ સમય દરમિયાન અન્નઉત્પાદન, ઉદ્યોગ અને વેપારના કાર્યમાં પરોવાયો હતો. તેવાં કાર્યોમાંથી મુક્તિ મેળવવાની બાબતમાં આ અલ્પજનસમાજ ખુશનસીબ હતો. આ અલ્પજનસમાજને બીજાં કાર્યો માટે ફુરસદ મળી શકતી હતી. આ અલ્પજનસમાજમાંના થોડા જેમણે આ ફુરસદનો ઉપયોગ સર્જનાત્મક કાર્યો કરવામાં કર્યો તેમને ફાળે આજ સુધીની સંસ્કૃતિની સિદ્ધિઓ છે, જ્યારે આ જ અલ્પજનસમાજમાંના ઘણાને ભાગે સંસ્કૃતિનાં અપકૃત્યો અને મૂર્ખતાનું કલંક છે. આમાં ચોક્કસ મુદ્દો એ છે કે સંસ્કૃતિઓના યુગની માનવપ્રજાના ખુશનસીબ અલ્પજન-સમાજમાંની સર્જનાત્મક લઘુમતિએ પણ લગભગ પાંચ હજાર વર્ષો સુધી યંત્રવિદ્યાવિષયક પ્રગતિને થંભેલી રહેવા દીધી. આ પાંચ સહસ્રાબ્દીઓમાં આ ફુરસદિયા લઘુમતિનાં મન અને બુદ્ધિ બીજી વસ્તુઓ ઉપર દોર્યાં હતાં : ઉ. ત. શિલ્પ, ચક્ષુની કલાઓ, કવિતા, ખગોળશાસ્ત્ર, યુદ્ધ અને જે કોઈ થોડાંને પોષાઈ શકે તેમને માટે તવંગર જીવનધોરણ. ગીઝામાંની પિરામિડો અને આગ્રા, પેકિન્ગ, વર્સેલ્સમાંના મહેલો રાજ્યશાસન ચલાવતા અલ્પજન-સમાજની ભાવનાનાં સ્મારકો છે, જ્યારે એમની ધાર્મિક આકાંક્ષાઓ આંકોર વેટ, બોરોબુન્દુર, પેકિન્ગમાંનું સ્વર્ગનું મંદિર અને વેદિ, ડરહામ અને શારટરનાં દેવળો અને એથેન્સની આર્કોપોલિસની અદ્ભુત ઇમારતો જેવાં સ્મારકોમાં વ્યક્ત થાય છે. (જો કે આમાંના છેલ્લાં એથેન્સે ખોટી રીતે બળથી પકડી દબાવી દઈ ગુલામ જેવી સ્થિતિમાં મૂકી દીધાં હતાં તે એથેન્સનાં મિત્રરાજ્યો પાસેથી ઉઘરાવાયેલા ફાળામાંથી બાંધવામાં આવ્યાં હતાં.)

માત્ર છેલ્લાં બસો વર્ષ દરમિયાન જ સંસ્કૃતિએ સર્જેલા ફુરસદિયા અલ્પજનસમાજે પોતાનું ધ્યાન ગંભીરતાપૂર્વક યંત્રવિદ્યા પર ઠેરવ્યું. પરિણામે આપણા જીવનકાળ દરમ્યાન જ પ્રગટેલી યંત્રવિદ્યાની પ્રગતિનો ટુકડો સંસ્કૃતિની સગવડો સમગ્ર માનવપ્રજા સુધી પહોંચાડવાની સ્થિતિ સુધી પહોંચ્યો છે.

સામાન્ય રીતે જગતમાં અને વિશેષે ભારતમાં આજે આ પરિસ્થિતિ છે. જગતના લાખ્ખો અને કરોડો ગ્રામીણ કૃષિસમાજોનો મોટો ભાગ ભારતની સરહદોની અંદર સમાયેલો છે; અને આ કૃષિસમાજને તેમનું લેણું ભરપાઈ કરી આપવાનું ઉદાત્ત સાહસ ભારતના લોકોએ અને સરકારે હાથમાં લીધું

છે. આ પહેલાંની મારી ભારતની છેલ્લી મુલાકાત દરમિયાન મને બંગાળ, તામિલ અને પંજાબ રાજયોમાં ચાલતી સમાજવિકાસ યોજનાની ઝાંખી થઈ હતી. હું કલ્પું છું કે આ યોજનાનો અગત્યનો મુદ્દો તો આ કૃષિસમાજને સ્વાશ્રયી બનવામાં મદદ કરવાનો હશે. હું એમ પણ કલ્પું છું કે સ્વાશ્રયી બનવામાં મદદ કરવી એટલે મુખ્યત્વે તેમનામાં આશા, શ્રદ્ધા, નિશ્ચય, અને ઉત્સાહનો નવો તણખો પ્રગટાવવો. હું ધારું છું કે પ્રાથમિક સ્વરૂપના ભૌતિક સ્વાશ્રયના આ પ્રારંભિક અખતરાઓ કરવા કૃષિસમાજને પ્રેરવા માટેનાં આ જરૂરી આધ્યાત્મિક ઉત્તેજકો છે; અને આ ભૌતિક આબાદી ભવિષ્યની આધિભૌતિક પ્રગતિની સિદ્ધિને શક્ય બનાવવા માટેની જરૂરી પરિસ્થિતિ છે. ભારતે અહીં હાથમાં લીધેલા કાર્યની વિશાળતાનો મને થોડોક ખ્યાલ છે. આવા મોટા પાયા ઉપરની ક્રાન્તિના આ કાર્યને નિરાશાપ્રેરક ઢીલ અને કદાચ હાર પણ સહન કરવાં પડે. એ દરમિયાન ભારતમાંની તમારી સમાજ-વિકાસ યોજનાનું ભાવિ બાકીની દુનિયા માટે રસનો અને ચિંતાનો વિષય છે. આ ક્ષેત્રમાં ભારત શું કરે છે તે ઉપર જગતની મીટ મંડાયેલી છે, કારણ કે ભારત કૃષિસમાજને બળદ્વારા નહિ પણ પ્રોત્સાહન આપીને કામે લગાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ સાહસમાં ભારતની સફળતા કે નિષ્ફળતા સમગ્ર જગતમાંના આવા સાહસની સફળતા કે નિષ્ફળતાના શુકન સમી નીવડશે. જગતના લાંબા કાળથી શોષાતા આવેલા કૃષિસમાજની મુક્તિ એ સાચી જાગતિક સમાજરચનાની આવશ્યક પૂર્વતૈયારીઓમાંની એક છે.

વસ્તીનો પ્રશ્ન એ આજના જગતનો મોટો પ્રશ્ન છે અને ભારતને માટે એ પ્રાદેશિક પ્રશ્ન પણ છે. જન્મપ્રમાણમાં પ્રમાણસરનો ઘટાડો કર્યા વિના જગતના મૃત્યુપ્રમાણને ઘટાડવામાં આપણને મળેલી સફળતાને પરિણામે વસ્તી અનિયંત્રિત ઝડપે વધતી જાય છે. મેં મારા પહેલા વ્યાખ્યાનમાં આની ચર્ચા કરી હોવાથી મારે આજે એની ચર્ચા કરવાની જરૂર નથી. મારે જે વધારાનું કહેવાનું છે તે એ કે બીજી સરકારોને સારો દાખલો બેસાડવા માટે ભારતની સરકારને ચોક્કસ અભિનંદન આપવાં જોઈએ. ભારતની સરકારે નિખાલસતાથી આ પ્રશ્નનો મુકાબલો કર્યો છે અને એને પૂરા પાડવાના પ્રયાસ રૂપે વ્યવહારુ પગલાં એ લઈ રહી છે. લાખ્ખો પતિ-પત્નીઓને તેઓ પોતાનાં બાળકોની સંખ્યાનું નિયંત્રણ કરી શકે છે અને તેમણે તે કરવું જોઈએ એવી પ્રતીતિ કરાવવાનો પ્રયત્ન એક ભગીરથ શૈક્ષણિક સાહસ છે.

વહેમોથી અવરોધાયા વિના ભારતની સરકાર આ સાહસનો આરંભ કરી રહી છે. હું આશા રાખું છું કે આ દાખલો બીજી સરકારોને તેમ કરવા માટે હિમ્મત ભેગી કરવાની પ્રેરણા આપશે. અહીં એક એવું કાર્ય છે જેમાં માનવ પ્રજાને શરમાવવાનું પરવડે એમ નથી.

એક બીજો પણ પ્રશ્ન છે જે કદાચ આજે ત્રણ હજાર વર્ષોથી પણ વધારેના સમયથી ભારતનો પ્રશ્ન બની રહ્યો છે અને જે છેલ્લાં સાડા ત્રણ સૈકાંઓમાં દરિયાપાર વિસ્તરેલા ઉત્તરપશ્ચિમી યુરોપના કેટલાક લોકોને પરિણામે જગદ્વ્યાપી બની રહ્યો છે. હું, અલબત્ત, રંગભેદની સંસ્થાએ સર્જેલા સામાજિક અને નૈતિક પ્રશ્ન વિશે બોલું છું. પોર્ચ્યુગીઝ શબ્દ 'કાસ્ટ' અને સંસ્કૃત શબ્દ 'વર્ણ'નો 'એપરથાઇડ' ડચ પર્યાય છે.

આ સંસ્થાનું મૂળ તો સ્પષ્ટ છે. સંસ્કારિતા અને શરીરબાંધામાં ભિન્ન એવા માનવપ્રજાના ભાગોના, એકબીજા સાથેના સંપર્કની ઘડીએ થયેલા અચાનક મુકાબલાનું એ પરિણામ છે. આમ એક અથવા બન્ને રીતે પરસ્પરથી ભિન્ન પ્રજાઓનું મિશ્રણ કેટલાક કિસ્સાઓમાં એક પ્રજાના બીજા ઉપરના વિજયથી અને કેટલાકમાં બીજી પ્રજાના સભ્યોને ગુલામ તરીકે પરાણે આયાત કરવાના કૃત્યથી થયું છે. વિજય દ્વારા થયેલા મિશ્રણનો શ્રેષ્ઠ દાખલો મધ્યએશિયામાંની આર્યન ભાષા બોલતી જંગલી પ્રજાએ આ ઉપખંડના મોટા ભાગ ઉપર ઈ. સ. પૂર્વેની બીજી સહસ્રાબ્દીનાં છેલ્લાં સૈકાંઓ દરમિયાન અને તે પછી ધીરે ધીરે મેળવેલા વિજય ઉપરથી મળે છે. ગુલામોની આયાત દ્વારા થયેલા મિશ્રણોનો ઉત્તમ દાખલો ૧૮૬૧–૫ના આંતરવિગ્રહમાં પરિણમતી સહસ્રાબ્દીના ચોથા ભાગના સમય દરમિયાન યુનાઇટેડ સ્ટેટ્સના દક્ષિણ-પશ્ચિમી વિભાગે કરેલા સંસ્થાનીકરણથી મળે છે. આ બન્ને દાખલા-ઓમાં–અને અલબત્ત બીજા દાખલાઓમાં પણ, ઉ. ત. દક્ષિણ આફ્રિકામાં મિશ્રણ પામેલી પ્રજાઓ એમાંની જે કોઈ બળવાન હોય તે પ્રજાની આજ્ઞાથી અલગ પાડવામાં આવી છે. બળવાન હોવાનો અર્થ સંખ્યામાં વધારે કે વધારે સુધરેલી એવો કરવાની જરૂર નથી. યુનાઇટેડ સ્ટેટ્સમાંના અને દક્ષિણ આફ્રિકામાંના આ કહેવાતા 'ગોરા ગરીબો' માટે આફ્રિકનવંશના પોતાના સહનાગરિકો કરતાં પોતે વધારે સુધરેલા છે એવી પ્રતીતિ બાકીના જગતને કરાવી આપવાનું મુશ્કેલ છે; અને એમ પણ જણાય છે કે જેમને આર્ય-વિજેતાઓએ ઊતરતી જાતિની કક્ષાએ દબાવી દીધા છે તે સિંધુખીણની

સંસ્કૃતિના વારસો કરતાં આર્યવિજેતાઓ ઓછા સંસ્કૃત અને સંખ્યામાં પણ ઓછા હોવા જોઈએ. આ ઉપખંડની હાલની વસ્તીનો ઘણો મોટો ભાગ આર્યપૂર્વજો અને તેમનો ભોગ બનેલાઓમાંથી ઊતરી આવ્યો હોવો જોઈએ અને તેમની નસોમાં આર્યોના જંગલી લોહીનાં થોડાંક ટીપાં અથવા એક પણ નહિ, હોઈ શકે.

હું પોતે એવડી રીતે જંગલી વંશનો છું. મારું કુટુંબ ઇંગ્લન્ડનાં પૂર્વ પરગણાંઓમાંના એકમાંથી આવે છે, જેને પશ્ચિમમાં રોમન સામ્રાજ્યની પડતી પછી બબ્બે જંગલી આક્રમણો સહન કરવાં પડ્યાં હતાં. જાણે કે જંગલી આંગ્લ આક્રમણની આફત પૂરતી ન હોય તેમ રોમન સામ્રાજ્યના ત્યજાયલા આ ટુકડાને ડેઈન લોકોને હાથે બીજા જંગલી આક્રમણનો ભોગ બનવું પડ્યું. હું જંગલી ડેનીશ આક્રમણના મોજામાંથી બચેલાઓનો ભાગ છું. મારી અટક મારા જંગલી ડેનીશ વંશની સાબિતીની દર્શક છે. આ શ્રોતાઓ-માંના જેઓ પંજાબી હશે તેમને મારે માટે ભ્રાતૃભાવ જાગશે કારણ લિંકન-શાયરની માફક પંજાબને આર્યભાષી અને ઈરાનીભાષી જંગલી આક્રમણ-કારોનાં મોજાંઓની એક કરતાં વધારે વાર છોળો વાગી છે.

છેલ્લાં ત્રણ કે ચાર હજાર વર્ષોમાં oikoumene ઉપર આક્રમણ કરનાર ઈન્ડો-યુરોપિયન—ભાષીઓનાં જંગી ટોળાંની આર્યભાષી અને ટયુટોનિકભાષી પ્રજાઓ બે છેડાની પાંખો છે. વિશેષે કરીને આ બે વિભાગો શા માટે એટલા બધા તીવ્રપણે જાતિઅભિમાની છે? જયાં જયાં ટયુટન અને આર્યોને સત્તા મળી છે ત્યાં ત્યાં શા માટે તેઓએ પોતાનાથી જુદી મુખાકૃતિઓ ધરાવતા પોતાના દેશબાંધવોથી પોતાને અળગા પાડી, તેમને હલકા સ્થાને દબાવી દેવાની અનુદારતા દાખવી છે? આપણા ટયુટન—આર્યોનું સરખું જાતિ-અભિમાન આપણી માતૃભાષાઓના એક જ મૂળના પરિણામરૂપ હોઈ શકે નહિ. ભાષા અને રાજકીય વર્તાવ વચ્ચે કોઈ તાર્કિક સંબંધ નથી અને ગમે તેમ પણ બીજી એવી પણ પ્રજાઓ છે, જેમની ભાષાઓ આપણી માફક ઈન્ડો-યુરોપિયન છે છતાં જાતિ વિશેની લાગણીની બાબતમાં તેમની વર્તણૂક આપણા કરતાં ઘણી વધારે સારી છે. હું અહીં વિશેષે કરીને લેટિન-ભાષી પ્રજાઓનો વિચાર કરું છું, અને તેમાં સૌથી વધારે સ્પેનવાસીઓનો અને ફિરંગીઓનો. જે લાલચને ટયુટન અને આર્યો વશ થઈ ગયા તે લાલચને વશ થવાનું જોખમ આ પ્રજાઓને પણ હતું. સ્પેનવાસીઓએ અને ફિરંગી-

ઓએ આપણી માફક પોતાનાથી જાતિ અને સંસ્કારિતામાં જુદી પડતી પરદેશી પ્રજાઓ ઉપર વિજય મેળવ્યો છે અને તેમણે પણ અમેરિકાના અંગ્રેજીભાષી ટ્યુટનોએ કરી હતી તેમ આફ્રિકામાંથી ગુલામોની આયાત કરી છે. છતાં પણ તેવી પરિસ્થિતિમાં તેઓ તેવી અમાનુષી રીતે વર્ત્યા નથી.

હું મારા મુદ્દાને માટે મારા અંગત અનુભવમાંથી ઉદાહરણ આપી શકું. મને એક વાર મેક્સિકોની યુનિવર્સિટીના રેકટર પાસેથી પદવી પ્રાપ્ત કરવાનું માન મળ્યું હતું. હું માનું છું કે એમની નસોમાં કોઈ યુરોપિયન લોહી ન હતું પણ તેઓ એક વિખ્યાત ભૌતિકશાસ્ત્રવિદ હતા અને વિશેષ તો ઉજ્જવળ ચારિત્ર્યબળવાળા અને આકર્ષક વ્યક્તિત્વવાળા પુરુષ હતા. મને સ્પષ્ટ લાગતું હતું કે એમના અધ્યાપકો એમના હાથ નીચે કામ કરવામાં ગૌરવ અનુભવતા હતા. એમાંના કેટલાક મિશ્રજાતિના હતા; કેટલાક શુદ્ધ યુરોપિયન વંશના હશે; પણ અધ્યાપકો અને રેકટર વચ્ચેના સંબંધોમાં જાતિ-અભિમાનની ગેરહાજરી સ્પષ્ટ જણાતી હતી. મેં બ્રાઝિલની મુલાકાત લીધી નથી. પણ ૧૯૪૬માં પેરિસની શાંતિપરિષદમાં આવેલું બ્રાઝિલનું પ્રતિનિધિમંડળ કંઈક જોયું છે; તેઓ અને જે બ્રિટિશ પ્રતિનિધિમંડળમાં હું કામ કરતો હતો તે એક જ હોટેલમાં રહેતા હતા. મેં પેલેસ્ટાઈનની ગાઝાપટ્ટીમાં આંતરરાષ્ટ્રીય લશ્કરી દળની બ્રાઝિલી ટુકડી પણ જોઈ છે. બ્રાઝિલી લશ્કરી સિપાઈઓ અને મુલકી અમલદારોમાં મેં જે જોયું છે તે એ કે આ પોર્ચુગીઝ-ભાષી રાષ્ટ્રના ઘડતરમાં મેક્સિકોમાં મેં જોયેલી જાતિઓની વિવિધતા હતી અને છતાં જાતિઅભિમાન અને જાતિ અંગેના પૂર્વગ્રહથી તેઓ સંપૂર્ણ મુક્ત હતા. મેં ગોવાની મુલાકાત લીધી નથી, જો કે હું ભારતમાં વસતા ગોવાવાસીઓને મળ્યો છું. ગોવામાં જાતિઓ વચ્ચેના સંબંધો વિશે જાણવાની મારી ઇચ્છા છે.

સ્પેનિશભાષી અને પોર્ચુગીઝભાષી પ્રજાઓનું પ્રમાણમાં જાતિ-ધિક્કારમાંથી મુક્ત રહેવાનું મૂળ શેમાં હશે? જે સૈકાંઓ દરમિયાન આજે જે સ્પેન અને પોર્ટુગલ કહેવાય છે તે પ્રદેશો મુસ્લિમ રાજ્યશાસન હેઠળ હતા તેનો કદાચ એ વારસો હોય. રાજ્ય કરતી મુસ્લિમ લઘુમતિએ લેટિન પ્રજા સાથેના વર્તાવમાં જાતિધિક્કાર દર્શાવ્યો નથી એ ચોક્કસ, અને જાતિ અંગેની આ ઉદારતા એ, પ્રત્યેક સ્થળે મુસલમાનોની લાક્ષણિકતા છે. જો હું સાચો હોઉં તો શીખોએ ન્યાતજાતના ભેદો દૂર કર્યા એમાં ઇસ્લામની જ આ અસર

છે. સ્પેનવાસીઓ અને ફિરંગીઓએ આ જ મૂળમાંથી પાઠ ગ્રહણ કર્યો હોવો જોઈએ. એક બાજુ હિન્દુધર્મની સામાજિક અસરો અને બીજી બાજુ ઇસ્લામ અને રોમન કૅથોલિક ધર્મની સામાજિક અસરો વચ્ચે નીચે પ્રમાણે ભેદ પાડવાનું યોગ્ય ગણાશે ખરું ? જયારે જાતિની બાબતમાં ભિન્નતા ધરાવતી પ્રજાઓ સહધર્મી બની ત્યારે ઇસ્લામે અને કેથોલિક ધર્મે જાતિઅભિમાનની લાગણીઓની અડચણો દૂર કરી. એનાથી ઊલટું હિન્દુ ધર્મ, ઇસ્લામ અને ખ્રિસ્તીધર્મ પોતાના અનુયાયીઓને બીજા ધર્મોના અનુયાયીઓથી ઝનૂનથી જેમ જુદા પાડે છે, તેમ પાડતો નથી. પણ તે સાથે જેમ ઇસ્લામ, ખ્રિસ્તીધર્મ અને શીખ ધર્મ જુદી જુદી જ્ઞાતિના લોકોને સંગઠિત કરે છે તેમ હિન્દુ ધર્મ કરતો નથી.

આજે જગતમાં બે પ્રજાઓ છે જેમાં જાતિ-અલગતા એક કૉયડો છે. એમાંનો એક આફ્રિકા છે—એટલે કે તે આફ્રિકન પ્રદેશો જેની વસ્તીમાં યુરોપિયન લઘુમતિ પ્રબળ છે. દક્ષિણ આફ્રિકા, મધ્ય આફ્રિકા અને કેનિયામાં આ લઘુમતિ ટ્યુટનભાષી છે. વળી અલ્જેરિયામાં એ લેટિનભાષી છે અને મને દિલગીરી થાય છે કે અલ્જેરિયામાંના ફ્રેન્ચ અને થોડાક અંશે માજી સ્પેનિશ લઘુમતિ પણ ડચ અને અંગ્રેજ પ્રજાની માફક જ હમણાં હમણાં વર્તી રહી છે. બીજું સ્થળ જ્યાં આ પ્રશ્ન હજી પણ ગંભીર છે તે, અલબત્ત, ભારત છે.

બ્રિટિશ રાજ્યશાસન હેઠળ ભારતમાં ભારતના આર્યવિજેતાઓના વંશજોને, તેમના પૂર્વજોએ ભારતની જિતાયલી વસ્તી સાથે જેવો વર્તાવ કર્યો હતો, તેવો જ વર્તાવ પોતાની સાથે થતો અનુભવવો પડ્યો. કદાચ, સત્તાની ફેરબદલી પછી આ પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ લાવવાના હેતુથી ભારતની પ્રજાને અને સરકારને આ કઠિન પ્રશ્ન હાથમાં લેવા માટે પ્રેરનારાં કારણોમાંનું એક કારણ આ વર્તાવ પણ છે. ભારતને બહારથી કશું કહેવાની જરૂર હતી એમ નથી. એમ તો બુદ્ધે પણ અઢી હજાર વર્ષ પૂર્વે ન્યાતજાતના ભેદોને અવગણ્યા હતા અને હું ધારું છું કે અત્યાર સુધીમાં બુદ્ધ સૌથી મહાન હિન્દી છે. આપણા જમાનામાં મહાત્મા ગાંધી સૌથી મહાન હિન્દી થઈ ગયા. અને જ્યારે મહાત્મા તથા બુદ્ધ એકે અવાજે બોલે છે ત્યારે આપણે ચોક્કસ ભારતનો અવાજ સાંભળીએ છીએ.

હજારો વર્ષોના વપરાશથી અને ટેવથી સ્થપાયેલી અને રોજિંદા જીવનના ભાગ જેવી બની ગયેલી સંસ્થાને ભૂંસી નાંખવાનું કાર્ય ઘણું કઠિન

છે. આ પ્રશ્ન, અલબત્ત, કાયદાથી હાથ ધરાયો છે અને અમલી બનાવાયલા કાયદા વિશે પણ હું કંઈક જાણું છું. હું એ પણ જાણું છું કે એ હિમ્મતપૂર્ણ ઉદ્દામવાદી છે. કેવળ સરકારી કાર્યથી ન ઉકલી શકે એવા પ્રશ્નોમાં જાતિનો પ્રશ્ન એ વસ્તીના પ્રશ્ન જેવો છે. એને ઉકેલવા માટે લાખો માણસોને પ્રતીતિ કરાવવી પડશે અને લાખો હૃદયોનું પરિવર્તન કરવું પડશે. જાત-કેળવણીનું આ ભગીરથ કાર્ય છે અને તે વખત પણ લાંબો લેશે જ.

આ સંદર્ભમાં ૧૯૫૬માં શિવાજીના દેશ મહારાષ્ટ્રમાં આવેલી નેશનલ વૉર અકેડેમીની* મારી મુલાકાતને હું આનંદ અને આશાસહિત યાદ કરું છું. મેં ત્યાં જોયું હતું કે ન્યાત-જાતના ભેદોને જાણીબૂઝીને અવગણવામાં આવે છે; અને મને એમ પણ સમજાયું કે કશું પણ ઘર્ષણ સર્જ્યા વિના એમ કરવામાં આવે છે. એના કમાન્ડન્ટ ઉત્તર પ્રદેશના વિખ્યાત લશ્કરી સિપાઈ હતા. એ ધર્મે મુસ્લિમ હતા એ હકીકતથી હું ચકિત થયો. પોતાના સીમા-પ્રદેશોની અંદર જાતિના પ્રશ્નનો નિવેડો લાવવા માટે ભારતે ઉપાડેલી આજની ઝુંબેશની સફળતા માટેનું એ સારું શુકન હતું. હું માનું છું કે તમે અહીં એનો ઉકેલ લાવવાના છો અને જો તમે તેમ કરશો તો તેની સારી અસર માત્ર ભારતમાં જ નહિ પણ આફ્રિકા અને ઉત્તર અમેરિકામાં પણ જણાશે.

ચોથો પ્રશ્ન જે ભારતનો તેમજ જગતનો પણ છે તે ભાષાવાદી રાષ્ટ્રવાદનો છે. એની ચર્ચા પણ મેં ગઈ કાલે કરી છે અને હવે એ વિશે વધારે કહેવાની જરૂર નથી. એ ધ્યાનમાં રાખવા જેવું છે કે આ પ્રશ્નનો ઉદ્ભવ લોકશાહીને દાખલ કરવા માટેના મૂલ્યનો અંશ છે. અને એ પણ જોવા જેવું છે કે આ બાબતમાં—જે રાષ્ટ્રની એકતાને માટે મોટા જોખમરૂપ છે—ભારત કરતાં ચીન વધારે નસીબદાર થયું છે. સમગ્ર ચીનમાં એક જ ભાષા બોલાય છે; પ્રાદેશિક ભાષાકીય તફાવતો બોલી સ્વરૂપના ભેદો કરતાં વિશેષ નથી. જુદી જુદી ચીની બોલીઓ બોલતા માણસો એકબીજાને સમજી શકે નહિ એવડા મોટા એ તફાવતો છે એમેય ખરું. દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ કિનારાના પ્રદેશો સિવાય બધે ઠેકાણે 'મેન્ડેરિન' (Mandarin) કહેવાતી એક જ બોલી બોલાય છે. રાષ્ટ્રીય ભાષા તરીકે સ્વીકારાવાના પોતાના કાર્યમાં

---

* એનું ખરું નામ છે 'નેશનલ ડિફેન્સ એકેડેમી'

'મેન્ડેરિન'ને કોઈ પ્રતિસ્પર્ધી નથી અને કૃત્રિમ રીતે જેને 'મેન્ડેરિન' શીખવી પડે એવો પ્રજાનો ભાગ પ્રમાણમાં થોડો છે. ચીનીભાષી પ્રજાનો મોટો ભાગ એને માતૃભાષા તરીકે બોલે છે. બીજી બાજુ ભારતમાં હિંદીને માતૃભાષા તરીકે બોલનારી પ્રજા સમગ્ર વસ્તીના પ્રમાણમાં સંખ્યાની દૃષ્ટિએ એટલું પ્રાધાન્ય ધરાવતી નથી : બીજું વળી એ કે દક્ષિણની દ્રવિડી ભાષાઓ સાથે હિન્દીને રજ જેટલો પણ સંબંધ નથી. હું તમારી સમક્ષ જે અંગ્રેજી ભાષા બોલી રહ્યો છું તે જે ભાષાઓના કુળની સભ્ય છે તે જ કુળની હિન્દી પણ સભ્ય છે; અને ભાષાકીય દૃષ્ટિએ દ્રવિડી કુળની ભાષાઓથી જેટલી અંગ્રેજી ભાષા દૂરની છે તેટલી જ હિન્દી પણ છે. આ ભાષાકીય બળો ધ્યાનમાં લેતાં એ સ્પષ્ટ છે કે ભારતીય પ્રજાને પ્રાદેશિક ભાષાકીય રાષ્ટ્રવાદ ઉપરનો અંકુશ ગુમાવવો પરવડે એમ નથી.

ત્રણમાંથી છેલ્લા મુદ્દા વિશે મારે કંઈક કહેવાનો હવે સમય થયો છે. તમને યાદ હોય તો મેં સૂચવ્યું હતું કે મને જણાય છે તેમ જીવન પ્રત્યે ભારતનું એક લાક્ષણિક વલણ છે અને માનવપ્રવૃત્તિઓને હાથ ધરવાનો તેનો એક લાક્ષણિક અભિગમ છે. મેં એમ પણ સૂચવ્યું હતું કે આજે જે પરિસ્થિતિમાં માનવપ્રજા આવી પડી છે તે પરિસ્થિતિમાં આ ભારતીય માર્ગો આખા જગતને મહામૂલ્યવાન થઈ પડશે.

દ્વેષમાંથી મુક્ત રહેવાના ભારતીય પ્રજાનાં ગુણે મારા પર ઘણી મોટી છાપ પાડી છે અને મને ઊંડે સુધી સ્પર્શ્યો છે. જ્યારે તમને, ભારતના પ્રજાજનોને, બીજી પ્રજાઓ જોડે ઝઘડામાં ઊતરવાની ફરજ પડે છે—અને એવી પણ પરિસ્થિતિઓ હોય છે જેમાં આ અનિવાર્ય બને છે—મને તો એવું દેખાય છે કે, ત્યારે તમે તમારા દુશ્મનો તરફ ધિક્કાર સેવ્યા વિના એમ કરો છો. એનો તાજેતરનો દાખલો તમે તમારા દેશની સ્વાતંત્ર્ય માટેની સફળ લડત જે ભાવનાથી મારા દેશ સામે ચલાવી તેમાંથી મળે છે. અને એક વાર લડત પૂરી થઈ ગઈ છે ત્યારે તમે ભૂતકાળનો વિચાર નથી કરતા અને ધિક્કારને પણ વધારતા નથી એ ચોક્કસ. મારા અનુભવથી હું બિનધિક્કારની ભાવનાનાં ઘણાં ઉદાહરણો આપી શકું, પણ હું તો આ જગ્યાએ આ ક્ષણે શું ચાલી રહ્યું છે તે તરફ માત્ર ધ્યાન દોરવાની જરૂર જોઉં છું. ધર્મે મુસ્લિમ એવા એક હિન્દીનું સન્માન કરવાને તમે સ્થાપેલી આ વ્યાખ્યાનમાળામાં, તમે નિમંત્રીને બોલાવેલો હું એક અંગ્રેજ, તેમની સ્મૃતિમાં તમારી સમક્ષ

બોલી રહ્યો છું. ભારત ઉપર આક્રમણ કરનારાઓમાં છેલ્લા કોણ હતા? સૌમાં છેલ્લા તે અંગ્રેજો: અને મુસલમાનો તે છેલ્લાની પહેલાંના.

મારી દિલ્હીની ગઈ મુલાકાત વખતે જ્યારે ગાંધીજીની સમાધિ સમક્ષ મારાં વંદન અર્પવા હું ઊભો હતો ત્યારે હું મનમાં વિચાર કરતો હતો: એવો બીજો કોઈ પણ દાખલો કદી બન્યો છે કે જેમાં એક નેતા રાજકીય મુક્તિની સફળ ચળવળ ચલાવવામાં કેવળ પોતાના જ રાષ્ટ્રને નહિ પણ, જે રાષ્ટ્રની હકૂમતમાંથી મુક્ત થવાને પોતાના લોકોને મદદ કરી હોય તે રાષ્ટ્રને પણ ઉપકારક બન્યો હોય? ગાંધીજીએ મારા દેશના પ્રજાજનો માટે ભારત ઉપર રાજ્ય કરવાનું ચાલુ રાખવાનું અશક્ય બનાવ્યું, અને તે જ વખતે ન ટાળી શકાય એવા કલંક અને અપયશ વિના બ્રિટિશોને માટે પાછા જવાનું પણ શક્ય બનાવ્યું. મારે કહેવું જોઈએ કે ગાંધીજીની મારા દેશની સેવા એમના પોતાના દેશની એમની સેવા કરતાં જરા ય ઓછી મહાન નથી. હું નથી ધારતો કે આમાં કોઈ અતિશયોક્તિ હોય. એક સામ્રાજ્ય કબજે કરવું પ્રમાણમાં સહેલું છે; પણ એક વાર સામ્રાજ્યનો કબજો મેળવ્યા પછી તે છોડી દેવો અતિ ભારે મુશ્કેલ છે. જ્યારે સરકારનો સામનો થાય છે—પછી તે ગમે તેટલો નૈતિક રીતે કાયદેસર હોય તો પણ—ત્યારે પોતાની સત્તા બળપૂર્વક જાળવી રાખવાના પ્રયત્નોમાં પડવું એને માટે ઘણું સહેલું છે; અને એક વાર જ્યારે લડતે હિંસક સ્વરૂપ ધારણ કર્યું કે બન્નેમાંથી એકે પક્ષને માટે કોઈ સુખદ માર્ગ રહેતો નથી, અને શાસનકર્તા પક્ષને માટે તો કોઈ પણ રીતે યશપ્રદ હોય એવો એક પણ માર્ગ નથી. ઇતિહાસની આ એક સામાન્ય કરુણતાઓમાંની એક છે. ગાંધીજીએ બ્રિટન અને ભારતને આમાંથી બચાવી લીધાં અને આ તેમણે ભારતના પ્રજાજનોને પોતાની લડત આધ્યાત્મિક ધોરણોએ ચાલુ રાખવાની પ્રેરણા આપીને કર્યું, જે કેવળ રાજકીય ધોરણ કરતાં ઊંચું હતું.

મહાન આત્મા અદ્ભુત હોય છે: માનવજાતનાં આધ્યાત્મિક ધ્યેયોની સિદ્ધિમાં કોઈ ન કરી શક્યું હોય એવું પ્રદાન એ કરે છે પણ બીજા લોકોને પ્રેરીને એ પોતાનું કાર્ય કરે છે. અને જ્યાં સુધી આ લોકો એની પોતાની ભાવનાનો પ્રતિભાવ પાડવાને શક્તિમાન અને તત્પર નથી હોતા ત્યાં સુધી એની મહત્તાને સંપૂર્ણ ફળવતી થવાની તક નથી મળતી. કલ્પીએ કે ગાંધીજી ભારતને બદલે પ્રાચીન ગ્રીસમાં જન્મ્યા હોત: પ્રાચીન ગ્રીકો પોતાની લાગણીમાં

આવેગોવાળા હતા અને આ આવેગમય લાગણીને વશ થઈ બેદરકારીથી વર્ત્યા હતા. તેમણે તેમની અસંયમિત હિંસાથી પોતે સર્જેલી ઉજ્જવળ સંસ્કૃતિનો વિનાશ નોતર્યો. તેથી હું માનું છું કે જો ગાંધીજીને પ્રાચીન ગ્રીસમાં કામ કરવું પડયું હોત તો ગાંધીજી પણ નિરાશ થયા હોત. તમે જોઈ શકશો કે હું જે સૂચવું છું તે એ છે કે અહિંસક અસહકારનો વિજય એ ગાંધીજીની ભાવના અને ભારતીય પ્રજાની ભાવનાનો સંયુકત વિજય હતો. બન્ને એકરૂપ હતાં અને ભારતીય પ્રજામાંની ભાવનાએ ગાંધીની ભાવનાનો જે પ્રતિઘોષ પાડયો તેમાં ભારતની ઘણી પ્રાચીન પ્રણાલિકાની અભિવ્યકિત હતી. આ ભાવના ઈ. સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં ક્યારની ય કાર્યપ્રવૃત્ત થઈ હતી : એણે બુદ્ધને, મહાવીરને અને તેમના સમકાલીન સાધુસંતોને પ્રેરણા આપી.

મારે કહેવું જોઈએ કે અહિંસક ક્રાન્તિ ભારતની એક લાક્ષણિક સિદ્ધિ છે. ભારત અને બ્રિટન વચ્ચેના રાજકીય મુદ્દાના સમાધાન પછી એને ભારતના આંતરિક જીવનમાં નવો કાર્યપ્રદેશ મળ્યો છે. હું, અલબત્ત, ભૂદાનપ્રવૃત્તિનો ઉલ્લેખ કરું છું. અને જો કોઈ પાછળ નજર કરે તો તેને અશોક એ જ ભાવનાથી કામ કરતો જણાશે. મેં જેમ આ વ્યાખ્યાનોમાંના પ્રથમ વ્યાખ્યાનમાં યાદ કરાવ્યું છે તેમ જગતને એકત્રિત કરવાના સાધન તરીકે લશ્કરી આક્રમણને બદલે ધાર્મિક પ્રચારને અપનાવતો એ જણાશે.

મેં નોંધ્યું છે તેમ અશોકને અણુયુગમાં જીવવાનું ઉત્તેજન મળ્યું ન હતું. ગાંધીજીને પણ નહોતું મળ્યું. ૧૯૪૫માં હિરોશીમા અને નાગાસાકી ઉપર અણુબોમ્બ નંખાયા એ પહેલાં એમનાં જીવનકાર્ય લગભગ પૂરાં થઈ ગયાં હતાં અને એમની અહિંસક નીતિ તે પહેલાંનાં ઘણાં વર્ષો દરમિયાન અમલમાં મુકાઈ ગઈ હતી. પણ આપણે હજી જે જીવંત છીએ તે અણુયુગના ઝંઝાવાતમાં જીવી રહ્યા છીએ. આ વિનાશક ભૌતિક શકિતના તુફાનમાં જો આપણામાંના બધા, આપણા બંધુઓ સાથેના વર્તાવમાં અહિંસાનું પાલન ન કરીએ તો માનવપ્રજા પોતાને આત્મવિનાશમાંથી બચાવી શકશે નહિ. ઉશ્કેરાટના મુખમાં આપણે એનું પાલન કરવું પડશે પછી એ ઉશ્કેરાટ આપણી નજરમાં ગમે એટલો હલાવી નાખે એવો અને જાણી જોઈને કરવામાં આવેલો કેમ ન હોય ? આ કેટલું મુશ્કેલ છે તે આપણે બધા જ જાણીએ છીએ. તમને, ભારતના પ્રજાજનોને, આ ઘડીએ તમારા ચીન સાથેના સંબંધમાં એ મુશ્કેલ જણાય છે. પણ તમે તમારે માથે ગાંધીજીનું

તેમ જ ઇતિહાસનું ઋણ અદા કરવાની જવાબદારી લીધી છે. હું જે કહું છું તે છે બાકીના જગતને ભારતીય અહિંસાનો દાખલો બેસાડવાનું ચાલુ રાખવાની જવાબદારી. જો ભારત સુંદરતમ અને તેથી જ વધારે શ્રમ માગી લેતા ભારતીય સંસ્કૃતિમાંના વારસાના આદર્શને અનુરૂપ જીવવામાં કદી નિષ્ફળ જાય તો તે સમગ્ર માનવપ્રજાને માટે બહુ ખરાબ દૃશ્ય બનશે અને તેથી એક ઘણી મોટી આધ્યાત્મિક જવાબદારી ભારતને શિરે રહેલી છે. તમારું કાર્ય જે માર્ગે જાય તે માર્ગ સારી બાજુએ કે ખોટી બાજુએ નિશ્ચયાત્મક વળાંક આપવામાં ઘણું કરી શકશે. એટલે એનો અર્થ એ થયો કે આપણે અણુયુગમાં જીવી રહ્યા છીએ એ જોતાં એ વળાંક આત્મસંરક્ષણ તરફનો કે પછી આત્મવિનાશ તરફનો હશે.

અહિંસાની ભાવના એ નૈતિક આદર્શે પ્રેરેલી લાગણીની એક અવસ્થા છે. પણ પ્રત્યેક નૈતિક આદર્શ એને મળતા કોઈ ને કોઈ બૌદ્ધિક દૃષ્ટિબિન્દુ સાથે સંકળાયેલો છે. આપણે માનવીઓ માટે સત્ય અને ઉદ્ધાર માટેના એક કરતાં વધારે માર્ગો છે એ માન્યતા, હું જોઉં છું તેમ, ભારતની અહિંસાની ભાવનાનું પૂરક બૌદ્ધિક દૃષ્ટિબિન્દુ છે. સત્યનો મારો અર્થ છે કેવળ આધ્યાત્મિક સત્યની ઝાંખી. ઉદ્ધાર એટલે સત્યની ઝાંખી થયા પછી કંઇક અંશે એની સાથે સુસંવાદિતા પ્રાપ્ત કરવી તે.

સત્ય તરફનો આ અભિગમ, મારા માનવા પ્રમાણે ભારતની એક લાક્ષણિકતા છે. મારી વાત સાચી હોય તો એક ચુસ્ત અને ઉત્સાહી શૈવમાર્ગી અને ચુસ્ત તથા ઉત્સાહી વૈષ્ણવમાર્ગી સ્વીકારશે કે પ્રત્યેક પોતપોતાને માર્ગે સત્યને શોધી રહ્યો છે અને કદાચ પ્રત્યેક દાવો પણ કરશે કે પોતાનો માર્ગ જ પોતાને માટે વધારે સારો છે. પણ એ એવો આગ્રહ નહિ રાખે કે પોતાનો માર્ગ જ એક એવો માર્ગ છે કે જેમાં સત્ય અને સદ્ગુણ છે. પોતાના પાડોશીનો માર્ગ સદંતર જુઠ્ઠો અને ખરાબ છે એવો ઝઘડો પણ એ નહિ કરે. એ એને બિનહિંદુધર્મી કે અધાર્મિક કહીને અવગણી પણ નહિ કાઢે. એ એવું પણ સમર્થન નહિ કરે કે પોતાના ધર્મનું જ સ્વરૂપ કોઈ ચોક્કસ સ્થળે અને સમયે અંતિમ રૂપમાં પ્રગટ કરવામાં આવ્યું છે. પોતાના આર્યવંશની વિશુદ્ધિનું ગૌરવ અનુભવતા કોઈ શૈવ બ્રાહ્મણને, તે અત્યારે શિવ તરીકે ઓળખાતા જે દેવને પૂજે છે તે દેવ તો આર્યોએ ભારતની ભૂમિ પર પગ મૂક્યો તેનાં અને બ્રાહ્મણોએ અહીં બ્રાહ્મણ ધર્મની પહેલી ક્રિયાઓ કરી તેનાં સૈકાંઓ પહેલાં

ભારતમાં મોહેન્જો-દડો અને હારાપ્પાની સિંધુ સંસ્કૃતિના યુગમાં ક્યારનો ય પુજાતો હતો એમ કોઈ પુરાતત્ત્વવિદ ખરબચડી ભાષામાં કહેતો હોય એમ હું ઘડીભર કલ્પું છું. હું નથી માનતો કે મારો કાલ્પનિક શૈવ બ્રાહ્મણ એટલો ગુસ્સે અને વ્યાકુલ બને, જેટલો કોઈ જૂનવાણી ખ્રિસ્તી બનવાનો સંભવ રહે, જ્યારે તેને કોઈ બીજો યુક્તિહીન પુરાતત્ત્વવિદ એમ કહે કે જિસસના વધની સદીઓ પહેલાં માનવને માટે સ્વેચ્છાથી આત્મબલિદાન આપનાર ઈશ્વર તો દક્ષિણ-પશ્ચિમ એશિયામાં અને ઇજિપ્તમાં અને સ્કૅન્ડિનેવિયામાં પણ તામુઝ, એડૉનિસ, ઓસિરિસ, એટિસ અને બાલ્ડર જેવાં જુદાં જુદાં નામોથી પુજાતો હતો.

જો હું ફરી ખરો હોઉં તો ધર્મની બાબતમાં આ ઉદારમતવાદી બૌદ્ધિક દૃષ્ટિબિંદુમાં હિન્દુધર્મ સાથે બૌદ્ધધર્મ પણ સહભાગી છે. જો આ સાચું હોય તો બુદ્ધના અનુયાયીઓ બુદ્ધમાં સમગ્ર માનવજાતની આધ્યાત્મિક મુક્તિ માટે માર્ગ શોધી કાઢ્યાના દાવાનું આરોપણ કરે છે તે જોતાં આ ધ્યાન ખેંચનારું બને છે. બૌદ્ધધર્મ એ જ એક માત્ર સાચો માર્ગ છે એવો કરવામાં આવતો દાવો કંઈક અંશે ખ્રિસ્તી અને ઇસ્લામ જેવો જણાય છે. છતાં બૌદ્ધનીતિ લાક્ષણિક રીતે ભારતીય ઉદારમતવાદી છે. પૂર્વ એશિયામાં કોઈ પણ આની ચકાસણી કરી શકે છે. જાપાનમાં ઘણા લોકો બૌદ્ધધર્મી અને શિન્ટોધર્મી છે. તેઓ લગ્નની ક્રિયા માટે શિન્ટો ધર્મનો અને અંતિમ ક્રિયા માટે બૌદ્ધ ધર્મનો આશ્રય લે છે. આ બન્ને ધર્મોનું સહઅસ્તિત્વ છે અને બન્ને શાન્તિપૂર્વક સાથે રહી શકે છે. સામ્યવાદ પૂર્વેના ચીનમાં ઘણા લોકો એકી વખતે બૌદ્ધધર્મી, તાઓ-ધર્મી અને કોન્ફ્યુસિઅસ ધર્મી થતા હતા. ઉત્તર-પૂર્વી એશિયાનો બૌદ્ધ ધર્મ અલબત્ત મહાયાન છે. જે અર્થમાં ખ્રિસ્તી ધર્મને બ્રિટનનો કે ઇસ્લામને ઇજિપ્તનો રાષ્ટ્રધર્મ કહી શકાય તે અર્થમાં સિલોન સહિતના દક્ષિણ-પૂર્વી દેશોનો થેરવાદ બૌદ્ધધર્મ એ રાષ્ટ્રધર્મ છે. છતાં મારે કહેવું જોઈએ કે વ્યવહારમાં થેરવાદ બૌદ્ધધર્મ ઓછામાં ઓછો ઇટાલીમાંના રોમન કેથોલિક ખ્રિસ્તી ધર્મ જેટલો તો એની આગળના ધર્મોનો ઋણી થયો જ છે.

એના અધિકારી પ્રતિનિધિઓ સ્વીકાર કરે છે એના કરતાં ખ્રિસ્તી ધર્મે એની પહેલાંના ધર્મો પાસેથી ઘણું લીધું છે. હિન્દુમાનસની નરમાશનો સ્પર્શ થવા છતાં ખ્રિસ્તી ધર્મ એકંદરે સ્વમતૈકપ્રિય અને અસહિષ્ણુ હોવામાં ભારતીય કુળના ધર્મો અને તત્ત્વવિચારણા સાથે વિરોધાભાસ રજૂ કરે છે. કેટલાક

ખ્રિસ્તીઓ માને છે કે સત્યનો અને ઉદ્ધારનો ઈજારો કેવળ તેમના ધર્મોનો જ છે; કેટલાક ખ્રિસ્તીઓ બીજા ધર્મો પ્રત્યે દુશ્મનાવટ સેવે છે; અને વળી કેટલાક નકશા ઉપરથી અન્ય ધર્મોને દૂર કરવાનો પ્રયાસ કરીને આ ખ્રિસ્તી માન્યતા અને ખ્રિસ્તી લાગણીને ભૂતકાળમાં કાર્યમાં પણ મૂકી છે. આ લડાયક અને આક્રમક સ્વભાવ દર્શાવવામાં ખ્રિસ્તી ધર્મ એકલો નથી. ભારતની પશ્ચિમે આવેલા oikoumeneના ભાગમાં જે જે જીવંત ધર્મો અને વિચારસરણિઓ ઉદ્ભવી છે તેમને માટે આ સ્વભાવ લાક્ષણિક છે. અસહિષ્ણુતા ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ, જુડાઈ ધર્મ અને ઝોરાસ્ટ્રિયન ધર્મને માટે સર્વસાધારણ છે. તેમ જ ખ્રિસ્તી વાતાવરણ પછી ઉદ્ભવેલી પશ્ચિમની વિચારસરણીઓને પણ સર્વ-સાધારણ છે: હું નાઝીઝમ, સામ્યવાદ અને ફાસીઝમની વાત કરું છું. હું માનું છું કે ઝોરાસ્ટ્રિયનોએ ભારતમાં સ્થળાંતર કર્યું ત્યારથી તેમણે તેમની મૂળ આક્રમકતા છોડી દીધી છે. કેટલાક ખ્રિસ્તીઓએ પણ, અલબત્ત, આક્રમકતાનો ત્યાગ કર્યો છે. હું ખાસ તો 'ક્વેકરો' વિશે વિચાર કરું છું જેમની સાથે હું માનું છું તેમ ગાંધીજીએ આધ્યાત્મિક ભ્રાતૃભાવ અનુભવ્યો હતો. પણ એકંદરે ભારતીય ધર્મ અને ફિલસૂફીથી વિરુદ્ધ આક્રમક લડાયક વૃત્તિ સિન્ધુકુળના ધર્મની પેલેપારના બધા જ ધર્મોની લાક્ષણિકતા છે એવો મને ડર રહે છે.

"આટલા મહાન રહસ્યનું હાર્દ એક જ રસ્તે નથી પામી શકાતું." તમને યાદ છે ભારતની ધાર્મિક પ્રતિભાઓમાંથી કોણે આ શબ્દો લખ્યા છે? એ શંકરાચાર્ય હતા? રામાનુજ હતા? ગુરુ નાનક હતા? તમારા ઉપર યુક્તિ અજમાવવાનો હું જે દેખાવ કરું છું તે તમે જોઈ શકયા હશો. મેં જે ઉપર ટાંકયું તે વાકયનો લેખક કોઈ ભારતીય હોત તો એ કહેવત ભારતની આધ્યાત્મિક પ્રણાલિકાને સંપૂર્ણ અનુરૂપ બની હોત. પણ હકીકતમાં એ ભારતીય સંત કે સાધુ ન હતો; એ ઇસુની ચોથી સદીનો રોમન સેનેટર ક્વીન્ટસ ઓરેલિયસ સાઈમેકસ હતો. સાઈમેકસના સમયમાં ખ્રિસ્તી ધર્મ રોમન સામ્રાજ્યનો સત્તાવાર ધર્મ બની ચૂક્યો હતો, પણ સાઈમેક્સ પોતે ખ્રિસ્તી બન્યો ન હતો અને જે વાકયનું મેં ઉપર અવતરણ આપ્યું તે એણે મિલાનના ખ્રિસ્તી પાદરી એમ્બ્રોસ સાથેના પત્રવ્યવહાર દરમિયાન લખ્યું હતું. ખ્રિસ્તી કાળની ચોથી સદીના ઉપાન્ત્ય દાયકામાં રોમની શાહીવાદી ખ્રિસ્તી સરકાર વ્યવસ્થિત રીતે પોતાના પ્રદેશોમાંથી બીજા ધર્મોને દૂર કરતી હતી. સાઈમેક્સ બિનખ્રિસ્તી ધર્મનો પ્રવચક હતો. ચારસો વર્ષ પહેલાં જુલિયસ સિઝરે એમના

સેનેટગૃહમાં મૂકેલા વિજયની દેવીના પૂતળા અને વેદીને દૂર કરવાના સરકારના નિશ્ચયે ધાર્મિક ઝઘડો તીવ્ર બનાવ્યો. એમ્બ્રોસ આગ્રહ કરતો હતો કે તે દૂર કરાવવાં જ જોઈએ; સાઈમેકસની દલીલ એ હતી કે તેમને સન્માનવાં જોઈએ અને બચાવી લેવાં જોઈએ. એમ્બ્રોસ વિજયી થયો. સરકાર એનું સાંભળતી હતી અને એની પાછળ તેની શકિતનું સઘળું બળ હતું. સાઈમેકસના યાદગાર શબ્દોએ ભૂમધ્ય જગતના પ્રાક્‌ખ્રિસ્તી ધર્મોને કચડાવામાંથી બચાવ્યા નહિ; પણ એ શબ્દોના પડઘા સૈકાંઓથી પડ્યા કરે છે, અને ન તો એમ્બ્રોસ કે ન એના અનુયાયીઓએ સાયમેકસને પૂરતો જવાબ આપ્યો છે. રોમની સરકારે લીધેલો બળનો આશ્રય એ ઉત્તર ન હતો. રોમન સમ્રાટો ગ્રેસિયને અને થિયોડોસિયસે જે કર્યું તેવું અશોકને કરતો હું કલ્પી શકતો નથી.

તમે મારો મુદ્દો સમજ્યા હશો. સાઈમેકસના શબ્દોએ ભૂમધ્ય જગતના પ્રાક્‌ખ્રિસ્તી ધર્મોની ભાવનાને વ્યક્ત કરી; એ ઉદારમતવાદી અને ઉદારહૃદયી ભાવના હિન્દુધર્મને પણ બળ અર્પે છે. ગ્રીસ અને રોમનાં પ્રાક્‌ખ્રિસ્તી સાહિત્ય અને સંસ્કારિતાનું શિક્ષણ મેળવવાનું મને પ્રાપ્ત થયું છે. અમુક રીતે ખ્રિસ્તી ધર્મ મારા પૂર્વજોનો ધર્મ હોવા છતાં જેને ખ્રિસ્તીઓ 'પેગેનિઝમ' કહે છે તે ગ્રીકો-રોમન જીવનપદ્ધતિ ખ્રિસ્તીધર્મ કરતાં મને વધારે ફાવે છે. ગ્રીકો-રોમન જગતના પ્રાક્‌ખ્રિસ્તી ધર્મો અને ફિલસૂફીમાં મને જેટલી ફાવટ છે તેટલી જ ફાવટ મને હિન્દુ અને બૌદ્ધધર્મમાં પણ મળે છે. પ્રાકખ્રિસ્તી ગ્રીકો-રોમન ધર્મની મારી ઓળખ અને તે પ્રત્યેની મારી સહાનુભૂતિ ભારતમાંના અને પૂર્વ-એશિયામાંના આધુનિક ધર્મોને સમજાવવાની મને ચાવી પૂરી પાડે છે. હવે તો ભારતની પશ્ચિમે આવેલા પ્રદેશોમાં ખ્રિસ્તી ધર્મે અને ઇસ્લામે અરસપરસની સહિષ્ણુતાને વ્યકત કરતા ધર્મોને કયારના કચડી નાખ્યા છે. ચીનમાં પણ આજે ત્રણ ધર્મો અને ફિલસૂફીઓ, જેમાંનો એક ભારતીય મૂળનો છે—જે ચીનમાં સહઅસ્તિત્વ ધરાવતાં હતાં તે પશ્ચિમની ભૂમિમાં ઉદ્‌ભવેલા અને પશ્ચિમની વિચારસરણીવાળા સામ્યવાદ વડે કચડાવવાના જોખમમાં આજે છે. ઉદારમતવાદી ઉદારહૃદયી ધાર્મિક ભાવના જે એક કાળે જગદ્‌વ્યાપી હતી તે આજે કેવળ ભારતમાં જ ટકી રહી છે. એથી એમ જણાય છે કે આ આધ્યાત્મિક વારસાને સમગ્ર માનવપ્રજાના સામાન્ય દ્રવ્યભંડાર તરીકે સાચવી રાખવાનું ભારતને માટે નિર્માયું છે—જે દ્રવ્યભંડાર આ અણુયુગમાં અત્યંત મૂલ્યવાન છે.

ભારત માત્ર પોતાની જ ધાર્મિક પ્રણાલિકાનું વારસ છે એમ નથી. એ

પ્રાચીન ભૂમધ્ય જગતની ધાર્મિક પ્રણાલિકાનું બાકી રહેલું હકદાર પણ છે. તમે જેમ અશોકની તેમ સાઈમેકસની પણ હિમાયત કરો છો. સ્વાતંત્ર્ય પછી ભારતીય ગણરાજ્યનું બંધારણ ઘડવામાં તમે આ વિશ્વાસને ચરિતાર્થ કર્યો છે. ખ્રિસ્તી સમયના ચોથા સૈકામાં રોમન સમ્રાટ થિયોડોસિયસે અને સત્તરમા સૈકામાં મુગલ સમ્રાટ ઔરંગઝેબે કરેલી ભૂલ તમે કરી નથી. તમે હિન્દુ ધર્મને ભારતીય ગણરાજ્યનો સત્તાવાર ધર્મ બનાવ્યો નથી. તમે બિનસાંપ્રદાયિક શાસન સ્થાપ્યું છે જેમાં બધા ધર્મોના અનુયાયીઓ એકબીજા સાથે સમકક્ષાએ છે. હિન્દુ ધર્મ વધારે અધિકારી સ્થાન માગવાનો આગ્રહ કરવાથી અળગો રહ્યો છે અને આત્મત્યાગના આ કાર્યમાં, મારે કહેવું જોઈએ, કે તે પોતાની ભાવનાને નોંધપાત્ર રીતે વફાદાર રહ્યો છે.

જ્યારે હું તમારી સમક્ષ બોલી રહ્યો છું ત્યારે મારા માનસચક્ષુ સમક્ષ વિવિધ સ્મૃતિચિત્રો અંકિત થાય છે. એક માનસચિત્ર ૧૯૨૦ પછીના દાયકામાં પોલીશ નગર વોરસોના મુખ્ય ચોગાનનું છે. વોરસોમાં રશિયનોએ પોતે કરેલા પહેલા કબજાના સમય દરમિયાન (૧૮૧૪-૧૫) જે શહેર એક કાળે રોમન કેથોલિક ખ્રિસ્તી ધર્મ પાળતા પોલેન્ડ દેશનું પાટનગર હતું, તે શહેરમાં મધ્ય સ્થળે પૌરસ્ત્ય રૂઢિચુસ્ત ખ્રિસ્તી દેવળ બાંધ્યું. રશિયનો હવે આધિપત્ય ભોગવે છે એની પોલ પ્રજાને સતત યાદ આપવા માટે પ્રત્યક્ષ દર્શન તરીકે રશિયનોએ આ કર્યું. ૧૯૧૮માં પોલેન્ડે ફરી સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા પછી પોલ પ્રજાએ આ દેવળને જમીનદોસ્ત કર્યું. મારી મુલાકાતને આગલે દિવસે જ તોડવાનું કાર્ય પૂરું થયું હતું. એ રશિયન દેવળને તોડી પાડવા માટે પોલીશ સરકારને હું ઝાઝો દોષ દેતો નથી. જે હેતુને માટે રશિયનોએ એ દેવળ બાંધ્યું હતું તે ધાર્મિક ન હતો પણ રાજકીય હતો, અને તે પણ ઇરાદાપૂર્વકના અપમાનનો હતો. બીજી બાજુ ઔરંગઝેબે બંધાવેલી મસ્જિદો તોડી ન પાડવા બદલ હું ભારતની સરકારની ઘણી પ્રશંસા કરું છું, ખાસ કરીને તો હું બનારસના ઘાટો ઉપર આવેલી છે તે બે અને મથુરામાંની કૃષ્ણટેકરી પર છે તેનો ઉલ્લેખ કરું છું.

આ ત્રણે મસ્જિદો બાંધવા પાછળનો ઔરંગઝેબનો હેતુ પણ વોરસોના નગરકેન્દ્રમાં રૂઢિચુસ્ત દેવળ બાંધવા માટે રશિયનોને પ્રેરનારા ઇરાદાપૂર્વકના અપમાનના રાજકીય હેતુ જેવો જ હતો. હિન્દુઓના પવિત્રતમ ધર્મો ઉપર પણ ઇસ્લામી સરકાર ચક્રવર્તી શાસન ચલાવે છે એ દર્શાવવાને માટે આ મસ્જિદો બાંધવાનો હેતુ હતો. મારે કહેવું પડશે કે ઉશ્કેરણી કરે એવાં સ્થાનો શોધી

કાઢવાની અજબ બુદ્ધિ ઔરંગઝેબ ધરાવતો હતો. ઔરંગઝેબ અને સ્પેનના ફિલિપ બીજાની જોડી છે. તેઓ ખ્રિસ્તી–મુસ્લિમ–યહૂદી કુળના ધર્મોની ગ્લાનિ-પ્રેરક ઝનૂની વિચારસરણીના અવતારો હતા. ગેરરસ્તે દોરવાયલા ઔરંગઝેબે પોતાનો પરિશ્રમયુક્ત જીવનકાળ પોતાને અપયશ અપાવે એવી એવી સઘન ઇમારતો બાંધવા પાછળ ગાળ્યો. કદાચ પોલ પ્રજા રશિયનોનું આત્મકલંક લગાડનારું સ્મારક તોડી પાડવામાં, ઔરંગઝેબની મસ્જિદો જાળવી રાખવામાં તમે હતા, તે કરતાં વધારે દયાળુ હતી. ગમે તેમ, પણ મસ્જિદોની ધ્યાન ખેંચનારી હાજરીથી નુકસાન થાય છે તે તો ઔરંગઝેબને, નહિ કે જે પવિત્ર હિન્દુ ભૂમિ પર એ ઊભી કરવામાં આવી છે તેને.

મૌલાના આઝાદને ઔરંગઝેબના સમકાલીન થવાનું જો પ્રાપ્ત થયું હોત તો એઓ શહેનશાહને પોતાને અપયશ અપાવવા ઉપરાંત સામ્રાજ્યનો નાશ નોતરતી આ નીતિ ત્યાગવાનું સમજાવી શક્યા હોત કે કેમ તેની મને શંકા થાય છે. ઔરંગઝેબ 'ઉલેમા'નું ચોક્કસ સાંભળતો અને ઇસ્લામી ધર્મવિદ્યાની શાખાના ઉદારમતવાદી અને સંકુચિત માનસવાળા એમ બન્ને પ્રકારના પ્રતિ-નિધિઓ થયા છે. કમનસીબે ઔરંગઝેબે સાચા પ્રકારના 'ઉલેમા'ને બદલે ખોટા પ્રકારના 'ઉલેમા'નું કહ્યું કરવાનું પસંદ કર્યું.

ઔરંગઝેબની મસ્જિદો ભારતીય મુસ્લિમ શિલ્પની ધ્યાન ખેંચે એવી સુંદર કૃતિઓ નથી. પણ બધી જ મુગલ કૃતિઓનું ધોરણ ઊંચું છે. ભારતીય પુરાતત્ત્વખાતું જગવિખ્યાત મહાન કૃતિ તાજ અને આગ્રાના તેમ જ શાહજહાના-બાદના કિલ્લાઓની દેખભાળ જે મમતાપૂર્વકની કાળજીથી કરે છે તે મેં જોયું. માત્ર ઇસ્લામી જગત જ નહિ પણ સમગ્ર જગતે આ માટે ભારતનો આભાર માનવો જોઈએ. પણ જાહેર સ્મારકોની કાળજીપૂર્વકની જાળવણી જ્યારે તેમાં કંઈ પણ આંતરિક ભાવ ન હોય ત્યારે જેટલી યશપ્રદ હોય છે તેટલી તે અદ્‌ભુત રીતે સુંદર સ્મારકો હોય ત્યારે નથી બનતી. ભારતના બ્રિટિશ રાજ્યકર્તાઓ પોતાની ચંચલ સ્મૃતિને ચિરંજીવ કરવા પોતાની પાછળ સ્મારકો મૂકી જવાની પોતાના મુસ્લિમ પુરોગામીઓની નીતિને અનુસર્યા. તેમના કમનસીબે ભારત-માંના તેમના સમયની શૈલી મુગલ ન હતી; એ વિક્ટોરિયન ગોથિક હતી. મારા દેશજનોમાંથી કોઈને ભારતના જાહેર બાંધકામખાતાની નીતિ નક્કી કરવામાં કશું કહેવાનો અધિકાર હોય તો મને વહેમ જાય છે કે તેઓ ભારતના ઇતિહાસમાંના બ્રિટિશ સમયખંડનાં જંગલી સ્મૃતિચિહ્નોમાંનાં કેટલાંકને તોડી

પાડવાનો આગ્રહ જરૂર કરે. પણ ભારતના સત્તાવાળાઓ એવું નહિ કરે. હું જ્યાં સુધી જાણું છું ત્યાં સુધી તેઓ તાજ પ્રત્યે જેટલા કુમળા છે તેટલા જ આ બ્રિટિશ જંગાલિયત તરફ પણ છે. ભારતીય સહિષ્ણુતાના આ વિશિષ્ટ દાખલાએ દુઃખના અનુભવ સાથે પ્રશંસા કરવા મને પ્રેર્યો છે. ભારતમાંની તેમની હાજરીનું ચક્ષુગ્રાહ્ય સ્મારક, અલબત્ત, થવું જોઈએ એ બ્રિટિશોને પક્ષે સ્વીકારી શકાય એમ છે. પણ મારી દૃષ્ટિએ ભારતમાંનું ક્રિકેટ મેદાન મુંબઈના રેલવે સ્ટેશન કરતાં ઓછી મૂંઝવણમાં મૂકે એવી બ્રિટનની કાર્યનોંધ છે.

હું ધારું છું કે ભારત સાથેના સંબંધનાં ઊભાં રહેલાં આ ગોથિક સ્મારકોનું ભારતને માટે જરૂર કશુંક મૂલ્ય છે. તેઓ એકતામાં અસંખ્ય વિવિધતાનો વિચિત્ર પાસ આપે છે, જે ભારતની લાક્ષણિક સહિષ્ણુતાની લાક્ષણિક નીપજ છે. ગમે તેમ, પણ મને તો એક વાતની ખાત્રી છે. જે મુદ્દાની મેં ચર્ચા કર્યા કરી છે તેનું એક વાર પુનરાવર્તન કરવાની હું હિમ્મત કરીશ–જે યુગમાં યંત્રવિદ્યાએ ‘અંતરને ઘટાડી નાખ્યું છે’ તે યુગમાં આપણે જીવીએ છીએ. આ વસ્તુએ જગતની પ્રાદેશિક સંસ્કારિતાઓ, ધર્મો અને પ્રજાઓને હસ્તામલકવત્ બનેલાં અણુશસ્ત્રો સહિત એકબીજાની સામસામી આણી છે. ભૌતિક રીતે આપણે એકબીજાના પાડોશીઓ છીએ, પણ માનસિક રીતે આપણે એકબીજાથી અજાણ્યા છીએ. આપણે જ્યારે આટલા નજીક આવ્યા છીએ ત્યારે આપણી વિવિધતાથી આજે જેટલા સભાન છીએ તેટલા ક્યારે ય ન હતા. આપણે આના કેવા પ્રત્યાઘાતો પાડવાના છીએ? વિવિધતાના આ ભાનથી આપણે આપણને એકબીજાથી ડરતા અને એકબીજાને ધિક્કારતા કરી દેવાના છીએ? આમ થશે તો આપણે માટે એકબીજાની હસ્તી ભૂંસી નાંખવાનું નિરાશામય ભાવિ નિર્માયું હશે. અથવા આપણે એકબીજા સાથે કુટુંબ તરીકે રહેતાં શીખવાના છીએ? આપસના વિનાશનો એ જ એકમાત્ર વિકલ્પ છે. પણ આ ઊંચા પ્રકારની શાંતિની સિદ્ધિ પ્રાપ્ત કરવા આપણે માનવવારસાના વૈવિધ્યનું મૂલ્ય કરવું પડશે અને આપણે આપણા પાડોશીના આગળ પડતાં પ્રદાનોની માત્ર પ્રશંસા કરવાની નથી રહેતી. આપણે તો માનવપ્રજાના સર્વસામાન્ય ખજાનાના મૂલ્યવાન ભાગો તરીકે તેમને ચાહવાં પડશે. અને આપણા પાડોશીઓને પણ, અણુયુદ્ધથી ભૂંસાઈ જવાના જેઓ સમાન ભયમાં છે તેમને માનવકુટુંબના સભ્યો તરીકે ચાહવા પડશે. એ કારણે જ ભારતની એકતામાં વિવિધતાની સિદ્ધિ જગદ્વ્યાપી મહત્ત્વની છે.

મારે છેલ્લો એક મુદ્દો રજૂ કરવાનો છે. મારે મન તે બીજા કરતાં વધારે મહત્ત્વનો છે. ગાંધીજીને પુષ્કળ રોજિન્દુ કામ કરવું પડતું. અત્યારના સંજોગો હેઠળ કોઈ પણ મહાન ચળવળના નેતાનું આ જ ભાવિ છે. છતાં ગાંધીજી પોતાની વ્યવસાયી પ્રવૃત્તિઓમાં એટલા રોકાયલા નહોતા રહેતા કે જેથી તેઓ તે પ્રવૃત્તિઓમાંથી જરા વાર મુક્ત થઈ મનન માટે નિયમિત સમય ફાજલ ન પાડી શકે. જો આને એમણે ટેવ નહિ બનાવી હોત તો, હું ધારું છું કે એઓ પોતાનું કામ ચાલુ રાખી શક્યા ન હોત કારણ કે એમના અથાક આધ્યાત્મિક બળનું મૂળ મનનના આ સમયમાં હતું. આ મનનને માટે સમય ફાજલ પાડવામાં ગાંધીજી કેવળ પોતાને જ નહિ. પણ ભારતને પણ વફાદાર હતા. આ બાબત અંગેની એમની ટેવ ભારતીય પ્રણાલિકાની લાક્ષણિકતા રૂપ છે.

આજે ભારતીય પ્રજાજનોએ ઘણાં તાકીદનાં અને શ્રમદાયી વ્યવહારુ કાર્યો ચલાવવાનાં છે. દાખલા તરીકે, હું સમાજવિકાસ યોજનાને માટે આવશ્યક એવા વ્યવહારુ કાર્યભાગ વિશે વિચાર કરું છું. ભારતીય કૃષિસમાજના જીવનના આર્થિક ધોરણને ઊંચું લાવવાનું ધ્યેય ભૌતિકવાદી નથી. એ આધ્યાત્મિક અગત્યોમાંનું એક છે, કારણ આધ્યાત્મિક પ્રવૃત્તિને ચલાવી શકવા માટે એ જરૂરી છે પણ ગાંધીજીનો દાખલો દર્શાવે છે કે પોતાના આધ્યાત્મિક જીવનને જગતની ચિંતાઓથી ગૂંગળાવી દીધા સિવાય વ્યક્તિ માટે ભારે શ્રમવાળું વ્યવહારુ કાર્ય કરવાનું શક્ય છે. એથી વિશેષ ગાંધીજીએ દર્શાવ્યું છે કે આધ્યાત્મિક પ્રવૃત્તિ વ્યવહારપ્રવૃત્તિનો મૂળ ઝરો છે, અને આ પ્રેરણા એવી છે, જે વ્યવહારુ પ્રવૃત્તિને વિનાશક નહિ પણ ફલપ્રદ બનાવે છે.

હું માનું છું કે ભારતે આજે જગતને શીખવવાનો મહત્તમ પાઠ આ જ છે. પશ્ચિમના ખ્રિસ્તી જગતે પશ્ચિમી મધ્યયુગોમાં મનનના સદ્‌ગુણને કેટલેક અંશે સ્વીકાર્યો હતો અને આચરણમાં પણ મૂક્યો હતો. ત્યાર પછી અમે લગભગ આખી આધ્યાત્મિક કલાને ગુમાવી દીધી છે; અને અમારી ખોટ ગંભીર છે કારણ મનનની કલા ખરેખર જીવવાની કલાનું બીજું નામ છે. એટલે હવે અમે ભારત તરફ વળીએ છીએ. માનવને માનવ બનાવતી આધ્યાત્મિક બક્ષિસ હજી પણ ભારતના આત્માઓમાં જીવંત છે. જગતને એનાં ભારતીય ઉદાહરણો પૂરાં પાડવાનું ચાલુ જ રાખો. માનવપ્રજાને આત્મવિનાશમાંથી બચવાને બીજું કશું પણ એટલી મદદ કરી શકે એમ નથી.

આઝાદ સ્મારકવ્યાખ્યાનોની આ બીજી માળામાં સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા પ્રો. આર્નોલ્ડ ટોયન્બીએ સમગ્ર જગતમાં સંસ્કૃતિઓના ઉદ્ગમ અને પડતીના વિષયને અભ્યાસના વિશિષ્ટ ક્ષેત્ર તરીકે પસંદ કર્યો છે. એમાંથી એઓ પોતે શીખ્યા છે અને બીજાઓને પણ શીખવ્યું છે કે ઇતિહાસના પ્રારંભકાળથી માનવી સન્મુખ ઉપસ્થિત થયેલી સંજોગોની અસંખ્ય વિભિન્નતાઓ હોવા છતાં માનવીના અંતઃકરણનું મૂળભૂત ઐક્ય છે. માનવીનો ઇતિહાસ એ ભૌતિક વિશ્વ ઉપર વધતા જતા માનવચિત્તના આધિપત્યની કથા છે એવી આપણી સ્વયંસ્ફુરિત માન્યતાને પ્રોફેસર ટોયન્બીનો અભ્યાસ નવજીવન અર્પે છે.

પ્રોફેસર ટોયન્બીના જ્ઞાનનાં ઊંડાણ અને વ્યાપે એમના વાંચકોને ચકિત અને આનંદિત કર્યા છે. વળી વધારે મોટા માનવીય મૂલ્યવાળું તત્ત્વ જે છે તે માનવીએ સહજીવન માટે કરેલા પ્રયાસ પ્રત્યેનો એમનો સમભાવ. જગતની કલ્પનાજન્ય અને બૌદ્ધિક અખંડિતતાની આવશ્યકતા માટે એમણે કરેલી અરજની નિષ્ઠામાં લગભગ પયગંબરી રણકો છે.